Friday, 06 March 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦



જ્યારે તમે આત્મને શિક્ષણ આપો છો, ત્યારે આત્મા પર આત્મશાસ્ત્ર કરવું પડે છે.
- મહાત્મા ગાંધીજી

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः ॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષ: ૨૩ ● અંકઃ ૬૯ ● સંવત-૨૦૮૨ ફાગણ વદ ત્રીજ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD

## સંઘપ્રદેશના પ્રશાસક પ્રફુલભાઈ પટેલની દીવ મુલાકાત દરમિયાન તંત્રને સ્પષ્ટ નિર્દેશ

# દીવ જિલ્લાને કુપોષણ અને ટી.બી. મુક્ત બનાવવાનો નિર્ધાર

## દીવ જિલ્લાની સરદાર વલ્લભભાઈ પટેલ ગ્રામ પંચાયતના નવનિર્મિત અદ્યતન ભવન અને વણાંકબારાના ગોમતી માતા ખાતે બે નવનિર્મિત નંદઘરોનું ઉદ્‌ઘાટન અને લોકાર્પણ કરતા પ્રશાસક પ્રફુલભાઈ પટેલ

**દમણ હેડ ક્વાર્ટરથી ૭૦૦ કિલોમીટર દૂર આવેલા દીવની પ્રશાસકશ્રી દ્વારા લેવાતી નિયમિત મુલાકાતથી અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોમાં પણ રહેતી સજાગતાઃ જિલ્લાના વિકાસના કામોમાં ગતિશીલતા જ નથી આવતી, પરંતુ લોકોના જીવન-ધોરણમાં પણ મહત્ત્વનું પરિવર્તન લાવનારી બની રહે છે મુલાકાત**



















(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**દીવ, તા.૦૫**

સંઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલે આજે પોતાની દીવ મુલાકાત દરમિયાન નવનિર્મિત અદ્યતન ગ્રામ પંચાયત કાર્યાલય અને બે નંદઘરોનું ઉદ્‌ઘાટન અને લોકાર્પણ કર્યું હતું. તેમણે અન્ય વિકાસ કામોની પ્રગતિની સમીક્ષા પણ કરી હતી.

સંઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલે વણાંકબારાના ગોમતી માતા ખાતે નવનિર્મિત બે નંદઘરો અને સરદાર વલ્લભભાઈ પટેલ ગ્રામ પંચાયતના નવનિર્મિત અદ્યતન ભવનનું લોકાર્પણ અને ઉદ્‌ઘાટન કર્યું હતું. તેમણે આંગણવાડી શિક્ષકો અને સહાયકો સાથે પણ વાતચીત કરી હતી.

સંઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલે દીવ જિલ્લામાં એક પણ કુપોષિત બાળક અને લોહીમાં લોહતત્ત્વની કમી ધરાવતી પાંડુરોગ ગ્રસ્ત મહિલા નહિ હોવી જોઈએ તેની તકેદારી લેવા પણ જિલ્લા તંત્રને અનુરોધ કર્યો હતો. તેમણે દીવ જિલ્લાને સંપૂર્ણ રીતે ટી.બી.મુક્ત રાખવા પણ તંત્રને નિર્દેશ આપ્યો હતો. સંઘપ્રદેશના પ્રશાસકશ્રીએ નંદઘર આંગણવાડીની બહેનોને બાળકોને પસંદ પડે તેવા પૌષ્ટિક વ્યંજનો બનાવવા અને આંગણવાડીઓ વચ્ચે તેની સ્પર્ધા કરવા પણ જિલ્લા તંત્રને દિશા-નિર્દેશો આપ્યા હતા.


સંઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલે મલાલા-નાગવા રોડ એલાઈમેન્ટ, એનેક્ષી સરકિટ હાઉસ અને જલંધર સરકિટ હાઉસના વિસ્તરણનું પણ નિરીક્ષણ કર્યું હતું. તેમણે ચંદ્રિકા માતા જંકશનથી ખુકરી સુધી પ્રોમિનાડ રોડ, સેન્ટ અસીસી ચર્ચ અને દીવ હોસ્પિટલનું પણ નિરીક્ષણ કરી જરૂરી દિશા-નિર્દેશો આપ્યા હતા.

સંઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલની દમણ હેડ ક્વાર્ટરથી ૭૦૦ કિલોમીટર દૂર આવેલા દીવની નિયમિત મુલાકાતથી અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોમાં પણ સજાગતા રહે છે. દીવના લોકો પણ પ્રશાસકશ્રીની મુલાકાત માટે ઉત્સુક રહેતા હોય છે. તેથી પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલની દીવ મુલાકાત ફક્ત વિકાસના કામોમાં ગતિશીલતા જ નથી લાવતી, પરંતુ લોકોના જીવન-ધોરણમાં પણ મહત્ત્વનું પરિવર્તન લાવનારી બનતી રહે છે.


## 'સંગિની મહિલા મંડળ'ની સભ્ય અંજૂબેન ભવરના હસ્તે

# દૂધની પંચાયતના ઘોડબારી પટેલપાડામાં ''અંજૂ વારલી આર્ટ ગેલેરી''નું ઉદ્‌ઘાટન કરાયું






**''અંજૂ વારલી આર્ટ ગેલેરી''ની સ્થાપનાનો ઉદ્દેશ્ય ટકાઉ આજીવિકાની તકોને પ્રોત્સાહન આપવા, વારલી કળા તથા પરંપરાઓની સમૃદ્ધ સાંસ્કૃતિક વિરાસતનું સંરક્ષણ અને પ્રદર્શન કરવા સાથે સ્થાનિક મહિલા કારીગરો અને સ્વયં સહાયતા સમૂહની સભ્ય બહેનોને સશક્ત બનાવવા, રોજગારની તકોનું સર્જન કરવા કૌશલ્ય સુદૃઢ કરવા અને આવકમાં વધારો કરવા એક સશક્ત મંચ પુરો પાડવાનો છે**



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**સેલવાસ, તા.૦૫**

પંડિત દીનદયાળ અંત્યોદય યોજના-રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન(DAY-NRLM) અંતર્ગત મહિલા સ્વયં સહાયતા સમૂહો(SHG)ના સશક્તિકરણ અને આજીવિકા સંવર્ધનના ઉપક્રમમાં દૂધની પંચાયતના ઘોડબારી સ્થિત પટેલપાડામાં ''અંજૂ વારલી આર્ટ ગેલેરી''ના ઉદ્‌ઘાટન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ગેલેરીનું ઉદ્‌ઘાટન 'સંગિની મહિલા મંડળ'ની સભ્ય શ્રીમતી અંજૂબેન વિનુભાઈ ભવરના હસ્તે કરવામાં આવ્યું હતું.

- (વધુ પાના નં.૨ પર)

# સંઘપ્રદેશ પ્રશાસન દ્વારા 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ'ની ઉજવણી કરાશે

## ભારતીય રમત-ગમત સત્તામંડળના સહયોગથી દમણ અને ખાનવેલમાં મહિલાઓ માટે વિવિધ રમત-ગમત સ્પર્ધાઓનું આયોજન

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**સેલવાસ, તા.૦૫:** ૦૮મી માર્ચના રોજ 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ' નિમિત્તે, કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવમાં મોટા પાયે તેની ઉજવણી માટે પ્રશાસન દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

આ સંદર્ભમાં, ભારત સરકારના યુવા બાબતો અને રમત-ગમત મંત્રાલયના સચિવશ્રીએ એક અર્ધ-સત્તાવાર પત્ર જારી કરીને તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને ૮મી માર્ચે 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ'ના રોજ મહિલાઓના સન્માનમાં ખાસ રમતો અને અન્ય કાર્યક્રમોનું આયોજન કરવા વિનંતી કરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રમતો મહિલાઓના આરોગ્ય, તંદુરસ્તી અને સુખાકારીમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે અને મહિલા સશક્તિકરણના અસરકારક માધ્યમ તરીકે સેવા આપે છે. જેના ઉપલક્ષમાં રમતઅગમત અને યુવા બાબતો વિભાગના સચિવ ડૉ. અરુણ ટી.ના માર્ગદર્શન હેઠળ અને રમત-ગમત અને યુવા બાબતો વિભાગના નિયામક શ્રી અરુણ ગુપ્તાના માર્ગદર્શન હેઠળ

- (વધુ પાના નં.૨ પર)




## સુવિચાર - સદ્‌વિચાર

જીવનમાં સાચા સંબંધો જ સાચી ખુશી લાવે છે.

## કવિતા-ભજન-પદ-ગરબા

### વરતન જોઈ વસ્તુ વો'રીએ

વરતન જોઈ વસ્તુ વો'રીએ
એમાં અવગુણ ના'વે નાથજી.

દીપક વિનાના મંદિર કૈસા?
કૈસે ત્રાટી કું તાળાં?
કિરિયા વિનાના જોગી કૈસા,
જૈસે નીર ભરિયલ ખારાં... વરતન૦

કાચે ઘડે મેં નીર ક્યૂં રે'વે?
ક્યૂં રે'વે કાગજ મેં પારા?
બગલે મોતીડે કું ક્યા કરે?
મોતી હંસ કેરા ચારા... વરતન૦

અંધલે અરીસે હું ક્યા કરે?
ક્યા કરે મૂરખ કું માળા?
કાફર તસ્બી હું ક્યા કરે?
ઘટડે મેં ઘોર અંધેરા... વરતન૦

વિના રે ફરજંદ કૈસી માવડી?
કૈસે પાવે કું પાના?
દાસ 'ડુંગરપુરી' બોલિયા,
સતગુરુ સાચા પરવાના... વરતન૦

- ડુંગરપુરી

## આજની જોક

પપ્પુ જલેબી વેચતો હતો, પણ કહેતો હતો
બટાકા લો, બટાકા લો...
વટેમાર્ગુ - પણ આ જલેબી છે
પપ્પુ - ચૂપ! નહિંતર માખીઓ આવશે.

## કબીર વાણી

**આરે પારે જો રહા, જીતા પીસે**
**ખુંટ પકડકે જો રહે, તાકો પીસ શકે ન કોય.**


**- અર્થાત-**

એ ઘંટીના બે પડ વચ્ચે દાણા આવે છે તેઓ બધા દળાઈ બારીક આટો થઈ જાય છે. પણ જે દાણો ઘંટીનાં ખીલને પકડીને બેઠો હોય, તેને તે ઘંટી પીસી શકતી નથી; અર્થાત-આ જગતના ચક્રાવામાં રહેલા અને માયામાં રમી રહેલા માણસો બધાં કાળને હાથે માર્યાં જાય છે. પણ જે તેના મધ્યબિંદુમાં રહે છે યાને ઈશ્વરી માર્ગ પકડી રાખે છે તેને કાળ કદીએ મારી શકતો નથી.

## આજનો દિન વિશેષ

### ચુની લાલ

નાયબ સુબેદાર ચુની લાલ AC, VrC, SM એ જમ્મુ અને કાશ્મીર લાઈટ ઈન્ફન્ટ્રી (8 JAK LI) ના ભારતીય સૈનિક હતા.



તેનો જન્મ ભાદરવાહમાં થયો હતો, અને મૂળભૂત રીતે ગાંધારી પદરથી અને જમ્મુના ડોડા જિલ્લામાં માતા-પિતા શંકર દાસ અને શકુંતલા દેવી સાથે ભારા ગામમાં રહેતા હતા. વીર ચક્ર અને સેના મેડલ (શૌર્ય), JC-593527થી સુશોભિત, લાલ ૨૪ જૂન ૨૦૦૭ ના રોજ કાશ્મીરના કુપવાડા સેક્ટરમાં આતંકવાદી ફલશ-આઉટ ઓપરેશનમાં માર્યા ગયા હતા. આ આતંકવાદીઓ, જે તમામને પણ ઠાર કરવામાં આવ્યા હતા, તેઓ નિયંત્રણ રેખા (એલઓસી) પાર કરીને ભારતીય ક્ષેત્રમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યા હતા. આ આતંકવાદી ફલશ-આઉટ ઓપરેશનની સફળતાએ, જેણે તેમના જીવનનો દાવો કર્યો, તેમને યુદ્ધના મેદાનથી દૂર બહાદુરી, બહાદુરીપૂર્ણ કાર્યવાહી અથવા આત્મ-બલિદાન માટે આપવામાં આવતો સર્વોચ્ચ શાંતિ સમયનો લશ્કરી શણગાર, અશોક ચક્ર મેળવ્યું. તેઓ સર્વકાલીન ભારતીય સેનાના સર્વોચ્ચ સુશોભિત સૈનિક છે, જેને સેના મેડલ, વીર ચક્ર અને અશોક ચક્રથી સન્માનિત કરવામાં આવ્યા છે.

## આજનો પ્રવાસ :મથુરા

મથુરા એ ભારતના ઉત્તરપ્રદેશ રાજ્યમાં મથુરા જિલ્લાનું એક શહેર અને વહીવટી મુખ્ય મથક છે. તે દિલ્હીથી ૧૬૨ કિલોમીટર (૧૦૧ માઈલ) દક્ષિણ-પૂર્વમાં આવેલું છે; અને વૃંદાવન શહેરથી લગભગ ૧૫ કિલોમીટર (૯.૩ માઈલ) દૂર આવેલું છે. પ્રાચીન સમયમાં, મથુરા એક આર્થિક કેન્દ્ર હતું, જે મહત્વપૂર્ણ કાફલા માર્ગોના જંકશન પર સ્થિત હતું.૨૦૧૧ની ભારતની વસ્તી ગણતરીમાં મથુરાની વસ્તી ૪૪૧,૮૯૪ હોવાનો અંદાજ હતો.

હિન્દુ ધર્મમાં, કૃષ્ણનું જન્મસ્થળ, જે તે ધર્મના મુખ્ય દેવતાઓમાંના એક છે, તે મથુરામાં કૃષ્ણ જન્મસ્થાન મંદિર સંકુલમાં સ્થિત હોવાનું માનવામાં આવે છે. તે સપ્ત પુરીમાંનું એક છે, જે હિન્દુઓ દ્વારા પવિત્ર માનવામાં આવતા સાત શહેરો છે, જેને મોક્ષદાયની તીર્થ પણ કહેવામાં આવે છે. કેશવ દેવ મંદિર પ્રાચીન સમયમાં કૃષ્ણના જન્મસ્થળ (ભૂગર્ભ જેલ)ના સ્થળે બનાવવામાં આવ્યું હતું. મથુરા કૃષ્ણના મામા કંસ દ્વારા શાસિત સુરસેન રાજ્યની રાજધાની હતી. મથુરા કૃષ્ણ સર્કિટનો ભાગ છે (મથુરા, વૃંદાવન, બરસાણા, ગોવર્ધન, કુરુક્ષેત્ર, દ્વારકા અને ભાલકા). દર વર્ષે મથુરામાં કૃષ્ણ જન્માષ્ટમી ઉજવવામાં આવે છે.ભારત સરકારની હેરિટેજ સિટી ડેવલપમેન્ટ અને ઓગમેન્ટેશન યોજના યોજના માટે મથુરાને હેરિટેજ શહેરોમાંના એક તરીકે પસંદ કરવામાં આવ્યું છે.

ઈતિહાસ : પરંપરાગત રીતે એવું માનવામાં આવે છે કે મહુવનના સ્થળે યાદવ લવણનો વધ કર્યા પછી શત્રુઘ્ન દ્વારા તેની સ્થાપના કરવામાં આવી હતી. રામાયણ અનુસાર તેની સ્થાપના મધુ (યદુ જાતિના એક માણસ) દ્વારા કરવામાં આવી હતી. પાછળથી મધુના પુત્ર લવણસુરને શત્રુઘ્ન દ્વારા હરાવવામાં આવ્યો હતો.

# સંજાણ રેલવે સ્ટેશન પાસે અન્ડરપાસની કામગીરી ઝડપી બનાવવા સાંસદ ધવલ પટેલની રજૂઆત

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા. ૦૫**

વલસાડ-ડાંગ લોકસભા બેઠકના સાંસદ અને લોકસભા વ્હીપ શ્રી ધવલભાઈ પટેલે સંજાણ રેલવે સ્ટેશન નજીક લેવલ ક્રોસિંગ-૬૮ (LC-68) પર બની રહેલા અન્ડરપાસના કામમાં થઈ રહેલા વિલંબ અંગે ગંભીરતા દાખવી છે. તેમણે પશ્ચિમ રેલવેના મુંબઈ સેન્ટ્રલ ડિવિઝનના ડિવિઝનલ રેલવે મેનેજર (DRM)ને પત્ર લખીને ગર્ડર લોન્ચિંગ માટે તાકીદે 'ટ્રાફિક બ્લોક' આપવા માંગ કરી છે



**જાહેર સુવિધા અને સુરક્ષા માટે પ્રોજેક્ટ મહત્વનો :** સાંસદ શ્રી ધવલભાઈ પટેલે રેલવે તંત્રનું ધ્યાન દોરતા જણાવ્યું હતું કે, સંજાણ રેલવે સ્ટેશન પાસે આવેલા અન્ડરપાસનું કામ વાહનવ્યવહારની સુગમતા અને સુરક્ષા માટે અત્યંત જરૂરી છે. આ અન્ડરપાસ તૈયાર થવાથી લેવલ ક્રોસિંગ નાબૂદ થશે, જેનાથી અકસ્માતોની શક્યતા ઘટશે અને ટ્રાફિકની સમસ્યામાં પણ રાહત મળશે

**ટ્રાફિક બ્લોકના અભાવે કામમાં વિલંબ :** પત્રમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે,અન્ડરપાસ માટે જરૂરી ગર્ડર ઈન્સ્ટોલેશનની કામગીરી લાંબા સમયથી પેન્ડિંગ છે. રેલવે તરફથી જરૂરી 'ટ્રાફિક બ્લોક'(ટ્રેનોની અવરજવર રોકીને કરવામાં આવતું કામ) ફાળવવામાં ન આવતા આ મહત્વકાંક્ષી પ્રોજેક્ટ અટવાયો છે. આ વિલંબને કારણે સ્થાનિક રહેવાસીઓ અને રોજિંદા મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે

**લોકહિતમાં ઝડપી કામગીરીની માંગ :** સાંસદશ્રી પટેલે ભારપૂર્વક જણાવ્યું હતુ કે, પાયાની માળખાગત સુવિધામાં થઈ રહેલો આ વિલંબ સીધી રીતે જાહેર જનતાની સલામતીને અસર કરી રહ્યો છે. તેમણે રેલવે તંત્રને વિનંતી કરી છે કે વહેલી તકે જરૂરી મંજૂરી આપી ગર્ડર લોન્ચિંગનું કામ પૂર્ણ કરવામાં આવે, જેથી અન્ડરપાસ જલ્દીથી શરૂ થઈ શકે અને જનતાને તેનો લાભ મળે.

### ચીખલી તાલુકાના વંકાલમાં સ્થાનિક યુવા ક્રિકેટરો દ્વારા આયોજિત

# વંકાલ પ્રીમિયર લિગ ક્રિકેટ ટુર્નામેન્ટમાં યશ્વી ઈલેવન ચેમ્પિયન, આરવી.ઈલેવન રનર્સઅપ રહી






તસવીર : દિપક સોલંકી, ચીખલી વંકાલ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી (વંકાલ), તા.૦૫**

વંકાલ ગામે મુખ્યમાર્ગ સ્થિત લીલાછમ ક્રિકેટના મેદાનમાં ગામના યુવાનો દ્વારા આયોજિત વંકાલ પ્રીમિયર લિગ યોજાતા જેમાં હોળી-ધુળેટીના પર્વ દરમિયાન ત્રણ દિવસ સુધી રમાયેલ ક્રિકેટ ટુર્નામેન્ટમાં કંઠ ઈલેવન, રિયા-દિયા ઈલેવન, આરવી અજય ઈલેવન, શ્રીજી કૃપા ઈલેવન, આર્યા ઈલેવન, ટાયગર ઈલેવન, યસ્વી ઈલેવન, પ્રિયાન ઈલેવન સહિત આઠ જેટલી ટીમોએ ભાગ લીધો હતો.

આ ટુર્નામેન્ટની ફાઈનલમાં નિર્ધારિત આઠ ઓવરમાં આરવી ઈલેવનના ૫૭ રનનો ટાર્ગેટ યશ્વી ઈલેવને પાંચ વિકેટે પર કરી ચેમ્પિયન બનતા તેમની ટીમ અને સમર્થકો ડીજે સંગીતના તાલે ઝૂમી ઊઠ્યા હતા. અંતે આ ટુર્નામેન્ટના ઉદ્‌ઘાટક એવા નવસારી જિલ્લા ભાજપ કિસાન મોરચાના શ્રી દીપકભાઈ સોલંકી તથા શ્રી પરેશભાઈના હસ્તે બંને ટીમોના કપ્તાનને રોકડ ઈનામ તથા ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. જ્યારે મેન ઓફ ધ સિરીઝ જાહેર કરાયેલ ક્રિકેટર શ્રી શૈલેષભાઈને ગામના શ્રી કમલેશભાઈ તરફથી સાયકલ આપવામાં આવી હતી.

વંકાલ ગામે હોળી ધુળેટીના પર્વ દરમિયાન સતત ત્રણ દિવસ સ્થાનિક હજારો ક્રિકેટ રસિકોએ મનભરીને માણી હતી. ભાજપ અગ્રણી શ્રી દીપકભાઈ સોલંકીએ ટુર્નામેન્ટના સફળ આયોજન માટે ગામના યુવા ક્રિકેટરોને બિરદાવ્યા હતા.

### દીવ ખાતે કોળી વાડા હાંડી ગ્રુપ દ્વારા

# હોળી ધુળેટીનો ભવ્ય ઉત્સવ ઉજવાયો હોળી નિમિત્તે મટકી ફોડવાનું પણ આયોજન થયું



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૦૫**

કેન્દ્ર શાસિત પ્રદેશ દીવના કોળી વાડા વિસ્તારમાં દર વર્ષેની જેમ આ વર્ષે પણ હોળી ધુળેટીની ઉજવણીની સાથે મટકી ફોડવાનો પણ કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો.

દીવના વિવિધ વિસ્તારના લોકો આ હોળી ઉત્સવમાં જોડાયા હતા. આશરે છેલ્લા ૧૦ વર્ષથી અહી ઉત્સવ ધામધૂમથી અને ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવે છે, આ વર્ષે પણ ભાઈઓ તથા બહેનો ગરબા તથા ડાન્ડીયાની રમઝટ બોલાવી ત્યારબાદ ડાન્સ તથા કલરથી રંગે રંગાયા અને ભવ્ય હોળી ઉત્સવ ઉજવ્યો, દર વર્ષે આ ઉત્સવને લંડનમાં વસવાટ કરતા અને મૂળ દીવ જિલ્લાના રહેવાસીઓ સ્પોન્સર કરે છે, આ વર્ષે પણ લંડન નિવાસીઓની સાથે સાથે દીવના સ્થાનિક લોકોનો પણ ભરપૂર સહયોગ રહ્યો હતો.આ હોળી ઉત્સવમાં નાના-મોટા વડીલો ભાઈ-બહેનો જોડાયા હતા અને ખુબજ ઉત્સાહ અને ઉમંગ સાથે ધુળેટી નિમિતે મટકી ફોડી પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું.

**(પહેલાં પાનાનું ચાલુ)**

**સંઘપ્રદેશ પ્રશાસન દ્વારા...**

દમણ અને ખાનવેલમાં મહિલાઓ માટે વિવિધ રમત-ગમત સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ભારતીય રમત-ગમત સત્તામંડળ પણ આ કાર્યક્રમ માટે સહયોગ આપી રહ્યું છે.

૮ માર્ચ, ૨૦૨૬ના રોજ સવારે ૭:૩૦ વાગ્યાથી શરૂ થતાં, દમણમાં રમત-ગમત અને યુવા બાબતો વિભાગના મોટી દમણ કેમ્પસમાં મહિલા ચેસ, કેરમ (સિંગલ્સ અને ડબલ્સ), યોગ અને કરાટે સ્પર્ધાઓ યોજાશે. કરાટે સ્પર્ધા વિવિધ વજન શ્રેણીઓમાં યોજાશે. વધુમાં, ૧૦૦ મીટર દોડ અને શોટ પુટ સ્પર્ધાઓ મોટી દમણના ડીએમસી ફૂટબોલ ગ્રાઉન્ડ ખાતે યોજાશે. તેવી જ રીતે, વોલીબોલ સ્પર્ધા ખેલો ઈન્ડિયા સેન્ટર, સ્વામી વિવેકાનંદ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, નાની દમણ ખાતે અને ફૂટબોલ સ્પર્ધા ખેલો ઈન્ડિયા સેન્ટર, ખાનવેલ ખાતે યોજાશે. અંડર-૧૪, અંડર-૧૭, અંડર-૨૦ અને ઓપન કેટેગરીમાં મહિલા સ્પર્ધકો આ સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે પાત્ર રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મહિલાઓના સર્વાંગી વિકાસ અને સશક્તિકરણ માટે અનેક મહત્ત્વપૂર્ણ પગલાં લીધાં છે. તેમના નેતૃત્વમાં, દેશભરની મહિલાઓ વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી રહી છે અને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતનું ગૌરવ વધારી રહી છે.

રમત-ગમત અને યુવા બાબતો વિભાગ મહિલાઓને 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ' નિમિત્તે આયોજિત આ રમત-ગમત સ્પર્ધાઓમાં મોટી સંખ્યામાં ભાગ લેવા અપીલ કરી રહ્યું છે જેથી આ કાર્યક્રમને સફળ બનાવી શકાય. આ સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે કોઈ પ્રવેશ ફી નથી. આ રમત-ગમત કાર્યક્રમોનો મુખ્ય ઉદ્દેશ્ય મહિલાઓને ફિટ રહેવા માટે પ્રેરણા આપવાનો અને તેમને સમાજ અને દેશને સ્વસ્થ અને ફિટ બનાવવાના અભિયાન સાથે જોડવાનો છે.

### ખેરગામ પોલીસ મથકના તાબામાં રહેલા

# ચીખલી તાલુકાના ૧૫ જેટલા ગામોને ફરી ચીખલી પોલીસ મથકમાં સમાવેશ કરાયો

**ચીખલી પોલીસ મથકનો કાર્યભાર વધતા પૂરતું મહેકમ ફાળવવામાં આવેની થઈ રહેલી ચર્ચા**




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી,(વંકાલ), તા.૦૫**

ખેરગામ પોલીસ મથકના તાબામાં ચીખલી તાલુકાના ૧૫ જેટલા ગામોને ફરી ચીખલી પોલીસ મથકમાં સમાવેશ કરવામાં આવ્યો છે, ચીખલી પોલીસ મથકનો કાર્યભાર વધ્યો છે, ત્યારે પૂરતું મહેકમ ફાળવવામાં આવેની અંદરો અંદર ચર્ચાઓ ઉઠવા પામી છે.

ચીખલી તાલુકાનું વિભાજન થવા સાથે ૨૦૧૪માં ખેરગામ તાલુકો અસ્તિત્વમાં આવ્યા બાદ ખેરગામની આજુબાજુના ચીખલી તાલુકાના રૂમલા, ઘેજ, માંડવખડક સહિતના ૧૫-જેટલા ગામોમાં કાયદો વ્યવસ્થા જાળવવાની કામગીરી ગૃહ વિભાગ દ્વારા ખેરગામ પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવી હતી. જેમાં ઘણીવાર સુલેહ-શાંતિના ભંગના કિસ્સામાં ખેરગામ પોલીસ સ્ટેશનમાં હાજર થયા બાદ તાલુકો ચીખલી હોવાથી ખેરગામથી ચીખલી મામલતદાર સમક્ષ રજૂ કરવા પડતાં લોકોને ભારે હાલાકી પડી રહી હતી.

ઉપરોક્ત સ્થિતિમાં ચીખલી તાલુકાના કેટલા ગામના આગેવાનો દ્વારા ઘણા વર્ષથી ખેરગામના સ્થાને ચીખલી પોલીસ મથકમાં જ સમાવેશ કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી રહી હતી.

આ દરમિયાન હાલે ગૃહ વિભાગ દ્વારા ચીખલી તાલુકાના રૂમલા ચોકીના રૂમલા, અગાસી, માંડવખડક, આંબાપાડ, પ્રધાનપાડા, સિયાદા, વેલણપુર, ધોડવણી, ગોડથલ, મિયાંઝરી, મોગરાવાડી, ઢોલુમ્બર, ઘેજ, ચરી સહિતના ૧૫ જેટલા ગામોનો હવે ચીખલી પોલીસ મથકમાં સમાવેશ કરવામાં આવતા હવે આ ગામોમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવાનું કામ ચીખલી પોલીસ મથક દ્વારા કરવામાં આવશે.

જોકે, ચીખલી પોલીસ મથકમાં હવે વધીને ૭૧જેટલા ચીખલી તાલુકાના તમામ ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ત્યારે હવે વધેલા કાર્યભરની સામે પૂરતુ મહેકમ પણ ફાળવવામાં આવે તે જરૂરી છે.

# ચીખલી બજારમાં હોર્ન મારવા છતાં સાઈડ નહી આપતા મોપેડ સવારે ટેમ્પો ચાલકને માર્યો

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી,(વંકાલ), તા.૦૫**



ચીખલી બજાર વિસ્તારના ભીડભાડ વાળા રોડ પર અવાર નવાર હોર્ન મારવા છતાં સાઈડ નહી આપવાની નજીવી બાબતે મોપેડ સવારનો પીત્તો જતા મલિયાધરા ખરેરા નદીના પુલ પર ટોળા પાસે ઘેરાવો કરાવી લાકડાથી ટેમ્પા ચાલકને માર મારતા સારવાર લેવાની નોબત આવી હતી.ઈજાગ્રસ્ત ટેમ્પા ચાલક દ્વારા લેખિત અરજી આપવા ઉપરાંત માર મારવાનો વિડીયો વાયરલ થયા બાદ પોલીસ દ્વારા ગુનો દાખલ નહી કરવામાં આવતા અસામાજિક તત્વોને મોકળુ મેદાન મળી રહ્યું છે.

રવિવારના રોજ વલસાડ-અટગામનો આઈસર ટેમ્પાનો ચાલક ધવલભાઈ આહીર બીલીમોરથી માલસામાન ભરી અટગામ તરફ જઈ રહ્યો હતો. તે દરમિયાન ચીખલીમાં તલાવચોરા રોડ પર ભીડભાડ વાળા વિસ્તારમાં મોપેડ સવાર વારંવાર હોર્ન વગાડતો હતો. પરંતુ સાઈડ ન આપી શકાતા આગળ જઈને ઉભી રાખી દાદાગીરી કરી ગાડી કેવી ચલાવે છે. તેમ દમ મારી આગળ સાઈડમાં દબાવવાનું જણાવતા ટેમ્પા ચાલકે આગળ જઈ ટેમ્પો ઉભી રાખ્યો હતો. પરંતુ આ મોપેડ સવાર ત્યાં ઉભી રહ્યો ન હતો.

બાદમાં અટગામ રોડ સ્થિત મલિયાધરા સ્થિત ખરેરા નદીના પુલ પર અંદાજે પંદરેક જેટલા લોકોના ટોળાએ ટેમ્પાને ઘેરી લીધો હતો અને હાથમાં પથ્થર, લાકડા હોય ટેમ્પા પર ઇંટ મારી ચાલક ધવલભાઈ ઉતરતાની સાથે જ તેને લાકડાના ફાટકા મારવાનું શરૂ કરી માર માર્યો હતો. આમ જાહેરમાં લુખ્ખા તત્વોએ કાયદો-વ્યવસ્થાના ધજાગરા ઉડાડી ચાલકને માર મારતા તેને હાથમાં ફેક્ચર થતા સારવાર લેવાની નોબત આવી હતી.

### ટેમ્પો ડ્રાઈવરને જાહેરમાં લાકડાથી મારનારને પોલીસ શું કરશે?

**ચીખલી પોલીસે છેલ્લા દિવસોમાં જાહેરમાં લાકડા લઈને ફરનારાઓ સામે જાહેરનામા ભંગના ત્રણ જેટલા ગુના દાખલ કર્યા હતા. ત્યારે ઉપરોક્ત જાહેરમાં લાકડાથી માર મારવાના બનાવમાં લેખિત રજુઆત અને વીડિયો વાયરલ થવા છતાં પણ ગુનો નોંધ્યો નથી. ત્યારે પોલીસના આવા બેવડા ધારા ધોરણને પગલે જ પોલીસનો હાવ ધાક અસામાજિક તત્વો પર રહેતો નથી અને જેમાં વેઠવાનું આમ લોકોએ જ આવતું હોય છે.**

# પશ્ચિમ બંગાળના રાજકારણમાં મોટી નવાજૂની:ચૂંટણી પહેલા જ રાજ્યપાલ સીવી આનંદ બોસે રાજીનામું આપ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૦૫**

પશ્ચિમ બંગાળમાં ટૂંક સમયમાં વિધાનસભા ચૂંટણી યોજાવાની છે. જોકે ચૂંટણી યોજાય તે પહેલા જ અહીંના રાજકારણમાં એક મોટો ઘટનાક્રમ સામે આવ્યો છે.

અહીંના રાજ્યપાલ સીવી આનંદ બોસે અચાનક પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. તેમના આ નિર્ણયને લઈને પશ્ચિમ બંગાળના રાજકારણમાં ગરમાવો જોવા મળી રહ્યો છે. કારણ કે બરાબર ચૂંટણી પહેલા જ રાજ્યપાલ દ્વારા પોતાનું પદ છોડી દેવામાં આવ્યું, જેથી આ ઘટનાક્રમને મહત્ત્વનો માનવામાં આવી રહ્યો છે.

**સીવી આનંદ બોસે ૧૭ નવેમ્બર ૨૦૨૨ના રોજ પશ્ચિમ બંગાળના રાજ્યપાલ તરીકે કાર્યભાર સંભાળ્યો હતો.** તેમણે ૫ માર્ચે સાંજે ૫ વાગ્યાની આસપાસ રાજીનામું આપ્યું હોવાની માહિતી સામે આવી છે. હાલ તેઓ દિલ્હીમાં છે અને તેમણે રાજીનામું કેમ આપ્યું છે તેને લઈને હજુ કોઈ સત્તાવાર કારણ સામે નથી આવી શક્યું.

**(પહેલાં પાનાનું ચાલુ)**

**દૂધની પંચાયતના ઘોડબારી...**

આ ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં જિલ્લા પંચાયત, દાદરા નગર હવેલીના વિકાસ અને આયોજન અધિકારી (DPO) શ્રી પંકજસિંહ પરમાર, દૂધની ગ્રામ પંચાયતના સરપંચ શ્રી સુનિલભાઈ ખાંજોડિયા, એનઆરએલએમ સ્ટાફ શ્રી સચિન યાદવ, શ્રી વિશ્વજીત જાદવ, સુશ્રી નિલાક્ષી મેકવાન અને ક્લસ્ટર કો-ઓર્ડિનેટરો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનો ઉદ્દેશ્ય ટકાઉ આજીવિકાની તકોને પ્રોત્સાહન આપવા અને વારલી કળા તથા પરંપરાઓની સમૃદ્ધ સાંસ્કૃતિક વિરાસતનું સંરક્ષણ અને પ્રદર્શન કરવાનો છે. આ પહેલ સ્થાનિક મહિલા કારીગરો અને સ્વયં સહાયતા સમૂહની સભ્ય બહેનોને સશક્ત બનાવવા, રોજગારની તકોનું સર્જન કરવા કૌશલ્ય સુદૃઢ કરવા અને આવકમાં વધારો કરવા એક સશક્ત મંચ પુરો પાડવાની દિશામાં મહત્ત્વપૂર્ણ પગલું છે. આ માત્ર ઉત્પાદન અને તાલીમ કેન્દ્રના રૂપમાં જ નહીં, પરંતુ એક સાંસ્કૃતિક શિક્ષણ સ્થળના રૂપમાં પણ કાર્ય કરશે, જ્યાં પ્રવાસીઓ અને વિદ્યાર્થીઓ વારલી કળાનું પ્રત્યક્ષ પ્રદર્શન નિહાળી શકશે, તેમની પારંપરિક મહત્તાને સમજી શકશે અને વ્યાવહારિક તાલીમમાં સક્રિય ભાગીદારી કરી શકશે. એટલું જ નહિ મુલાકાતીઓ સ્થાનિક આદિવાસી વ્યંજનોનો સ્વાદ માણવાનો પણ અવસર મળશે, જેનાથી તેમને સંપૂર્ણ સાંસ્કૃતિક અનુભવ ભળશે.

આ પહેલનો ઉદ્દેશ્ય સ્વદેશી વિરાસતનું સંરક્ષણ, સામુદાયિક પર્યટનને પ્રોત્સાહન આપવા તથા વિસ્તારના સામાજિક અને આર્થિક વિકાસમાં યોગદાન આપવાનો છે.

આ અવસરે એનઆરએલએમ-ડીએનએચ દ્વારા દાનહ જિલ્લા પંચાયતના મુખ્ય કાર્યકારી અધિકારી અને મિશન નિર્દેશક શ્રી અરૂણ ગુપ્તાના માર્ગદર્શનમાં ખાનવેલના નિવાસી નાયબ કલેક્ટર(આરડીસી) શ્રી પિયુષ ગોયલના સહયોગથી કૌંચા ગ્રામ પંચાયતના ઘોડબારી ગામ સ્થિત 'સંગિની મહિલા મંડળ'નો આજીવિકા પરિયોજના પ્રસ્તાવ, સેન્ટર ફોર કો-ઓપરેટિવ્સ એન્ડ લાઈવલીહુડ, એલબીએસએનએએને સોંપવામાં આવ્યો હતો. જેના અંતર્ગત ₹૨.૦૦ લાખની ગ્રાન્ટ મળવા પામી હતી.

# માઁ વિશ્વંભરી તીર્થયાત્રા ધામ, રાબડા ખાતે વૈદિક હોળીની ભવ્ય ઉજવણી કરાઈ

## પર્યાવરણ શુદ્ધિ અને આધ્યાત્મિક જાગૃતિના સંદેશ સાથે ઉમટ્યું ભક્તોનું ઘોડાપૂર





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૫**

અસત્ય પર સત્ય અને અધર્મ પર ધર્મના વિજયના મહાપર્વ હોળી નિમિત્તે, રાબડા સ્થિત પવિત્ર માં વિશ્વંભરી તીર્થધામ ખાતે ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. દેશભરમાં હર્ષઉલ્લાસ સાથે ઉજવાતા આ તહેવારને તીર્થધામમાં તેની મૂળ ''વૈદિક પરંપરા'' અનુસાર ઉજવવામાં આવ્યો હતો, જે પર્યાવરણ અને આરોગ્ય બંને માટે આશીર્વાદરૂપ છે.



આ વૈદિક હોળીની વિશેષતા એ છે કે અહીં હોળીદહન માટે લાકડાના સ્થાને સંપૂર્ણપણે ગાયના ગોબરના છાણાં, નાળીયેરીના સુકા પાન અને તુલસી, આંકડો, દર્ભ, સમી, દુર્વા, પીપળો, ખાખરો, ખેર, અઘેડો, આંબા વગેરે જેવા પવિત્ર અને ઔષધીય ગુણો ધરાવતી સમિધાનો ઉપયોગ કરવામાં આવે છે. આ વૈદિક હોળી દહનમાંથી ઉત્પન્ન થતો ધુમાડો હાનિકારક જંતુઓનો નાશ કરી વાતાવરણને શુદ્ધ કરે છે, જે ઋતુ પરિવર્તન સમયે ફેલાતી બીમારીઓ સામે એક મજબૂત આરોગ્યપ્રદ કવચ પૂરું પાડે છે.

આ પાવન પ્રસંગે તીર્થધામના સંસ્થાપક મહાપાત્રએ ભક્તજનોને માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે, ''સાચી હોળી એ જ છે જેમાં આપણે આપણા આંતરિક દુર્ગુણો અને કુટેવોને હોમી દઈએ અને જીવનમાં સદગુણોની જ્યોત પ્રગટાવીએ.'' તેમણે ધુળેટી પર્વે રાસાયણિક રંગોથી દૂર રહીને મહાશક્તિની ભક્તિના શુદ્ધ રંગે રંગાવા પર ભાર મૂક્યો હતો. ઉપસ્થિત તમામ ભક્તોએ પવિત્ર અગ્નિની પ્રદક્ષિણા કરી પોતાના અવગુણો છોડવાનો અને સદગુણોનું આચરણ કરવાનો દ્રઢ સંકલ્પ લીધો હતો.

મહાપાત્રના માર્ગદર્શન હેઠળ માં વિશ્વંભરી તીર્થધામ માત્ર ઉપદેશો સુધી સીમિત ન રહેતા, સમાજ સુધારણા અને માનવ ઉત્થાનનું પ્રત્યક્ષ કાર્ય કરી રહ્યું છે. સનાતન વૈદિક સંસ્કૃતિને જીવંત રાખવા અને પુનઃસ્થાપિત કરવા અહીં વર્ષભર મકરસંક્રાંતિએ ગૌપૂજન, મહાશિવરાત્રીએ મહાયજ્ઞ, ચૈત્રી નવરાત્રીમાં રાસ-ગરબા તથા મહાયજ્ઞ, વિજયાદશમીએ શસ્ત્રાપૂજન, ૩૧ ડિસેમ્બરે બ્રહ્મભોજન, દર પૂનમે સાંસ્કૃતિક કાર્યક્રમ અને ૨૬ જાન્યુઆરીએ પ્રજાસત્તાક દિન જેવા પર્વોની ભવ્ય ઉજવણી થાય છે અને તેનું જીવંત પ્રસારણ પણ થાય છે.

આ ધામના અવિરત પુરુષાર્થથી વિશ્વભરમાં આજે અસંખ્ય લોકો સનાતન વૈદિક સંસ્કૃતિ અને સનાતન ધર્મના મૂલ્યોને અનુરૂપ એક આદર્શ અને શુદ્ધ જીવનશૈલી અપનાવી રહ્યાં છે.

# વલસાડ-ડાંગના સાંસદ ધવલભાઈ પટેલે કાર્યકરો અને જનતા સાથે રંગેચંગે ધૂળેટી ઉજવી





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૫**

લોકસેવા અને સાદગીના પર્યાય ગણાતા વલસાડ-ડાંગના લોકપ્રિય સાંસદ અને લોકસભાના દંડક શ્રી ધવલભાઈ પટેલના નિવાસસ્થાને આજે ધૂળેટીના પર્વ નિમિત્તે એક અદભુત અને પ્રેરણાદાયી નજારો જોવા મળ્યો હતો. સત્તાના કોઈ પણ મોહ કે અહમ વગર, તેમણે એક સામાન્ય નાગરિકની જેમ જનતા વચ્ચે રહીને હોળી-ધૂળેટીના પર્વની હર્ષોલ્લાસ સાથે અને પ્રદેશ ભાજપના ઉપાધ્યક્ષ અને ધરમપુરનાના ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી હેમંતભાઈ કંસારા, કપરાડાના ધારાસભ્ય શ્રી જીતુભાઈ ચૌધરીની વિશેષ ઉપસ્થિતિમાં ઉજવણી કરી હતી

સાંસદશ્રીના નિવાસસ્થાને આયોજિત આ સ્નેહમિલનમાં કોઈ પ્રોટોકોલ નહોતો, માત્ર પ્રેમનો રંગ હતો. તેમણે ભાજપના કર્મઠ કાર્યકર્તાઓ સાથે ખભેખભા મિલાવી અબીલ-ગુલાલ ઉડાડ્યા, પ્રેસ-મીડિયાના મિત્રો સાથે સૌજન્યપૂર્ણ મુલાકાત કરી ઉત્સવનો આનંદ માણ્યો,વલસાડની જાહેર જનતા સાથે એક પરિવારના વડીલ કે સભ્યની જેમ ભળી જઈને લોકોના દિલ જીતી લીધા.

સામાન્ય રીતે ઉચ્ચ હોદ્દા પર બેઠેલા પ્રતિનિધિઓ અને જનતા વચ્ચે એક અંતર જોવા મળતુ હોય છે, પરંતુ શ્રી ધવલભાઈ પટેલે પોતાની નિખાલસ શૈલીથી સાબિત કરી દીધુ કે તેઓ સાચા અર્થમાં 'જમીન સાથે જોડાયેલા' નેતા છે. ભેદભાવ વગરની આ ઉજવણી વલસાડની જનતા માટે આકર્ષણનું કેન્દ્ર બની હતી, ધૂળેટીના આ રંગોમાં સાંસદશ્રીનો જનતા પ્રત્યેનો પ્રેમ સ્પષ્ટપણે છલકાતો હતો. સૌને સાથે લઈને ચાલવાની તેમની આ રીત ખરેખર પ્રશંસનીય છે અને અન્ય લોકપ્રતિનિધિઓ માટે પણ એક ઉત્તમ ઉદાહરણ પૂરૂ પાડે છે.

# વાપી આર.કે. દેસાઈ સ્કૂલ અને પી.ટી.સી. કોલેજમાં ક્ષય રોગ જન જાગૃતિ કાર્યક્રમ યોજાયો







**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૫**

આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ ક્ષય રોગ વિશે જનજાગૃતિ ફેલાવવાનો, તેના લક્ષણો, કારણો, એનું નિવારણ અને યોગ્ય સારવાર અંગે માહિતી પ્રદાન કરવાનો હતો. કાર્યક્રમની શરૂઆત મહેમાનોના સ્વાગત સાથે કરવામાં આવી હતી. આ સેમિનારના મુખ્ય વક્તા ડોક્ટર ચિંતન પટેલ (પલ્મોનોલોજીસ્ટ) તથા ડોક્ટર મીનાક્ષી શેઠ રહ્યા હતા. એમાં ડોક્ટર મિનાક્ષી શેઠે સ્કૂલ તથા પીટીસી કોલેજના વિદ્યાર્થીઓને આયુર્વેદિક સારવાર અંગે માહિતી આપી હતી. ત્યારબાદ ડોક્ટર ચિંતન પટેલે ''પ્રોજેક્ટ જીરો'' વિશે માહિતી આપી અને ટીબી મુક્ત ભારત બનાવવા માટે સૌના સહકારની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. આ સેમિનારમાં ક્ષય રોગ અંગે પોસ્ટર બનાવવાની સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. જેમાં ઘણા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં સર્જનાત્મકતાના આધારે પ્રથમ ક્રમે ધોરણ ૯ ની વિદ્યાર્થીની રિદ્ધિ પ્રજાપત તથા દ્વિતીય ક્રમે ધોરણ ૧૧ ની વિદ્યાર્થીની સોનાલી ધવલ રહી હતી. અને વિષયવસ્તુના આધારે પ્રથમ ક્રમ ધોરણ ૯ ના વિદ્યાર્થી કિશન દુબે અને દ્વિતીય ક્રમે શ્રદ્ધા ત્રિપાઠીએ ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આ સેમિનારના અંતે શાળાના શિક્ષિકા નિયતિબેન પટેલ દ્વારા આભારવિધિ કરી સમાપન કરવામાં આવ્યું અને ટીબી મુક્ત ભારત માટે સૌએ સાથે મળી સંકલ્પ પણ કર્યો હતો. આ સેમિનારના સુચારુ આયોજન બદલ સંસ્થાના ચેરમેન મિલન દેસાઈ, કેમ્પસ ડાયરેક્ટર ડોક્ટર મિત્તલ શાહ, પી.ટી.સી. કોલેજના પ્રિન્સિપલ સરોજબેન તથા સ્કૂલના હેડ શુભમ રાય દ્વારા શિક્ષકો તથા બાળકોને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# ૮ માર્ચે મહિલા શક્તિના સન્માન સાથે 'વિશ્વાસ ઈન્સ્ટિટ્યૂટ' વાપીનો ત્રીજો વાર્ષિકોત્સવ યોજાશે

## આ અવસરે SFE તથા CA ફાઉન્ડેશન પુસ્તકનું ભવ્ય લોન્ચિંગ કરાશેઃ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના અવસરે પ્રેરણાદાયી કાર્યક્રમઃ ડૉ. મિત્તલ ધાખડા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૫**

વાપી વિસ્તારમાં શિક્ષણક્ષેત્રે કાર્યરત વિશ્વાસ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા ૮ માર્ચે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના પાવન અવસરે ભવ્ય કાર્યક્રમનું સલવાવ ગુરુકુળના મેનેજીંગ ટ્રસ્ટી પુરાણી સ્વામી કપિલજીવનદાસજીના આશીર્વાદ અને પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ, સલવાવના વિશ્વાસ ઈન્સ્ટિટ્યૂટના ડાયરેક્ટર શ્રી ડો. શૈલેષ લુહારના નેતૃત્વ અને માર્ગદશનમાં ટીમ વિશ્વાસ દ્વારા ભવ્ય આયોજનની તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

'નારી શક્તિ - પાવર વિથિન હર' થીમ હેઠળ યોજાનાર આ કાર્યક્રમમાં વિશ્વાસ ઈન્સ્ટિટ્યૂટનો ત્રીજો વાર્ષિકોત્સવ ઉજવવામાં આવશે તેમજ 'સ્કૂલ ફોર એક્સેલન્સ (SFE)' અને CA ફાઉન્ડેશન માટે તૈયાર કરાયેલ વિશેષ પુસ્તકનું લોન્ચિંગ કરવામાં આવશે.

આ પ્રેરણાદાયી કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે પ્રખ્યાત શિક્ષણવિદ્ અને શ્રી વિદ્યા નિકેતન સ્કૂલ વાપીના ડિરેક્ટર અને મેનેજિંગ ટ્રસ્ટી ડૉ. મિત્તલ ધાખડા ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓ તથા ઉપસ્થિત મહેમાનોને માર્ગદર્શન આપશે. મહિલા શક્તિના સન્માન સાથે શિક્ષણ અને કારકિર્દી ક્ષેત્રે નવા અવસર વિશે પણ તેઓ પોતાના વિચારો રજૂ કરશે.

વિશ્વાસ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા આયોજિત આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓને ઉચ્ચ સ્પર્ધાત્મક પરીક્ષાઓ જેમ કે JEE, NEET અને CA ફાઉન્ડેશન માટે પ્રોત્સાહન આપવાનો છે. સાથે સાથે નવી શરૂઆત રૂપે 'સ્કૂલ ફોર એક્સેલન્સ' પ્રોજેક્ટ દ્વારા ગુણવત્તાસભર શિક્ષણ અને કારકિર્દી માર્ગદર્શન માટે નવી દિશા પ્રદાન કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

આ સમગ્ર કાર્યક્રમ વાપીના સલવાવ સ્થિત શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે યોજાશે, જ્યાં શિક્ષણપ્રેમીઓ, વિદ્યાર્થીઓ અને વાલીઓને ખાસ આમંત્રણ આપવામાં આવ્યું છે. આયોજકો દ્વારા વધુ માહિતી માટે સંપર્ક મો. નંબર ૯૬૨૪૪ ૨૨૮૨૬ જાહેર કરવામાં આવ્યો છે.

શિક્ષણ, પ્રેરણા અને મહિલા શક્તિના સન્માનને એકસાથે ઉજવતો આ કાર્યક્રમ વાપી વિસ્તારમાં એક યાદગાર પ્રસંગ બનવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# વલસાડ પાલિકાના 'સ્વદેશી મેળા'માં સ્ત્રી સશક્તિકરણના દર્શન, ૦૭ દિવસમાં ૦૯ લાખથી વધુનો વેપાર થયો







**ખાસ લેખઃ જિજ્ઞેશ સોલંકી**
**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૫**

વલસાડ નગરપાલિકા દ્વારા આયોજિત 'સ્વદેશી મેળો ૨૦૨૬' ની સફળ પૂર્ણાહુતી સાથે સ્થાનિક મહિલા શક્તિનું પ્રભાવશાળી પ્રદર્શન જોવા મળ્યું હતું. તા.૨૪ ફેબ્રુઆરીથી ૦૨ માર્ચ દરમિયાન યોજાયેલા આ ૦૭ દિવસીય મેળાએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ''હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી'' અને ''સર્જનથી સમૃદ્ધિ'' ના મંત્રને સાકાર કર્યો હતો. સ્વદેશી મેળાના માત્ર ૦૭ દિવસમાં મહિલાઓએ ૦૯ લાખથી વધુનો વેપાર કરી સ્ત્રી સશક્તિકરણનું ઉત્તમ દ્રષ્ટાંત રજૂ કર્યુ હતું.

આ મેળામાં આશરે ૫૦ જેટલા સ્ટોલ્સ પર સખીમંડળની બહેનોએ પોતાના ઘરેલુ અને હસ્તકલા ઉત્પાદનોનું પ્રદર્શન તથા વેચાણ કર્યું હતું. આ ખરીદી સ્થાનિક ઉત્પાદનો પ્રત્યે લોકોના વિશ્વાસ અને મહિલાઓની મહેનતનું પ્રતિક છે. આ મેળામાં પ્રેરણાદાયી ઉદાહરણ તરીકે ધરમપુરનાં યોગીતાબેને નાગલીના બિસ્કિટ અને લસણની ચટણી વેચીને અંદાજે રૂ.૧૨ હજાર જેટલી આવક મેળવી હતી. આ ઉદાહરણ દર્શાવે છે કે, પરંપરાગત અને પૌષ્ટિક આહાર વસ્તુઓ આજે પણ બજારમાં મજબૂત સ્થાન ધરાવે છે.

હસ્તકલા અને ઘરેલું ઉત્પાદનોને પણ ઉત્તમ પ્રતિસાદ મળ્યો હતો. વલસાડના અબ્રામા વિસ્તારમાં રહેતા કિંજલ રાવલ અને ઉર્વશી પટેલે જણાવ્યું કે, હેન્ડમેડ બંગડીઓ, સેટ અને એરિંગ્સ જેવી વસ્તુઓને સારો પ્રતિસાદ મળ્યો અને અંદાજે રૂ.૧૦ હજાર જેટલી આવક થઈ હતી. વિનામૂલ્યે સ્ટોલ ફાળવવા બદલ તેમણે રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

સીબી સ્કૂલના ગ્રાઉન્ડની બાજુમાં યોજાયેલા સ્વદેશી મેળામાં લસણની ચટણી, અથાણાં, મિલેટ્સની મીઠાઈઓ અને નાગલીના પાપડ જેવી ચીજવસ્તુઓ લોકપ્રિય રહી હતી. શુદ્ધ અને પૌષ્ટિક આહાર પ્રત્યે વધતી જાગૃતિ વચ્ચે મિલેટસ આધારિત વાનગીઓએ વિશેષ આકર્ષણ જમાવ્યું હતું. આ મેળામાં પર્યાવરણ મિત્ર ઉત્પાદનોનું પણ પ્રદર્શન જોવા મળ્યું હતું. આ મેળો માત્ર વેપાર પૂરતો સીમિત રહ્યો ન હતો પરંતુ પર્યાવરણ જાગૃતિનો સંદેશ પણ આપ્યો હતો. લીમડા, કેસુડા અને ચંદનથી બનેલા કેમિકલમુક્ત કોસ્મેટિક્સ તેમજ વાંસમાંથી બનાવેલ કલાત્મક ઘર સજાવટની વસ્તુઓએ પણ મુલાકાતીઓનું ધ્યાન ખેંચ્યું હતું. આ સ્વદેશી મેળાએ મહિલાઓમાં આત્મવિશ્વાસ વધાર્યો હતો અને મહિલા સશક્તિકરણનું જીવંત ઉદાહરણ પૂરું પાડ્યું છે. સ્થાનિક કારીગરો અને સખીમંડળ માટે આવા આયોજનો ભવિષ્યમાં વધુ પ્રગતિના દ્વાર ખોલશે અને ''હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી'' અભિયાનને વધુ મજબૂત બનાવશે એવુ પ્રતિત થયું હતું.

# વલસાડના છીપવાડમાં ધૂળેટી પર્વે રક્તદાન શિબિર યોજાઈઃ માત્ર ચાર કલાકમાં ૪૦ બોટલ લોહી એકત્ર થયું







**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૫**

ધૂળેટીના પાવન પર્વ નિમિત્તે વલસાડના શ્રી નાની છીપવાડ યુવક મંડળ અને શ્રી વાવડી ગણેશ મહોત્સવ દ્વારા ૩૧મો રક્તદાન શિબિર સફળતાપૂર્વક યોજાયો હતો, જેમાં ૪ કલાકમાં જ ૪૦ જેટલી રક્તબેગો એકત્ર થઈ હતી. આ કેમ્પમાં ૧૨ જેટલા રક્તદાતાઓ રક્તની અલ્પતાને કારણે પોતાનું રક્તદાન કરી શક્યા ન હતા. આ શિબિરમાં ઉર્વીશ પ્રજાપતિએ ૫૦મી વખત રક્તદાન કરતા આયોજકોએ પુષ્પગુચ્છ અર્પણ કરી સન્માન કર્યું હતું.

છેલ્લા ઘણા વર્ષોથી સતત સેવા અને સમર્પણ સાથે આ સંસ્થાઓ દ્વારા વર્ષમાં બે વખત નિયમિત રક્તદાન શિબિરો યોજાઈ છે, જેનાથી વલસાડ અને આસપાસના વિસ્તારોમાં રક્તની જરૂરિયાત પૂરી કરવામાં મહત્વપૂર્ણ યોગદાન મળી રહ્યું છે. છેલ્લા ૧૬ વર્ષ દરમ્યાન ૩૦૦૦ થી વધુ રક્ત યુનિટ એકત્રિત કરી રક્તદાન કેન્દ્રને સહયોગી થઈ રહ્યા છે.

આ વર્ષનો ૩૧મો રક્તદાન શિબિર નિયમિત રક્તદાતા સ્વ.હર્ષદરાય ભંડારીના પવિત્ર સ્મરણાર્થે સમર્પિત હતો. તેઓ વર્ષો સુધી રક્તદાન પ્રવૃત્તિઓને પ્રેરણા અને માર્ગદર્શન આપતા રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન તેમની સ્મૃતિમાં શ્રદ્ધાંજલિ અર્પણ કરી તેમની માનવસેવાની ભાવનાને નમન કરવામાં આવ્યું હતું. આ રક્તદાન શિબિરમાં હાલમાં જૂનાગઢના તાલુકા વિકાસ અધિકારી થી નાયબ કલેક્ટર તરીકે બઢતી પામેલા ડો.રાજેન્દ્રસિંહ ઠાકોર, વેપારી મંડળના પ્રમુખ સમીર મપારા તથા અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવો દ્વારા રક્તદાનના મહત્વ વિષે માર્ગદર્શન આપવામાં આવ્યું અને યુવાનોને નિયમિત રક્તદાન માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આ કેમ્પમાં મોટી સંખ્યામાં રક્તદાતાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ખાસ કરીને પ્રથમ વખત રક્તદાન કરનાર યુવાનોનો ઉમંગ અને સેવાભાવ નોંધપાત્ર રહ્યો હતો. વર્ષોથી ચાલી રહેલી આ સેવા પ્રવૃત્તિ દ્વારા અનેક જરૂરિયાતમંદ દર્દીઓને જીવનદાયી સહાય મળી છે.

અતુલ રૂરલ ડેવલપમેન્ટ ફંડ (ARDF) અતુલ દ્વારા રક્તદાતાઓને પ્રોત્સાહક ભેટો અર્પણ કરી સેવા કાર્યમાં સહભાગી બન્યા હતાં. આયોજકો દ્વારા તમામ રક્તદાતાઓ, મહાનુભાવો અને વલસાડ રક્તદાન કેન્દ્રની ટીમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

''રક્તદાન - મહાદાન'' ના સંદેશ સાથે બન્ને સંસ્થાઓ વતી આયોજક શતક રક્તદાતા ભીખુ ભાવસાર અને મિતેશ ભંડારી તથા એમની સમગ્ર ટીમ દ્વારા આવનારા સમયમાં પણ નિયમિત અને વધુ વ્યાપક સ્તરે રક્તદાન શિબિરો યોજવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી.

વર્તમાન પ્રવાહ

## તંત્રી લેખ

# સીબીઆઈ અને ઈડી જેવી દેશની સર્વોચ્ચ તપાસ એજન્સીઓ તેમની કામગીરીમાં વધુ કાબેલ બનીને સાચા ગુનાને સાબિત કરે

**ભા**રતની ટોચની તપાસનીશ એજન્સીઓ તેમની તપાસ અને ગુનો સાબિત કરવામાં નબળી પડતી હોવાની છાપ દિવસોદિવસ મજબૂત બનતી રહી છે. દિલ્હીના કહેવાતા શરાબ ગોટાળાકાંડમાં જે રીતે માજી મુખ્યમંત્રી કેજરીવાલ અને તેમના સાથીદારોને જે રીતે ક્લીનચીટ આપીને અદાલતે સીબીઆઈની જે રીતે ઝાટકણી કાઢી તેનાથી આ છાપને જાણે અદાલતી મહોર લાગી ગઈ હોય તેવો તાલ સર્જાયો છે. આ આખાં પ્રકરણે સીબીઆઈની સાથોસાથ કેન્દ્ર સરકારને ભારે શરમજનક સ્થિતિમાં મૂકી દીધું છે. દિલ્હીની રાઉઝ એવેન્યુ કોર્ટના ન્યાયધીશે જે રીતે આ કેસમાં તપાસથી માંડીને ચાર્જશીટ સુધી તમામ બાબતોમાં સીબીઆઈનો જે રીતે ઉધડો લીધો તે ભારે ચિંતાજનક છે. આ કેસમાં સીબીઆઈની સામેના અદાલતનાં વલણ બાદ હવે ઈડીના કેસમાં પણ અદાલત એવો મિજાજ બતાવશે એવી અટકળો તેજ બની છે, પણ દેશની આ બન્ને ટોચની એજન્સીઓની સામેના રાજકીય આરોપો ફરી એકવાર ચર્ચામાં આવી ગયા છે. સીબીઆઈએ શરાબ ગોટાળાકાંડમાં નીચલી કોર્ટના આ ચુકાદા સામે દિલ્હીની વડી અદાલતમાં અપીલ કરી છે, પણ મુખ્ય સવાલ એ છે કે, સીબીઆઈ અને ઈડી બન્ને તેમના મોટાભાગના કેસોમાં ગુનો સાબિત કરવામાં સફળતા હાંસલ કરી શકતી નથી. આરંભમાં હાઈપ્રોફાઈલ કેસોમાં મોટા વેપારીઓથી માંડીને રાજકારણીઓની સામે ગુનો નોંધીને ધરપકડ સહિતનાં પગલાંથી ભારે ચકચાર જગાવતી આ એજન્સીઓ આગળ જતાં નબળી પડી જાય છે. એનો અર્થ તો એવો જ થાય છે કે, વગર યેનકેન પ્રકારે લોકોને ખોટા કેસોમાં દેશની સર્વોચ્ચ તપાસ એજન્સીઓ ફસાવી રહી છે અને તેમને મળેલી સત્તાઓનો દુરૂપયોગ કરી રહી છે.

ભ્રષ્ટાચાર વિરોધી કાયદા તળે સીબીઆઈ અને મની લોન્ડરિંગ વિરોધી કાયદા તળે ઈડી પાસે અમાપ સત્તા છે. મોટાભાગના કેસોમાં પૂરતા પુરાવા એકઠા થતા નથી હોતા, જેને લીધે ગુનો સાબિત થઈ શકતો નથી. માત્ર સાંયોગિક પુરાવાના આધારે કરાતી કાર્યવાહીમાં સંબંધિત આરોપીને જે માનહાનિ થાય છે તેની અદાલતી કાર્યવાહીના અંતે કોઈ ભરપાઈ થઈ શકતી નથી હોતી. વેપારીઓ તો તેમની સામેની આ અજેન્સીઓની કાર્યવાહીને લીધે આર્થિક રીતે પણ ભારે નુકસાની વેઠે છે. રાજકીય નેતાઓની પ્રતિષ્ઠા પણ ઝંખવાય છે. જો કે, આપ સંયોજક શ્રી અરવિંદ કેજરીવાલની જેમ અદાલતમાંથી નિર્દોષ જાહેર થાય એટલે આવા નેતાઓ તેમની સામે રાજકીય બદલાની કાર્યવાહી થઈ હોવાના આરોપો સરકારની સામે મૂકવા લાગે છે. તેમને આવા સંજોગોમાં રાજકીય લાભ મળવાનો માર્ગ મોકળો બની જાય છે. આ અગાઉ સર્વોચ્ચ અદાલતે સીબીઆઈને પિંજરામાં બંધ પોપટ ગણાવી હતી. આમ અદાલતી વલણે ફરી એક વખત સીબીઆઈ અને ઈડીની કામગીરીને વધુ અસરકારક બનાવવા અને તેને રાજકીય પ્રભાવના આરોપોથી અળગી રાખવા માટે સરકારે હવે ધ્યાન આપવાની ખાસ જરૂરત છે. દેશની આવી ટોચની એજન્સીઓ તેમની કામગીરીમાં વધુ કાબેલ બનીને ગુનાને સાબિત કરવામાં સફળ રહે એ હવે અનિવાર્ય બની ગયું છે.

# રાગદ્વેષપૂર્વક થવાવાળી ક્રિયાઓ મનુષ્યને બાંધે છે




**ભ**ગવાનના મત અનુસાર કર્મ ન કરવાથી મનુષ્યનું પતન થઈ જાય છે એવું કેમ? તેનો જવાબ ભગવાન આગળના શ્લોક(૩/૩૩)માં આપતાં કહે છે..

સદ્રશં ચેષ્ટતે સ્વસ્યાઃ પ્રકૃતેર્જ્ઞાનવાનપિ
પ્રકૃતિં યાન્તિ ભૂતાનિ નિગ્રહઃ કિં કરિષ્યતિ

(ભૂતાનિ-સર્વ પ્રાણીઓ, પ્રકૃતિમ્-પ્રકૃતિને, યાન્તિ-પ્રાપ્ત થાય છે, જ્ઞાનવાન્-જ્ઞાની મહાપુરૂષ, અપિ-પણ, સ્વસ્યાઃ-પોતાની, પ્રકૃતે-પ્રકૃતિ, સદ્રશં-અનુસાર, ચેષ્ટતે-ચેષ્ટા કરે છે પછી એમાં કોઈનો, નિગ્રહઃ-દુરાગ્રહ, કિમ્-શા, કરિષ્યતિ-કામનો?)

સર્વ પ્રાણીઓ પ્રકૃતિને પ્રાપ્ત થાય છે, જ્ઞાની મહાપુરૂષ પણ પોતાની પ્રકૃતિ અનુસાર ચેષ્ટા કરે છે પછી એમાં કોઈનો દુરાગ્રહ શા કામનો?

આ શ્લોકમાં પ્રકૃતિ શબ્દ સ્વભાવના અર્થમાં છે. પ્રત્યેક વ્યક્તિનો પોતપોતાનો અલગ અલગ સ્વભાવ હોય છે. સ્વભાવ શામાંથી બને છે? સ્વભાવનું નિર્માણ માણસના હાથમાં નથી, હોત તો કોઈ દુષ્ટ સ્વભાવનો માણસ જ ના હોત. માત્ર આનુવંશિકતાથી જ સ્વભાવ ઘડાય છે તેવું પણ નથી. એક જ માતા-પિતાનાં જુદાંજુદાં બાળકોનો જુદોજુદો સ્વભાવ હોય છે, અરે! તદ્દન ભિન્ન સ્વભાવ હોય છે. સ્વભાવ એ જ વ્યક્તિનું વ્યક્તિત્વ છે અને વ્યક્તિત્વ પ્રમાણે લોકો પ્રવૃત્તિ કરતા હોય છે. ગીતા કહે છે કે જ્ઞાની અને અજ્ઞાની બંન્નેના બાહ્યાચાર તો સરખા હોય છે પણ બંન્નેની અવસ્થા જુદીજુદી હોય છે. ભોજન બંન્ને એકસાથે બેસીને સમાન રીતે કરે છે પણ બંન્નેની અવસ્થા જુદીજુદી હોય છે. એક લોલૂપ થઈને ભોગો ઉપર તૂટી પડે છે, બીજો સ્વસ્થ રહીને પ્રભુનો પ્રસાદ સમજીને આરોગે છે. એકના માટે તે ભોગક્રિયા છે, બીજાના માટે તે પ્રસાદ છે અને સાધનાઉપાસના છે.

પ્રકૃતિં યાન્તિ ભૂતાનિ જેટલાં પણ કર્મ કરવામાં આવે છે તે સ્વભાવ અને સિદ્ધાંત સામે રાખીને કરવામાં આવે છે. સિદ્ધાંત તે છે જે શાસ્ત્ર અને ભગવાનની આજ્ઞા અનુસાર હોય. શાસ્ત્ર અને ભગવાનની આજ્ઞાથી વિપરીત સિદ્ધાંત માન્ય નથી. સ્વભાવ બે પ્રકારનો હોય છેઃ રાગદ્વેષ રહિત અને રાગદ્વેષયુક્ત. જેવી રીતે રસ્તામાં ચાલતાં કોઈ પાટીયું જોવામાં આવ્યું અને તેના ઉપર લખેલું વાંચી લીધું તો એ વાંચવું ન તો રાગદ્વેષથી થયું અને ન કોઈ સિદ્ધાંતથી, પરંતુ રાગદ્વેષરહિત સ્વભાવથી આપમેળે થયું. કોઈ મિત્રનો પત્ર આવતાં તેને રાગપૂર્વક વાંચીએ અને શત્રુનો પત્ર આવતાં તેને દ્વેષપૂર્વક વાંચીએ તો આ વાંચવું રાગદ્વેષયુક્ત સ્વભાવથી થયું. ગીતા, રામાયણ.. વગેરે સતશાસ્ત્રોને વાંચવાં એ 'સિદ્ધાંત'થી વાંચવું થયું. મનુષ્યજન્મ પરમાત્મા પ્રાપ્તિના માટે છે, આથી પરમાત્માપ્રાપ્તિના ઉદ્દેશ્યથી કર્મ કરવું એ પણ સિદ્ધાંતના અનુસાર કર્મ કરવું કહેવાય. આ રીતે જોવું, સાંભળવું, સુંઘવું, સ્પર્શ કરવો વગેરે તમામ ક્રિયાઓ સ્વભાવ અને સિદ્ધાંત બંન્નેથી થાય છે. રાગદ્વેષરહિત સ્વભાવ દોષવાળો નથી હોતો પરંતુ રાગદ્વેષયુક્ત સ્વભાવ દોષવાળો હોય છે. રાગદ્વેષપૂર્વક થવાવાળી ક્રિયાઓ મનુષ્યને બાંધે છે, કેમ કે તેમનાથી સ્વભાવ અશુદ્ધ થાય છે અને સિદ્ધાંતથી થવાવાળી ક્રિયાઓ ઉદ્ધાર કરવાવાળી થાય છે. કારણ કે, તેમનાથી સ્વભાવ શુદ્ધ થાય છે. સ્વભાવ અશુદ્ધ થવાના કારણે જ સંસાર સાથે માનેલા સંબંધનો વિચ્છેદ થતો નથી. સ્વભાવ શુદ્ધ થવાથી સંસાર સાથે માનેલા સંબંધનો સુગમતાપૂર્વક વિચ્છેદ થઈ જાય છે.

જ્ઞાની મહાપુરૂષના પોતાના કહેવાતા શરીર દ્વારા આપમેળે ક્રિયાઓ થયા કરે છે કેમકે તેનામાં કર્તૃત્વાભિમાન હોતું નથી, કારણ કે, તેનામાં કર્તૃત્વાભિમાન હોતું નથી. પરમાત્માપ્રાપ્તિની ઈચ્છાવાળા સાધકોની ક્રિયાઓ સિદ્ધાંત અનુસાર થાય છે, જેવી રીતે લોભી પુરૂષ સદા સાવધાન રહે છે કે ક્યાંય કોઈ ખોટ ન આવી જાય, તેવી જ રીતે સાધક સાવધાન રહે છે કે ક્યાંય કોઈ ક્રિયા રાગદ્વેષપૂર્વક ન થઈ જાય. આવી સાવધાની રાખવાથી સાધકનો સ્વભાવ તરત જ શુદ્ધ થઈ જાય છે અને પરિણામસ્વરૂપ તે કર્મબંધનથી મુક્ત થઈ જાય છે. પદાર્થો અને ક્રિયાઓ સાથે પોતાનો સંબંધ માનવાના કારણે જ રાગદ્વેષ ઉત્પન્ન થાય છે, જેનાથી જન્મ-મરણરૂપી બંધન થાય છે પરંતુ પ્રકૃતિ સાથે સંબંધ ન માનવાવાળો સાધક પોતાને સદા અકર્તા જુવે છે. સ્વભાવમાં મુખ્ય દોષ પ્રાકૃત પદાર્થોનો રાગ છે. જ્યાં સુધી સ્વભાવમાં રાગ છે ત્યાંસુધી અશુભ કર્મો થાય છે. રાગ માનેલા 'અહમ્'માં રહે છે અને તે મન, બુદ્ધિ, ઈન્દ્રિયો તેમજ ઈન્દ્રિયોના વિષયોમાં દેખાઈ આવે છે.

'અહમ્' બે પ્રકારનો હોય છેઃ ચેતન દ્વારા જડની સાથે માનેલા સબંધથી થવાવાળો તાદાત્મ્યરૂપ અહમ્ અને જડ પ્રકૃતિનો ધાતુરૂપ 'અહમ્'. જડ પ્રકૃતિના ધાતુરૂપ 'અહમ્'માં કોઈ દોષ નથી, કારણ કે, આ અહમ્ મન, બુદ્ધિ, ઈન્દ્રિયો વગેરેની જેમ એક કરણ જ છે એટલા માટે સઘળા દોષો માનેલા 'અહમ્'માં જ છે. જ્ઞાની મહાપુરૂષમાં તાદાત્મ્યરૂપ 'અહમ્'નો સર્વથા અભાવ હોય છે. આથી તેમના કહેવાતા શરીર દ્વારા થવાવાળી તમામ ક્રિયાઓ પ્રકૃતિના ધાતુરૂપ 'અહમ્'થી જ થાય છે. વાસ્તવમાં તમામ પ્રાણીઓની તમામ ક્રિયાઓ આ ધાતુરૂપ 'અહમ્'થી જ થાય છે પરંતુ જડ શરીરને 'હું' અને 'મારૂં' માનવાવાળો અજ્ઞાની પુરૂષ તે ક્રિયાઓને પોતાની અને પોતાને માટેની માની લે છે અને બંધાઈ જાય છે, કારણ કે ક્રિયાઓને પોતાની અને પોતાને માટેની માનવાથી જ રાગ ઉત્પન્ન થાય છે.

સદ્રશં ચેષ્ટતે સ્વસ્યાઃ પ્રકૃતેર્જ્ઞાનવાનપિજો કે અંતઃકરણમાં રાગદ્વેષ ન રહેવાથી જ્ઞાની મહાપુરૂષની પ્રકૃતિ નિર્દોષ હોય છે અને તે પ્રકૃતિને વશીભૂત થતો નથી તો પણ તે ચેષ્ટા તો પોતાની પ્રકૃતિસ્વભાવના અનુસાર જ કરે છે. ભગવાન પણ પોતાની પ્રકૃતિસ્વભાવને વશ કરીને જે યોનિમાં અવતાર લઈ લે છે તે જ યોનિના સ્વભાવ અનુસાર ચેષ્ટા કરે છે, જેમકે ભગવાન રામ કે કૃષ્ણરૂપે મનુષ્ય યોનિમાં અવતાર લે



## ગીતામૃતમ્

વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી, તા. શહેરા, જી. પંચમહાલ
(મો.) ૯૭૨૬૧ ૬૬૦૭૫

છે તથા મત્સ્ય, કચ્છપ, વરાહ વગેરે યોનિમાં અવતાર લે છે તો ત્યાં તે તે યોનિ અનુસાર જ ચેષ્ટા કરે છે. ભગવાનનાં અવતારી શરીરોમાં પણ વર્ણ અને યોનિ અનુસાર સ્વભાવની ભિન્નતા રહે છે પણ પરવશતા રહેતી નથી. અહી સ્વસ્યાઃ પદનો અર્થ એ છે કે જ્ઞાની મહાપુરૂષોની પ્રકૃતિ નિર્દોષ હોય છે, તે પ્રકૃતિને વશ થતા નથી પરંતુ પ્રકૃતિ તેમને વશ થાય છે. કર્મોનું ફળ પેદા થવાનુંમૂળ બીજ કર્તૃત્વાભિમાન અને સ્વાર્થબુદ્ધિ હોતી નથી, તેના દ્વારા ચેષ્ટા માત્ર થાય છે. ચેષ્ટા કે ક્રિયા નહી પરંતુ કર્મ જ બંધનકારક છે.પાછલા અને વર્તમાન જન્મના સંસ્કાર, માતા-પિતાના સંસ્કાર, વર્તમાનનો સંગ, શિક્ષણ, વાતાવરણ, અધ્યયન, ઉપાસના, ચિંતન, ક્રિયા, ભાવ વગેરે અનુસાર સ્વભાવ બને છે. આ સ્વભાવ બધા મનુષ્યોમાં ભિન્નભિન્ન હોય છે અને તેને નિર્દોષ બનાવવામાં બધા મનુષ્યો સ્વતંત્ર છે.વ્યક્તિગત્ સ્વભાવની ભિન્નતા જ્ઞાની મહાપુરૂષોમાં પણ રહે છે.ચેતનમાં ભિન્નતા હોતી જ નથી અને પ્રકૃતિસ્વભાવમાં ભિન્નતા રહે છે, પ્રકૃતિ વિષમ છે.જ્ઞાની મહાપુરૂષનો સ્વભાવ શુદ્ધ, રાગદ્વેષરહિત હોય છે આથી તે પ્રકૃતિને વશ થતો નથી. આથી ઉલ્ટું અશુદ્ધ, રાગદ્રેષયુક્ત સ્વભાવવાળા મનુષ્યો પોતે બનાવેલી પરવશતાથી બંધાઈને કર્મો કરે છે.

નિગ્રહઃ કિં કરિષ્યતિજેમનો સ્વભાવ મહાશુદ્ધ તેમજ શ્રેષ્ઠ છે તેમની ક્રિયાઓ પણ પોતાની પ્રકૃતિ અનુસાર થયા કરે છે. જેમનો સ્વભાવ રાગદ્વેષયુક્ત છે તે પુરૂષોની ક્રિયાઓ તો પ્રકૃતિ અનુસાર થાય છે. આ વિષયમાં હઠ તેમના કામમાં આવતી નથી. જેનો જેવો સ્વભાવ છે તેનો તેના જ અનુસાર કર્મો કરવા પડશે. જો સ્વભાવ અશુદ્ધ હોય તો તે અશુદ્ધ કર્મોમાં અને શુદ્ધ હોય તો તેશુભકર્મોમાં મનુષ્યને જોડી દેશે.

અર્જુન પણ જયારે હઠપૂર્વક યુદ્ધરૂપી કર્તવ્યકર્મનો ત્યાગ કરવા ઈચ્છે છે ત્યારે ભગવાન તેમને આ જ કહે છે કે 'તારો સ્વભાવ તને બળપૂર્વક યુદ્ધમાં જોડી દેશે કેમકે તારા સ્વભાવમાં યુદ્ધ વગેરે ક્ષાત્રકર્મ કરવાનો પ્રવાહ છે એટલા માટે સ્વાભાવિક કર્મોથી બંધાયેલો તૂં પરવશ બનીને યુદ્ધ કરશે એટલે કે આમાં તારી હઠ કામ નહી આવે. જ્ઞાની મહાપુરૂષ દ્વારા પણ પોતાની શુદ્ધ પ્રકૃતિથી વિરૂદ્ધ ચેષ્ટા નહી થાય. અશુદ્ધ પ્રકૃતિને સુધારવાના બે ઉપાય છેઃ રાગદ્વષથી રહિત થઈને કર્મ કરવું અને ભગવાનના શરણમાં ચાલ્યા જવું. જેની બુદ્ધિમાં જડતા સાંસારીક ભોગ અને સંગ્રહનું જ મહત્ત્વ છે એવો મનુષ્ય ગમે તેટલો વિદ્વાન કેમ ના હોય તેનું અવશ્ય પતન થાય છે પરંતુ જેની બુદ્ધિમાં જડતાનું મહત્ત્વ નથી અને ભગવદપ્રાપ્તિ જ જેનો ઉદ્દેશ્ય છે એવો મનુષ્ય વિદ્વાન ના હોય તો પણ તેનું ઉત્થાન અવશ્ય થાય છે, કારણ કે જેનો ઉદ્દેશ્ય ભોગ અને સંગ્રહ ન હોઈને ફક્ત પરમાત્માને પ્રાપ્ત કરવાનો છે તેના તમામ ભાવ, વિચાર, કર્મ વગેરે તેની ઉન્નતિમાં સહાયક બની જાય છે. રાગદ્વેષથી રહિતથી થવોનો સુગમ ઉપાય છેઃ મળેલા શરીર વગેરે પદાર્થોને પોતાના અને પોતાને માટેના ન માનતા રહીને બીજાઓની સેવામાં લગાવવા અને બદલામાં બીજાઓ પાસેથી કંઈપણ ન ઈચ્છવું.

પ્રકૃતિને વશ ન થવા માટે સાધકે કોઈ આદર્શને સામે રાખીને કર્તવ્યકર્મો કરવાં જોઈએ. આદર્શ બે હોઈ શકે છેઃ ભગવાનનો મતસિદ્ધાંત અને શ્રેષ્ઠમહાપુરૂષોનું આચરણ. આદર્શને સામે રાખીને કર્મ કરવાવાળા મનુષ્યની પ્રકૃતિ શુદ્ધ થઈ જાય છે અને નિત્યપ્રાપ્ત પરમાત્માતત્ત્વનો અનુભવ થઈ જાય છે, આનાથી ઉલ્ટું આદર્શને સામે ન રાખીને કર્મ કરવાવાળો મનુષ્ય રાગદ્વેષપૂર્વક જ સર્વે કર્મો કરે છે જેથી રાગદ્વેષ પુષ્ટ થઈ જાય છે અને તેનું પતન થઈ જાય છે.

(ગીતાઃ૩/૩૨)

જેવી રીતે નદીના પ્રવાહને આપણે રોકી શકતા નથી પણ નહેરો બનાવીને વાળી શકીએ છીએ તેવી જ રીતે કર્મોના પ્રવાહને રોકી તો શકતા નથી પણ તેનો પ્રવાહ વાળી શકીએ છીએ. નિઃસ્વાર્થભાવે ફક્ત બીજાઓના હિતના માટે કર્મો કરવા તેને જ કર્મોના પ્રવાહને વાળવો કહેવાય. પોતાના માટે કિંચિતમાત્ર પણ કર્મ કરવાથી કરવાથી કર્મોનો પ્રવાહ વળશે નહિ, તાત્પર્ય એ છે કે ફક્ત બીજાઓના હિતના માટે કર્મો કરવાથી કર્મોનો પ્રવાહ સંસારની તરફ થઈ જાય છે અને સાધક કર્મબંધનથી મુક્ત થઈ જાય છે.

# ઈરાન પર હુમલાની ભારત પર માઠી અસર, અનેક વસ્તુઓ થઈ મોંઘી

## યુદ્ધના માહોલમાં સોના-ચાંદીના ભાવ આસમાને પહોંચ્યા : મોરબીમાં સિરામિક ઉદ્યોગને માઠી અસર



## અખાતી દેશોમાં યુદ્ધ જેવી સ્થિતિને કારણે ગેસ સપ્લાયમાં અવરોધ આવી રહ્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૦૫**

ઈરાન પર ઈઝરાયેલ અને અમેરિકાના હુમલા તેમજ તેહરાનની જવાબી કાર્યવાહીથી માત્ર મધ્ય પૂર્વ (મિડિલ ઈસ્ટ) માં જ વાતાવરણ ગરમાયું નથી, પરંતુ તેની અસર સમગ્ર વિશ્વમાં જોવા મળી રહી છે. ભારત પણ આમાંથી બાકાત નથી. વૈશ્વિકીકરણના આ યુગમાં તમામ દેશો એકબીજા સાથે જોડાયેલા છે, તેથી એક દેશની સ્થિતિની અસર બીજા દેશ પર પણ પડે છે. ઈરાનમાં ચાલી રહેલા આ યુદ્ધને કારણે ભારતમાં પણ ઘણી વસ્તુઓ મોંઘી થઈ છે, જેની સીધી અસર તમારા ખિસ્સા પર પડશે.

યુદ્ધના માહોલમાં સોના-ચાંદીના ભાવ આસમાને પહોંચ્યા છે. ૧ માર્ચ, ૨૦૨૬ ના રોજ સ્થાનિક બજારમાં સોનું ૧.૭૩ લાખ પ્રતિ ૧૦ ગ્રામ ના રેકોર્ડ સ્તરે પહોંચી ગયું હતું. ચાંદીની કિંમત પણ પ્રતિ કિલો ૨.૯૦ લાખ ની નજીક પહોંચી ગઈ હતી. જોકે, છેલ્લા ચાર સત્રોથી ભાવમાં થોડી નરમાશ જોવા મળી રહી છે.

યુદ્ધની અસર દેશના સિરામિક ઉદ્યોગ પર પણ પડી છે. સ્થિતિ એવી છે કે ગુજરાતના મોરબીમાં સિરામિક ઉદ્યોગ આગામી થોડા દિવસોમાં બંધ થવાના આરે છે. અખાતી દેશોમાં યુદ્ધ જેવી સ્થિતિને કારણે ગેસ સપ્લાયમાં અવરોધ આવી રહ્યો છે. સિરામિક ઉદ્યોગમાં ભઠ્ઠીઓ સળગાવવાથી લઈને માટી સુકવવા સુધીના કામમાં પ્રોપેન અથવા નેચરલ ગેસની ભારે જરૂર પડે છે.

બીજી તરફ, ઈરાનના સુપ્રીમ લીડર અયાતુલ્લા અલી ખામેનેઈના મૃત્યુ અને અમેરિકી હુમલા બાદ જંગ તેજ બની છે. આ ઉથલપાથલ વચ્ચે ઈરાને હોર્મુજની સામુદ્રધુની બંધ કરી દીધી છે, જેના કારણે ગેસ સપ્લાય ખોરવાઈ ગઈ છે.

ભારત ભલે ઈરાનથી સીધું ખાદ્ય તેલ ન મંગાવતું હોય, પણ ઈરાન સંઘર્ષને કારણે કિંમતો વધી છે. ભારત તેની જરૂરિયાતનું ૬૦% ખાદ્ય તેલ અન્ય દેશોમાંથી આયાત કરે છે (જેમ કે ઈન્ડોનેશિયા-મલેશિયાથી પામ ઓઈલ, આર્જેન્ટિના-બ્રાઝિલથી સોયાબીન ઓઈલ).

**કારણઃ** ક્રૂડ ઓઈલ મોંઘું થવાને કારણે પામ અને સોયા ઓઈલનો ઉપયોગ બાયો-ફ્યુઅલ બનાવવા માટે વધવા લાગે છે, જેનાથી ખાવાના તેલની સપ્લાય ઘટે છે. આ ઉપરાંત, શિપિંગ અને ટ્રેડમાં અસ્થિરતા આવતા સ્ટોકની અછત સર્જાય છે. ઈન્ડિયન વેજીટેબલ ઓઈલ પ્રોડ્યુસર્સ એસોસિએશનના ચેરમેન સુધાકર દેસાઈના જણાવ્યા અનુસાર, ક્રૂડ ઓઈલ મોંઘું થવાથી લોજિસ્ટિક્સ ખર્ચ વધે છે અને દરિયાઈ જહાજો માટે વીમા જોખમ પણ વધી જાય છે. ૫ માર્ચ થી ઘણી કંપનીઓએ આ વિસ્તાર માટે 'વોર રિસ્ક કવરેજ' આપવાનું બંધ કરી દીધું છે.

યુદ્ધને કારણે ઈરાન અને અફઘાનિસ્તાનથી આવતા પિસ્તા, કેસર, અંજીર અને જરદાળુ જેવા ડ્રાય ફ્રૂટ્સની સપ્લાય લગભગ ઠપ થઈ ગઈ છે, જેના કારણે તેના ભાવ વધવા લાગ્યા છે.

ભારત અડદ, તુવેર અને મસૂરની દાળ મ્યાનમાર, કેનેડા અને ઓસ્ટ્રેલિયા જેવા દેશોમાંથી મંગાવે છે. જોકે, હોર્મુજની નાકાબંધીને કારણે જહાજોએ લાંબો રસ્તો કાપવો પડે છે અને શિપિંગ કંપનીઓએ 'વોર રિસ્ક સરચાર્જ' લગાવ્યો છે. આનાથી દાળની આયાત મોંઘી થઈ છે. તે જ રીતે, સપ્લાય ચેઈન ખોરવાવાના ડરથી અને સ્ટોક કરવાની હોડમાં ડુંગળીની માંગ અને કિંમતમાં પણ વધારો થયો છે.

# મજબૂત અર્થતંત્રથી બજારમાં સકારાત્મક સેન્ટિમેન્ટ...!!!

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**તા.૫ માર્ચ, ૨૦૨૬**

**આજના** ટ્રેડિંગ સેશનમાં ભારતીય શેરબજારમાં મજબૂત તેજી જોવા મળી અને મુખ્ય સૂચકાંક નિફ્ટીમાં ૩૫૦ તથા સેન્સેક્ષમાં ૧૦૦૦ પોઈન્ટ્સ જેટલી જોરદાર ઉછાળો નોંધાયો. બજાર ગેપઅપ ઓપન થયું અને દિવસભર ખરીદીનો સારો માહોલ રહ્યો. મોટા કેપ સ્ટોક્સમાં મજબૂત ખરીદી સાથે મિડકેપ અને સ્મોલકેપ સેગમેન્ટમાં પણ સકારાત્મક મૂવમેન્ટ જોવા મળી. રોકાણકારોમાં વિશ્વાસ વધતા બજારમાં જોખમ લેવા માટેની વૃત્તિ ફરીથી દેખાઈ. ભારતીય અર્થતંત્ર અંગેનો સકારાત્મક દૃષ્ટિકોણ બજારને સપોર્ટ આપી રહ્યો છે. મજબૂત જીડીપી વૃદ્ધિ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર સરકારનો વધતો ખર્ચ અને બેંકિંગ સિસ્ટમમાં સુધરતી બેલેન્સ શીટ બજાર માટે સકારાત્મક પરિબળ છે. ઉપરાંત, મ્યુચ્યુઅલ ફંડ અને ડોમેસ્ટિક ઈન્સ્ટિટ્યુશનલ ઈન્વેસ્ટર્સ તરફથી સતત આવતી ખરીદી પણ બજારને મજબૂત સપોર્ટ આપી રહી છે.

**બીએસઈ સેન્સેક્સઃ** ઈન્ટ્રા ડે ટ્રેડિંગની શરૂઆતે બીએસઈ સેન્સેક્સ આગલા બંધ ૭૯,૧૧૬ સામે ૭૯,૫૩૦ પોઈન્ટના મથાળેથી ખુલીને ૭૯,૨૦૧ પોઈન્ટના નીચા મથાળેથી નવી લેવાલી દ્વારા સેન્સેક્સ આધારિત શેરોમાં તબક્કાવાર ખરીદીનો માહોલ જોવા મળ્યો. સરેરાશ ૧૧૦૨ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી ભારતીય શેરબજારનો સેન્સેક્સ ૮૯૯ પોઈન્ટના ઉછાળા સાથે ૮૦,૦૧૫ પોઈન્ટ આસપાસ મજબૂતી સાથે બંધ થયો હતો...!!!

**નિફ્ટી ફ્યુચરઃ** ઈન્ટ્રા ડે ટ્રેડિંગની શરૂઆતે નિફ્ટી ફ્યુચર આગલા બંધ ૨૪,૫૮૪ સામે ૨૪,૬૫૯ પોઈન્ટના મથાળેથી ખુલીને ૨૪,૬૨૫ પોઈન્ટના નીચા મથાળેથી નવી લેવાલી દ્વારા નિફ્ટી ફ્યુચર આધારિત શેરોમાં તબક્કાવાર ખરીદીનો માહોલ જોવા મળ્યો હતો. સરેરાશ ૩૪૫ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી નિફ્ટી ફ્યુચર ૨૪૭ પોઈન્ટના ઉછાળા સાથે ૨૪,૮૩૨ પોઈન્ટ આસપાસ મજબૂતી સાથે બંધ થયો હતો..!!!

**તેજીના મુખ્ય કારણોઃ** બજારમાં આવેલી તેજી પાછળ અનેક પરિબળો જવાબદાર રહ્યા. સૌથી મોટું કારણ વૈશ્વિક બજારોમાંથી મળેલા સકારાત્મક સંકેતો રહ્યા. અમેરિકા અને યુરોપના બજારોમાં સુધારો નોંધાતા ભારતીય બજારમાં પણ વિશ્વાસ વધ્યો. વિદેશી સંસ્થાગત રોકાણકારો તરફથી પસંદગીયુક્ત ખરીદી જોવા મળી, જે બજાર માટે મહત્ત્વપૂર્ણ સપોર્ટ સાબિત થઈ. સ્થાનિક સ્તરે મજબૂત કોર્પોરેટ પરિણામો, બેંકિંગ અને ફાઈનાન્સ સેક્ટરમાં મજબૂત કામગીરી તેમજ ડોમેસ્ટિક ઈકોનોમી અંગે સકારાત્મક દૃષ્ટિકોણ પણ બજારની તેજી પાછળ મહત્ત્વપૂર્ણ પરિબળ રહ્યા. કેટલાક બ્લુચિપ સ્ટોક્સમાં થયેલી શોર્ટકવરિંગે પણ બજારને વધુ ઉપર ધકેલવામાં મદદ કરી.

**મંદીના પરિબળો પણ યથાવતઃ** બજારમાં તેજી હોવા છતાં કેટલાક જોખમો યથાવત છે. વૈશ્વિક સ્તરે મોંઘવારી અંગેની ચિંતા અને અમેરિકન વ્યાજદરની નીતિ હજુ પણ બજાર માટે અનિશ્ચિતતા ઉભી કરે છે. ડોલરની મજબૂતી અને ક્રુડ ઓઈલના ભાવમાં અસ્થિરતા ભારત જેવી આયાત આધારિત અર્થવ્યવસ્થાને અસર કરી શકે છે. ઉપરાંત કેટલાક સેક્ટરોમાં નફાવસૂલી જોવા મળતા બજારની તેજી પર થોડું દબાણ પણ જોવા મળ્યું. આ કારણોસર રોકાણકારો હજુ પણ સાવચેત વલણ અપનાવી રહ્યા છે.

રોકાણકારોની શ્રદ્ધા અતૂટ અને વિશ્વાસનું પ્રતિક
ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટ®
www.nikhilbhatt.in
નિખિલ ભટ્ટ
+91 99390 80808

**એડવાન્સડિક્લાઈન રેશિયોઃ** આજના સેશનમાં બજારમાં બ્રોડબેઝ્ડ ખરીદી જોવા મળી. નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા પર એડવાન્સડિક્લાઈન રેશિયો સકારાત્મક રહ્યો, જેમાં વધતા શેરોની સંખ્યા ઘટતા શેરોથી વધુ રહી. મિડકેપ અને સ્મોલકેપ સ્ટોક્સમાં પણ સારી ખરીદી જોવા મળી, જે દર્શાવે છે કે બજારની તેજી માત્ર મોટા સ્ટોક્સ પૂરતી મર્યાદિત નથી પરંતુ વ્યાપક સ્તરે ભાગીદારી જોવા મળી.

**વૈશ્વિક બજારોની અસરઃ** વૈશ્વિક બજારોમાંથી મળેલા સકારાત્મક સંકેતો ભારતીય બજાર માટે મહત્ત્વપૂર્ણ રહ્યા. અમેરિકાના મુખ્ય ઈન્ડેક્સ ડાઉ જોન્સ ઈન્ડસ્ટ્રિયલ એવરેજ અને નાસ્ડેક કમ્પોઝિટમાં થયેલા સુધારાએ વૈશ્વિક રોકાણકારોના વિશ્વાસને મજબૂત બનાવ્યો. યુરોપિયન બજારોમાં પણ સ્થિરતા જોવા મળતા એશિયન બજારોમાં તેજીનો માહોલ સર્જાયો. આ સકારાત્મક વૈશ્વિક સંકેતોના કારણે ભારતીય બજારમાં પણ મજબૂત ખરીદી જોવા મળી.

**સેક્ટરવાઈઝ મૂવમેન્ટઃ** આજના સેશનમાં સૌથી વધુ તેજી બેંકિંગ અને ફાઈનાન્શિયલ સેક્ટરમાં જોવા મળી. બેંક નિફ્ટી ઈન્ડેક્સમાં મજબૂત ખરીદી જોવા મળી. આ સિવાય આઈટી, ઓટો અને મેટલ સેક્ટરના સ્ટોક્સમાં પણ તેજી જોવા મળી.ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પાવર સેક્ટરમાં પણ ખરીદીનો સારો માહોલ રહ્યો. કેટલાક ડિફેન્સિવ સેક્ટર્સ જેમ કે એફએમસીજી અને ફાર્મા સેક્ટરમાં મિશ્ર ટ્રેન્ડ જોવા મળ્યો.

**કોમોડિટી બજારોઃ** કોમોડિટી માર્કેટમાં આજે મિશ્ર ટ્રેન્ડ જોવા મળ્યો. સોનાના ભાવમાં થોડી સ્થિરતા જોવા મળી, કારણ કે વૈશ્વિક અનિશ્ચિતતા થોડી ઘટી છે. ચાંદીમાં પણ મધ્યમ તેજી નોંધાઈ. બીજી તરફ ક્રુડ ઓઈલના ભાવમાં અસ્થિરતા જોવા મળી, જે ઊર્જા સંબંધિત સ્ટોક્સ પર અસરકારક બની શકે છે. મેટલ્સમાં માંગ વધતા કેટલાક મેટલ સ્ટોક્સમાં પણ તેજી જોવા મળી.

**બજારની ભાવિ દિશાઃ** સ્થાનિક સ્તરે મોંઘવારી, વ્યાજદરની નીતિ, જીડીપી વૃદ્ધિની ગતિ અને સંસ્થાગત રોકાણકારોની ગતિવિધિ બજાર માટે મહત્ત્વપૂર્ણ રહેશે. જો એફઆઈઆઈ વેચવાલી યથાવત રહે અને વૈશ્વિક સંકેતો નબળા રહે, તો બજારમાં વધુ અસ્થિરતા અને ઊંડો કરેક્શન શક્ય છે. બીજી તરફ, જીઓપોલિટિકલ તણાવમાં શાંતિ, ક્રુડના ભાવમાં સ્થિરતા અને મજબૂત સ્થાનિક આર્થિક ડેટા મળે તો ટૂંકાગાળાની રાહત રેલી જોવા મળી શકે છે. આ પરિસ્થિતિમાં રોકાણકારોએ ઉતાવળમાં નિર્ણય લેવાને બદલે કડક સ્ટોપલૉસ અપનાવવો, પોર્ટફોલિયો ડાયવર્સિફિકેશન કરવું, ઓવરલિવરેજથી દૂર રહેવું અને રિસ્ક મેનેજમેન્ટને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવી જરૂરી છે. આગામી દિવસોમાં વૈશ્વિક સમાચાર પ્રવાહ, કરન્સી મૂવમેન્ટ, ક્રુડ ઓઈલ ટ્રેન્ડ અને સંસ્થાગત રોકાણકારોની ખરીદી વેચવાલી બજારની દિશા નક્કી કરવામાં મુખ્ય ભૂમિકા ભજવશે. મેટલ સેક્ટરમાં વૈશ્વિક માંગ વધવાની આશાએ રોકાણકારોની રસપ્રતિક્રિયા જોવા મળી. ઓટો સેક્ટરમાં પણ સેલ્સ ડેટા સારા રહેવાની આશાએ ખરીદી જોવા મળી. ટેકનિકલ દૃષ્ટિએ બજાર હવે મહત્ત્વપૂર્ણ રેઝિસ્ટન્સ ઝોનની નજીક પહોંચી ગયું છે. જો મુખ્ય ઈન્ડેક્સ આ લેવલ ઉપર સ્થિરતા જાળવી રાખશે તો તેજીનો ટ્રેન્ડ આગળ પણ યથાવત રહી શકે છે. બીજી તરફ, ઊંચા લેવલ્સ પર નફાવસૂલી પણ શક્ય છે. તેમ છતાં વૈશ્વિક અનિશ્ચિતતા અને જીઓપોલિટિકલ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રોકાણકારોએ સાવચેતી રાખવી જરૂરી રહેશે. યોગ્ય સ્ટોપલૉસ અને રિસ્ક મેનેજમેન્ટ સાથે આગળ વધવું હાલમાં શ્રેષ્ઠ વ્યૂહરચના ગણાશે.

# સ્પોર્ટ્સ ન્યૂઝ

### કોચે કહ્યું- બસ હવે ઘરે જવું છે

## યુદ્ધની અસર ક્રિકેટ પર: ભારતમાં ફસાઈ વેસ્ટ ઈન્ડિઝની ટીમ

**વેસ્ટ ઈન્ડિઝ ટીમના હેડ કોચ ડેરેન સૈમીએ સોશિયલ મીડિયા માધ્યમ X પર પોસ્ટ શેર કરી નારાજગી વ્યક્ત કરી હતી**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૫ :** યુદ્ધની અસર હવે ક્રિકેટ પર દેખાઈ છે. જેમાં ICC મેન્સ T20 વર્લ્ડ કપ ૨૦૨૬થી બહાર થયા બાદ વેસ્ટ ઈન્ડિઝની ટીમ ભારતમાં ફસાઈ છે. સુપર-૮માં વેસ્ટ ઈન્ડિઝ અને ટીમ ઈન્ડિયા વચ્ચે કોલકાતામાં મેચ રમાઈ હતી. જેમાં હાર બાદ વેસ્ટ ઈન્ડિઝને તરત સ્વદેશ પરત જવાનુ હતું, પરંતુ પશ્ચિમ એશિયામાં ભારી સૈન્ય તણાવની અસર પડી હતી. આ મામલે વેસ્ટ ઈન્ડિઝ ટીમના કોચે કહ્યું કે, બસ હવે ઘરે જવું છે.

વેસ્ટ ઈન્ડિઝ ટીમના હેડ કોચ ડેરેન સૈમીએ સોશિયલ મીડિયા માધ્યમ X પર પોસ્ટ શેર કરી નારાજગી વ્યક્ત કરી હતી. જેમાં સૈમીએ લખ્યું કે, હું ઘરે જવા માંગુ છું. એક અપડેટ્સ તો આપો, કાંઈક તો જણાવો. આજે, કાલે કે આગામી અઠવાડિયે. પાંચ દિવસ થઈ ગયા છે. જો કે, સૈમીને સ્વદેશ જવા મામલે અપડેટ મળતાં અંતે તેઓએ રાહતના શ્વાસ લીધા હતા.

દુબઈ એરપોર્ટ બંધ થવાથી અને પશ્ચિમ એશિયાના ઘણા ભાગોમાં એરસ્પેસ બંધ થવાથી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. હજારો ફ્લાઈટ્સ રદ થવાથી ટ્રાન્ઝિટ રૂટ્સ પર ભારે અસર પડી છે, જેના કારણે કેરેબિયન ટીમના ઘરે પાછા ફરવામાં અવરોધ ઉભો થયો છે.

ઝિમ્બાબ્વે ક્રિકેટ ટીમ પણ આવી જ મુશ્કેલીમાં ફસાઈ હતી. જો કે, ICC ક્રિકેટ કાઉન્સિલે તેઓની મુસાફરીની વ્યવસ્થા કરી હતી. દુબઈ થઈને અમીરાતની ફ્લાઈટ રદ થયા બાદ, ઝિમ્બાબ્વેના ખેલાડીઓને હવે આદિસ અબાબા (ઈથોપિયા) થઈને હરારે મોકલવામાં આવી રહ્યા છે. ખેલાડીઓ બે બેચમાં પરત ફરી રહ્યા છે. પહેલું જૂથ પહેલાથી જ રવાના થઈ ગયું છે, અને અંતિમ જૂથ શુક્રવારે રવાના થશે.

આમ, ઝિમ્બાબ્વેની ટીમને વૈકલ્પિક રસ્તો મળ્યો, પરંતુ હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત ન થતાં વેસ્ટ ઈન્ડિઝની ટીમ અટવાઈ છે. ડેરેન સૈમી અને અન્ય ખેલાડીઓ માટે આ સ્થિતિ માનસિક અને લોડિસ્ટિક બંને સ્તરે પડકારરૂપ છે. T20 વર્લ્ડ કપની સફર પૂર્ણ થઈ પરંતુ ઘરે પરત ફરવાની જંગ હજુ ચાલુ હોય તેવુ લાગી રહ્યું છે.

### સમર્થન બદલ વ્યક્ત કર્યો આભાર

## ICC ચેરમેન જય શાહને મળવા પહોંચી જમ્મુ-કાશ્મીરની ટીમ

**જમ્મુ-કાશ્મીરે રણજી ટ્રોફીનો ખિતાબ પોતાને નામ કર્યો છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૫ :** જમ્મુ-કાશ્મીરે રણજી ટ્રોફીનો ખિતાબ પોતાને નામ કરી ઈતિહાસ રચી દીધો છે. ઐતિહાસિક જીતને લઈને જમ્મુ-કાશ્મીર રણજી ટીમના સદસ્યોએ આઈસીસી ચેરમેન જય શાહની મુલાકાત લીધી છે અને જમ્મુ-કાશ્મીરમાં ક્રિકેટના વિકાસમાં તેમના યોગદાનની પ્રશંસા કરી હતી. આ મિટિંગમાં ટીમની પ્રગતિ તથા ઘરેલુ ક્રિકેટમાં જમ્મુ-કાશ્મીરના ખેલાડીઓ માટે વધતી તકો વિશે ચર્ચા કરાઈ હતી.

આ દરમિયાન ટીમે વહીવટી સપોર્ટ અને પહેલો કરવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. જેનાથી જમ્મુ-કાશ્મીરમાં યુવા ક્રિકેટર્સ માટે ક્રિકેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારો કરવામાં મદદ મળી છે. મહત્ત્વપૂર્ણ છે કે, રણજી ટ્રોફીમાં ટીમના પ્રભાવી પરફોર્મન્સથી જમ્મુ-કાશ્મીર ક્રિકેટે સમગ્ર દેશનું ધ્યાન આકર્ષિત કર્યું છે.

આઈસીસી ચેરમેન જય શાહે ટીમના પ્રયાસો અને પરફોર્મન્સની પ્રશંસા કરી હતી. તેઓ નોંધ્યું હતું કે, તેમની પ્રગતિ આ પ્રદેશમાં મૂળભૂત ક્રિકેટ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સતત રોકાણના સારા પરિણામો સૂચવે છે.

જમ્મુ-કાશ્મીરે કર્ણાટક સામેની મેચ પ્રથમ ઈનિંગની લીડના આધારે જીતી હતી. જેમાં જમ્મુ-કાશ્મીરે પહેલી ઈનિંગમાં ૨૯૧ રનની લીડ મેળવી હતી. જેમાં પાંચમા દિવસે જમ્મુ-કાશ્મીરે બીજી ઈનિંગમાં ચાર વિકેટ પર ૩૪૨ રન કર્યા અને તેની કુલ લીડ ૬૩૩ રન થઈ ગઈ હતી. જમ્મુ-કાશ્મીરના કેપ્ટન પારસ ડોગરાએ ઈનિંગ્સ ડિકલેર કરવાનો નિર્ણય લીધો. ત્યારબાદ બંને ટીમના કેપ્ટન દિવસની રમત સમાપ્ત કરવા સંમત થયા, જેના પરિણામે મેચ ડ્રો થઈ. આમ, જમ્મુ-કાશ્મીરે ઐતિહાસિક જીત મેળવી હતી.

## અર્જુન તેંડુલકર અને સાનિયા ચંડોક લગ્નના બંધનમાં બંધાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૦૫ :** સચિન તેંડુલકરના પુત્ર અર્જુન તેંડુલકર અને સાનિયા ચંડોક લગ્નના બંધનમાં બંધાઈ ગયા છે. સાનિયા ચંડોક ગ્રેવિસ ગ્રૂપના ચેરમેન રવિ ઘઈની પૌત્રી છે. સાનિયા ચંડોક અર્જુનની બહેન સારા તેંડુલકરની ખાસ દોસ્ત છે.

મુંબઈના મહાલક્ષ્મી રેસ કોર્સમાં આ ભવ્ય લગ્ન સમારંભનું આયોજન કરાયું હતું, જેમાં ક્રિકેટ, મનોરંજન અને રાજકીય ક્ષેત્રની અનેક હસ્તીએ હાજરી આપી હતી. આ લગ્ન સમારંભમાં રાહુલ દ્રવિડ, મહેન્દ્ર સિંહ ધોની, સુરેશ રૈના, રવિ શાસ્ત્રી, યુવરાજ સિંહ, હરભજન સિંહ, ઝહીર ખાન, ઈરફાન પઠાણ, અજીત અગરકર, અજિંક્ય રહાણે તેમજ અમિતાભ બચ્ચન, આમિર ખાન અને શાહરૂખ ખાન પણ જોવા મળ્યા હતા. નોંધનીય છે કે, ગુજરાતના જામનગરમાં ૨૬ ફેબ્રુઆરીના રોજ અંબાણી પરિવારના નિવાસ સ્થાને આ નવયુગલનું પ્રિ વેડિંગ ફંક્શન યોજાયું હતું.

### યુદ્ધથી ઉકેલ નહીં આવે : વડાપ્રધાન મોદી

# મિડલ ઈસ્ટ સંઘર્ષ અંગે મોદીની શાંતિ અને સંવાદની અપીલ

**નવી દિલ્હીમાં વડાપ્રધાન મોદી અને ફિનલેન્ડના રાષ્ટ્રપતિ અલેક્ઝાન્ડર સ્ટબ વચ્ચે બેઠક યોજાઈ : વેપાર, ટેકનોલોજી અને વૈશ્વિક સહકાર અંગે ચર્ચા કરી**



(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૫**

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ફિનલેન્ડના રાષ્ટ્રપતિ Alexander Stubb વચ્ચે નવી દિલ્હીમાં સ્થિત હૈદરાબાદ હાઉસ ખાતે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ મુલાકાત દરમિયાન બંને દેશો વચ્ચે સહકાર વધારવા માટે અનેક મહત્વપૂર્ણ સમજુતી કરારોનું આપલે કરવામાં આવ્યું હતું. બેઠક પૂર્ણ થયા બાદ બંને નેતાઓએ સંયુક્ત પત્રકાર પરિષદમાં વિશ્વ પરિસ્થિતિ, દ્વિપક્ષીય સંબંધો અને વૈશ્વિક સહકાર અંગે પોતાના વિચારો રજૂ કર્યા હતા.

સંયુક્ત સંબોધનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, આજની દુનિયા અસ્થિરતા અને અનિશ્ચિતતાના સમયમાંથી પસાર થઈ રહી છે. તેમણે જણાવ્યું કે, યુક્રેનથી લઈને પશ્ચિમ એશિયા સુધી વિશ્વના ઘણા વિસ્તારોમાં સંઘર્ષ ચાલુ છે. આવા વૈશ્વિક પરિસ્થિતિમાં ભારત અને યુરોપ જેવી બે મહત્વપૂર્ણ રાજનૈતિક શક્તિઓ વચ્ચે વધતું સહકાર વિશ્વમાં સ્થિરતા, વિકાસ અને સહભાગી સમૃદ્ધિને નવી દિશા આપી શકે છે. તો સાથે સાથે મિડલ ઈસ્ટ યુદ્ધ પર વડાપ્રધાન મોદીએ શાંતિ અને સંવાદની અપીલ કરી હતી અને કહ્યું હતું કે, યુદ્ધથી ઉકેલ નહીં આવે.

વડાપ્રધાને વૈશ્વિક પડકારોનો સામનો કરવા માટે આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાં સુધારાને અતિ આવશ્યક ગણાવ્યા હતા અને આતંકવાદના દરેક સ્વરૂપને જડમૂળથી ઉખેડી ફેંકવાની ભારતની પ્રતિબદ્ધતા દોહરાવી હતી. ભારત અને ફિનલેન્ડ વચ્ચેના સંબંધોને નવી ઊંચાઈએ લઈ જવાની વાત કરતા તેમણે કહ્યું કે, આ ભાગીદારી AIથી લઈને 6G ટેલિકોમ અને ક્લીન એનર્જીથી લઈને ક્વોન્ટમ કમ્પ્યુટિંગ સુધીના હાઈટેક ક્ષેત્રોમાં સહયોગને નવી ગતિ આપશે.

વડાપ્રધાન મોદીએ વધુમાં જણાવ્યું કે, વર્ષ ૨૦૨૬ની શરૂઆતમાં ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચે ઐતિહાસિક મુક્ત વેપાર કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. આ કરાર ભારત અને ફિનલેન્ડ વચ્ચે વેપાર, રોકાણ અને ટેકનોલોજી સહકારને વધુ મજબૂત બનાવશે. તેમણે કહ્યું કે, ડિજિટલ ટેકનોલોજી, આધુનિક ઢાંચાગત વિકાસ અને ટકાઉ વિકાસ જેવા ક્ષેત્રોમાં બંને દેશો મહત્વપૂર્ણ ભાગીદાર બની રહ્યા છે.

બેઠક દરમિયાન બંને દેશોએ નવી ટેકનોલોજી, નવીનતા, સ્વચ્છ ઊર્જા, સંશોધન અને શિક્ષણ ક્ષેત્રે સહકાર વધારવા પર પણ ચર્ચા કરી હતી. બંને નેતાઓએ વિશ્વમાં વધી રહેલા ભૂરાજકીય પડકારો વચ્ચે સહયોગ વધારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

ફિનલેન્ડના રાષ્ટ્રપતિ અલેક્ઝાન્ડર સ્ટબએ પોતાના સંબોધનમાં ભારતની પ્રશંસા કરતાં જણાવ્યું કે, ભારત વિશ્વના સૌથી મોટા અને પ્રભાવશાળી દેશોમાંનું એક છે. તેમણે કહ્યું કે, ભારત વિશ્વનું સૌથી મોટું લોકશાહી દેશ છે અને યુરોપ માટે એક મહત્વપૂર્ણ વ્યૂહાત્મક ભાગીદાર બની ગયું છે. તેમણે ઉમેર્યું કે, ભારતની વિદેશ નીતિ, સુરક્ષા નીતિ અને વેપાર નીતિ વૈશ્વિક સ્તરે અત્યંત મહત્વપૂર્ણ બની ગઈ છે.

રાષ્ટ્રપતિ સ્ટબએ વધુમાં જણાવ્યું કે, ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓમાંનું એક છે અને તેનો વિકાસ દરેક ક્ષેત્રમાં સ્પષ્ટપણે જોવા મળી રહ્યો છે. તેમણે જણાવ્યું કે, ભારતની વિદેશ નીતિનો સૌથી પ્રશંસનીય પાસો એ છે કે ભારત હંમેશા વ્યવહારુ અને વાસ્તવવાદી દૃષ્ટિકોણ અપનાવે છે. ભારતે વિશ્વને બતાવ્યું છે કે, વ્યૂહાત્મક સતર્કતા અને સ્વાયત્તતા જાળવવી કેટલી મહત્વપૂર્ણ છે, સાથે સાથે બહુપક્ષીય સહકાર અને વૈશ્વિક ભાગીદારીને પણ પ્રોત્સાહન આપવું જરૂરી છે.

તેમણે પોતાના નિવેદનમાં જણાવ્યું કે, આજના સમયમાં વિશ્વના ઘણા દેશોએ ભારતની નીતિઓમાંથી શીખવાની જરૂર છે. તેમના જણાવ્યા મુજબ ભારતે વૈશ્વિક રાજનૈતિક પરિસ્થિતિમાં સંતુલિત અને વ્યૂહાત્મક અભિગમ અપનાવીને વિશ્વમાં મહત્વપૂર્ણ સ્થાન બનાવ્યું છે. ભારત અને ફિનલેન્ડ વચ્ચે વધતો સહકાર બંને દેશો માટે નવી તકો ઉભી કરી રહ્યો છે. ટેકનોલોજી, નવોચાર, વેપાર અને વૈશ્વિક રાજનૈતિક સહકારના ક્ષેત્રોમાં આ ભાગીદારી આગામી વર્ષોમાં વધુ મજબૂત બનવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

### યુદ્ધમાં નવો વળાંક

## ઈરાને હવે અઝરબૈજાન પર ડ્રોન હુમલા કરીને યુદ્ધનો વ્યાપ વધાર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**અઝરબૈજાન, તા.૦૫**

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા ભીષણ જંગની આગ હવે પાડોશી દેશો સુધી પ્રસરી રહી છે. અમેરિકા અને ઈઝરાયલ સામેના સંઘર્ષ વચ્ચે ઈરાને હવે અઝરબૈજાન પર ડ્રોન હુમલા કરીને યુદ્ધનો વ્યાપ વધારી દીધો છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ, ૫ માર્ચના રોજ બપોરના સમયે ઈરાની વિસ્તારમાંથી બે ડ્રોન લોન્ચ કરવામાં આવ્યા હતા, જેણે અઝરબૈજાનના વ્યૂહાત્મક રીતે સંવેદનશીલ ગણાતા નખચિવન ઈન્ટરનેશનલ એરપોર્ટને નિશાન બનાવ્યું હતું. આ હુમલામાં એરપોર્ટની ટર્મિનલ બિલ્ડિંગને ભારે નુકસાન થયું છે અને ત્યાં ભીષણ આગ ફાટી નીકળી હતી. આ સિવાય એક ડ્રોન રહેણાંક વિસ્તારની સ્કૂલ પાસે પડતા સામાન્ય નાગરિકો ઘાયલ થયા હોવાના સમાચાર છે.

અઝરબૈજાને આ હુમલાની કડક શબ્દોમાં નિંદા કરતા તેને આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન ગણાવ્યું છે. આ ઘટના બાદ અઝરબૈજાન સરકારે ઈરાનના રાજદૂત મૌજતબા ડરમચિલુને સમન્સ પાઠવીને પોતાનો સખત વિરોધ નોંધાવ્યો છે. અઝરબૈજાને સ્પષ્ટ ચીમકી આપી છે કે તેઓ આ હુમલાનો જવાબ આપવાનો સંપૂર્ણ અધિકાર ધરાવે છે. ઓનલાઈન વાઈરલ થયેલા વીડિયોમાં એરપોર્ટ પર થયેલા જોરદાર ધડાકા અને ફ્લેશ જોઈ શકાય છે. નિષ્ણાતો માની રહ્યા છે કે અમેરિકા અને ઈઝરાયલ સાથેના તણાવ વચ્ચે ઈરાન હવે આ ક્ષેત્રના અન્ય દેશોને પણ નિશાન બનાવીને પોતાની તાકાત બતાવવાનો પ્રયાસ કરી રહ્યું છે.

મહત્વની વાત એ છે કે, અઝરબૈજાન આંતરરાષ્ટ્રીય મોરચે હંમેશા પાકિસ્તાનનો સાથ આપે છે અને કાશ્મીર મુદ્દે ભારત વિરોધી નિવેદનો આપતું રહ્યું છે. અઝરબૈજાન, તુર્કિયે અને પાકિસ્તાન વચ્ચેનું ગઠબંધન ભારત માટે ચિંતાનો વિષય છે. નખચિવન વિસ્તાર ઈરાન, તુર્કિયે અને આર્મેનિયાની સરહદો સાથે જોડાયેલો હોવાથી ત્યાં થયેલો આ હુમલો દક્ષિણ કાકેશસ ક્ષેત્રની સુરક્ષા માટે મોટો ખતરો સાબિત થઈ શકે છે. ઈરાનના આ આક્રમક પગલાથી હવે આ વિસ્તારમાં પણ યુદ્ધ ફાટી નીકળવાની દહેશત વધી ગઈ છે.

### ઈરાન એમ્બેસી પહોંચ્યા વિદેશ સચિવ

## ખામેનેઈના મોત પર ભારતે પહેલીવાર શોક વ્યક્ત કર્યો

**વિદેશ સચિવ વિક્રમ મિસરીએ ઈરાની દૂતાવાસમાં શોક પુસ્તિકા પર કર્યા હસ્તાક્ષર પણ કર્યા હતા**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**તહેરાન, તા.૦૫**

ઈરાનના પૂર્વ સુપ્રીમ લીડર ખામેનેઈના નિધન પર ભારતે શોક વ્યક્ત કર્યો હતો. વિદેશ સચિવ વિક્રમ મિસરીએ ઈરાની દૂતાવાસમાં શોક પુસ્તિકા પર કર્યા હસ્તાક્ષર પણ કર્યા હતા. ભારતના વિદેશ સચિવ વિક્રમ મિસરીએ ગુરુવારે નવી દિલ્હીમાં ઈરાની દૂતાવાસ પહોંચીને શોક પુસ્તિકા પર હસ્તાક્ષર કર્યા હતા. ભારત સરકાર વતી તેમણે તાજેતરની ઘટનાઓ પર ઈરાન પ્રત્યે સંવેદના અને એકજૂથતા વ્યક્ત કરી હતી. ઈરાનના પૂર્વ સુપ્રીમ લીડર અયાતુલ્લા અલી



ખામેનેઈના નિધન પર ભારત સરકારે સત્તાવાર રીતે દુઃખ પ્રકટ કર્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ અમેરિકા અને ઈઝરાયલ દ્વારા કરવામાં આવેલા હવાઈ હુમલામાં ૮૬ વર્ષીય અલી ખામેનેઈનું મોત નીપજ્યું હતું. અયાતુલ્લા અલી ખામેનેઈ ૧૯૮૯થી ઈરાન પર શાસન કરી રહ્યા હતા અને તેઓ ઈરાન ઈસ્લામી ગણરાજ્યના સર્વોચ્ચ નેતા હતા. ખામેનેઈના નિધન બાદ મધ્ય-પૂર્વના દેશો સહિત સમગ્ર વિશ્વમાં ભારે હલચલ મચી ગઈ છે. ભારતે આ કપરા સમયમાં ઈરાન પ્રત્યે પોતાની સહાનુભૂતિ દર્શાવી છે. વિદેશ સચિવના આ હસ્તાક્ષર બંને દેશો વચ્ચેના રાજદ્વારી સંબંધો અને આંતરરાષ્ટ્રીય શિષ્ટાચારને દર્શાવે છે.

### ખામેનેઈના મોત પછી કાશ્મીરમાં ભારે વિરોધ પ્રદર્શનો

## કાશ્મીરમાં ૭મી સુધી શાળા-કોલેજો બંધઃ સુરક્ષા દળો હાઈ એલર્ટ પર

**ઈરાન પ્રત્યે સંગઠનનું વલણ શરમજનક છે અને તે પરોક્ષ રીતે હુમલાખોરોને સમર્થન આપવા જેવું છે : મુફ્તી**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**શ્રીનગર, તા.૦૫**

ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લા અલી ખામેનેઈના નિધન બાદ કાશ્મીરમાં ફાટી નીકળેલા વિરોધ પ્રદર્શનોને ધ્યાનમાં રાખીને રાજયના વહીવટીતંત્રે મોટો નિર્ણય લીધો છે. સમગ્ર કાશ્મીર ખીણમાં ૭ માર્ચ સુધી તમામ શાળાઓ અને કોલેજો બંધ રાખવાની જાહેરાત કરાઈ છે.

કાશ્મીરના શિયા બહુલ વિસ્તારોમાં સતત ત્રીજા દિવસે ભારે દેખાવોના કારણે સ્થિતિ તણાવપૂર્ણ બની છે. પરિસ્થિતિની ગંભીરતાને જોતા લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ ઉચ્ચ સ્તરીય બેઠક યોજી સુરક્ષા દળોને હાઈ એલર્ટ પર રહેવા આદેશ આપ્યો છે. તેમણે નાગરિકો અને સામુદાયિક નેતાઓને શાંતિ જાળવી રાખવા અપીલ કરી છે. બીજી તરફ, મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ પણ આ હુમલાની આકરી ટીકા કરી છે. તેમણે અમેરિકા અને ઈઝરાયેલની કાર્યવાહી પર સવાલ ઉઠાવતા કહ્યું કે, કોઈ પણ આંતરરાષ્ટ્રીય કાયદો વિદેશી સૈન્ય આક્રમણ કે કોઈ રાષ્ટ્રના નેતાની હત્યાને ન્યાયી ઠેરવતો નથી. તેમણે લોકોને શાંતિપૂર્ણ રીતે પોતાનો શોક વ્યક્ત કરવા વિનંતી કરી છે. સાવચેતીના ભાગરૂપે સુરક્ષા દળોના કાફલાની અવરજવર પર પણ હાલ રોક લગાવી દેવામાં આવી છે. જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી અને પીડીપી પ્રમુખ મહેબૂબા મુફ્તીએ ઈસ્લામિક સહયોગ સંગઠન(ઓઈસી) પર આકરા પ્રહારો કર્યા છે. ઈઝરાયેલ અને અમેરિકા દ્વારા ઈરાન પર કરાઈ રહેલા હુમલાઓ અંગે ઓઆઈસીના મૌનને તેમણે મુસ્લિમ જગત સાથેનો મોટો વિશ્વાસઘાત ગણાવ્યો છે. મુફ્તીએ કહ્યું કે, જ્યારે ઈરાનની સંપ્રભુતા પર હુમલો થઈ રહ્યો છે, ત્યારે ઓઆઈસી મૂક છે. ઈરાન પ્રત્યે સંગઠનનું વલણ શરમજનક છે અને તે પરોક્ષ રીતે હુમલાખોરોને સમર્થન આપવા જેવું છે. તેમના મતે, આ મૌન મુસ્લિમ સમુદાયના હિતો વિરુદ્ધ છે.

# બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે રાજ્યસભા માટે નોંધાવી ઉમેદવારી : અમિત શાહ રહ્યાં ઉપસ્થિત

**રાજ્યસભા માટે ચૂંટણી લડવાના બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારના નિર્ણયથી બધાને આશ્ચર્ય થયું**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૫**

બિહારના ૧૦ વખત મુખ્યમંત્રી રહી ચૂકેલા નીતિશ કુમારે ગુરુવારે (૫ માર્ચ) ૨૦૨૬ની રાજ્યસભા ચૂંટણી માટે ઉમેદવારી નોંધાવી હતી. આ સમારોહમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને NDAના વરિષ્ઠ નેતાઓ હાજર રહ્યા હતા. ગયા વર્ષની વિધાનસભા ચૂંટણીના પરિણામો બાદ, નીતિશ કુમારે ૨૭ ફેબ્રુઆરીએ દસમી વખત શપથ લીધા હતા. રાજ્યસભા માટે ચૂંટણી લડવાના તેમના નિર્ણયથી બધાને આશ્ચર્ય થયું.

નીતિશ કુમાર ૨૦૦૫થી બિહારના મુખ્યમંત્રી છે. અગાઉ, નીતિશ કુમારે જણાવ્યું હતું કે, નવા મુખ્યમંત્રી અને રાજ્યની નવી સરકારને તેમનો સંપૂર્ણ ટેકો અને માર્ગદર્શન મળશે. તેમણે કહ્યું, "બે દાયકાથી વધુ સમયથી, તમે સતત મારામાં તમારો વિશ્વાસ અને ટેકો આપ્યો છે. તે વિશ્વાસના બળથી જ અમે બિહાર અને તમારા બધાની સંપૂર્ણ વફાદારીથી સેવા કરી છે. તમારા વિશ્વાસ અને સમર્થનને કારણે જ બિહાર આજે વિકાસ અને ગૌરવની નવી ઓળખ રજૂ કરી રહ્યું છે."

રાજ્યના લોકોનો આભાર વ્યક્ત કરતા નીતિશ કુમારે કહ્યું કે, તેમની સંસદીય કારકિર્દીની શરૂઆતથી જ, તેઓ બિહાર વિધાનસભાના બંને ગૃહો અને સંસદના બંને ગૃહોના સભ્ય બનવાની ઈચ્છા રાખતા હતા.

તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર કહ્યું, "આ મહત્વાકાંક્ષાને ધ્યાનમાં રાખીને, હું આ ચૂંટણીમાં રાજ્યસભાનો સભ્ય બનવા માંગુ છું." તેમણે ઉમેર્યું, "હું તમને સંપૂર્ણ નિષ્ઠા સાથે ખાતરી આપવા માંગુ છું કે ભવિષ્યમાં તમારી સાથે મારો સંબંધ ચાલુ રહેશે અને વિકસિત બિહાર બનાવવા માટે સાથે મળીને કામ કરવાનો મારો સંકલ્પ અટલ રહેશે. રાજ્યમાં બનનારી નવી સરકારને મારો સંપૂર્ણ ટેકો અને માર્ગદર્શન મળશે."

૨૦૨૫ ની વિધાનસભા ચૂંટણીમાં શાસક રાષ્ટ્રીય લોકશાહી જોડાણ (NDA) ને પ્રચંડ વિજય અપાવ્યા બાદ નીતિશ કુમાર રાજીનામું આપતાં, ભારતીય જનતા પાર્ટી (BJP) ના નેતા મુખ્યમંત્રી બને તેવી શક્યતા છે. જો આવું થાય, તો બિહારમાં પહેલીવાર ભાજપનો મુખ્યમંત્રી હશે. હિન્દી ભાષી રાજ્યોમાં, બિહાર એકમાત્ર રાજ્ય છે જેમાં ભાજપનો મુખ્યમંત્રી નથી. બિહારમાંથી પાંચ રાજ્યસભા બેઠકો માટે ૧૬ માર્ચે ચૂંટણી યોજાવાની છે, અને ગુરુવાર એ ઉમેદવારી નોંધાવવાનો છેલ્લો દિવસ છે. રાજ્ય વિધાનસભામાં વર્તમાન સંખ્યાબળને જોતાં, નીતિશ કુમારની સંસદના ઉપલા ગૃહ માટે ચૂંટણી લગભગ નિશ્ચિત માનવામાં આવે છે.



જો નીતીશ કુમાર પદ છોડે છે, તો ભાજપના સમ્રાટ ચૌધરી મુખ્યમંત્રી પદ માટે સૌથી મજબૂત દાવેદાર માનવામાં આવે છે. સમ્રાટ ચૌધરી CM બને તો ભાજપનું વર્ચસ્વ પણ જળવાઈ રહેશે. ઉપરાંત બિહારમાં ભાજપ પાસે ૮૯ ધારાસભ્યો છે, જે NDAમાં સૌથી મોટો પક્ષ છે. હાલમાં તેઓ નાણાં, આરોગ્ય અને ગૃહ જેવા મહત્વના વિભાગો સંભાળી રહ્યા છે. ઉપરાંત તે રાજકીય પરિવારમાંથી આવે છે અને ૧૯૯૯ સક્રિય રાજકારણમાં છે. ૨૦૨૩માં તેઓ બિહાર ભાજપના પ્રદેશ અધ્યક્ષ પણ રહી ચૂક્યા છે.

મુખ્યમંત્રી પદની રેસમાં વિજય સિન્હા પણ પાછળ નથી. તેમની ગણતરી ભાજપના કદાવર નેતાઓમાં થાય છે. તેઓ પોતાની આક્રમક કાર્યશૈલી અને ભ્રષ્ટાચાર સામે કડક વલણ માટે જાણીતા છે. લખીસરાયથી ધારાસભ્ય વિજય સિન્હા ભૂતકાળમાં વિધાનસભા અધ્યક્ષ અને વિપક્ષના નેતા રહી ચૂક્યા છે. તેઓ RSS અને ABVPની પૃષ્ઠભૂમિ ધરાવે છે.

નીતીશ કુમારના પુત્ર નિશાંત કુમારનું નામ પણ ચર્ચામાં છે, જોકે તેમની સંભાવના હાલમાં ઓછી જણાઈ રહી છે. હાલમાં જેડીયુ(JDU)ના પોસ્ટરો અને કાર્યક્રમોમાં તેઓ સક્રિય જોવા મળી રહ્યા છે. એવી ચર્ચાઓ છે કે ભાજપ પોતાના નેતાને CM પદ આપે અને નિશાંત કુમારને ડેપ્યુટી CM તરીકે જવાબદારી સોંપવામાં આવી શકે છે. જોકે, નિશાંત હજુ સુધી સક્રિય ચૂંટણીના મેદાનમાં આક્રમક રીતે ઉતર્યા નથી.

ગયા વર્ષે નવેમ્બરમાં નીતીશ કુમારના નેતૃત્વમાં NDA એ મોટી જીત મેળવી હતી. હવે જો નીતીશ કુમાર કેન્દ્રમાં જાય છે, તો બિહારના રાજકારણમાં સત્તાનું સમીકરણ સંપૂર્ણપણે બદલાઈ શકે છે. ભાજપ હવે બિહારમાં પોતાનો મુખ્યમંત્રી બેસાડવાની ફિરાકમાં હોય તેમ દેખાઈ રહ્યું છે.

### બીજા વિશ્વયુદ્ધ બાદ પહેલીવાર જોવા મળ્યું આવું

# અમેરિકાની એક સબમરીને ઈરાનનું યુદ્ધ જહાજ ડુબાડ્યું

**અમેરિકાની એક સબમરીને ઈરાનના યુદ્ધ જહાજ IRIS Denaને ટોર્પિડોથી નિશાન બનાવીને ડૂબાડી દીધું છે**



(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૦૫**

ઈરાન અને અમેરિકા-ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલો સંઘર્ષ વધુ વિનાશક બન્યો છે. યુદ્ધના છઠ્ઠા દિવસે એક એવી ઘટના સામે આવી જેણે ભારતના આસપાસના વિસ્તારમાં પણ તણાવ વધારી દીધો છે. અમેરિકાની એક સબમરીને ઈરાનના યુદ્ધ જહાજ IRIS Denaને ટોર્પિડોથી નિશાન બનાવીને ડૂબાડી દીધું છે. આ હુમલો શ્રીલંકાના દક્ષિણ કિનારાની પાસે આંતરરાષ્ટ્રીય સમુદ્રમાં થયો. આ ઘટનામાં ઓછામાં ઓછા ૮૭ ઈરાની સૈનિકોના મોત થઈ ગયા, જ્યારે ઘણાં ઘાયલ હોવાનું જણાવાઈ રહ્યું છે. અમેરિકાના રક્ષા મંત્રી પીટ હેગસેથે આ હુમલાની પુષ્ટિ કરતા કહ્યું કે, અમેરિકન સબમરીને ઈરાની યુદ્ધ જહાજ પર ટોર્પિડો છોડી જહાજને ડૂબાડી દીધું. તેઓએ આને એક શાંત પરંતુ નિર્ણાયક હુમલો ગણાવ્યો. અમેરિકન રક્ષા વિભાગ અનુસાર આ કાર્યવાહીમાં માર્ક-૪૮ પ્રકારના હેવી ટોર્પિડોનો ઉપયોગ કરવામાં આવ્યો. નિષ્ણાતોનું કહેવું છે કે, આ ઘટના એટલા માટે મહત્વપૂર્ણ છે, કેમ કે દ્વિતીય વિશ્વ યુદ્ધ બાદ પહેલીવાર કોઈ અમેરિકન સબમરીને ટોર્પિડોથી દુશ્મન જહાજને ડૂબાડ્યું છે.

શ્રીલંકાના અધિકારીઓને સવારે લગભગ ૫ વાગ્યે જહાજમાંથી સંકટ સંદેશ મળ્યો હતો. ત્યારબાદ શ્રીલંકાની નૌસેનાએ તરત જ બચાવ અભિયાન શરૂ કર્યું. શ્રીલંકાના વિદેશ મંત્રીએ જણાવ્યું કે જહાજમાંથી વિસ્ફોટની માહિતી મળી હતી. આંતરરાષ્ટ્રીય સમુદ્રી નિયમો મુજબ, શ્રીલંકાને બચાવ અભિયાન ચલાવવું પડ્યું કારણ કે આ વિસ્તાર તેના શોધ અને બચાવ ક્ષેત્રમાં આવે છે.

આ ઘટનાએ સ્પષ્ટ કરી દીધું છે કે વૈશ્વિક સંઘર્ષની અસર હવે હિંદ મહાસાગર વિસ્તારમાં પણ પહોંચી શકે છે. આવી સ્થિતિમાં ભારતે પોતાના કૂટનીતિક અને સુરક્ષા હિતોને ધ્યાનમાં રાખીને સાવધાનીપૂર્વક પગલાં લેવા જરૂરી છે. આ ઘટનાને કારણે ભારતની સુરક્ષા અને કૂટનીતિક સ્થિતિ અંગે ચર્ચા શરૂ થઈ ગઈ છે. પૂર્વ નૌસેનાના પ્રમુખ અરુણ પ્રકાશે જણાવ્યું કે શ્રીલંકાની પાસે ઈરાનના યુદ્ધપોતનું ડૂબવું ખૂબ જ ચિંતાજનક છે. તેમનું માનવું છે કે આથી આંતરરાષ્ટ્રીય સમુદ્રી માર્ગોમાં તણાવ વધી શકે છે અને વૈશ્વિક સમુદ્રી વેપાર પર પણ અસર પડી શકે છે. તેમણે એ પણ કહ્યું કે આથી એ સંકેત મળે છે કે મધ્ય-પૂર્વનો સંઘર્ષ હવે હિંદ મહાસાગર વિસ્તારમાં ફેલાઈ શકે છે. કેટલાક વિશ્લેષકોનું કહેવું છે કે અમેરિકા અને ભારત વચ્ચે થયેલા LEMOA કરારના કારણે ભારતને આ વિસ્તારમાં વ્યૂહાત્મક દબાણનો સામનો કરવો પડી શકે છે. જોકે ઘણા નિષ્ણાતોનું માનવું છે કે, કારણ કે હુમલો આંતરરાષ્ટ્રીય સમુદ્રી વિસ્તારમાં થયો છે, તેથી તેને સીધા ભારતના વિસ્તારમાં જોડવું યોગ્ય નથી.

# ભારતે બનાવ્યું દુનિયાનું સૌથી ‘સ્માર્ટ’ આત્મઘાતી ડ્રોન

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૦૫**

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા ઈરાન-ઈઝરાયેલ યુદ્ધ વચ્ચે, ભારતે પણ આધુનિક ડ્રોન યુદ્ધના મેદાનમાં પોતાની સૌથી ઘાતક ચાલ ચાલી છે. બેંગલુરુના ડિફેન્સ સ્ટાર્ટઅપ ન્યૂસ્પેસ રિસર્ચ ટેકનોલોજીસ (NRT)એ ‘શેષનાગ-૧૫૦’ ડ્રોન વિકસાવ્યું છે, જે દુશ્મનના એર ડિફેન્સને પળવારમાં ભંગાર બનાવી શકે છે. આ માત્ર એક મશીન નથી, પરંતુ ભારતનું એવું સ્વદેશી સુદર્શન ચક્ર છે જે ૧૦૦૦ કિમીની રેન્જમાં સચોટ હુમલો કરવા સક્ષમ છે. આ ડ્રોન સતત ૫ કલાક સુધી ઉડી શકે છે અને ૪૦ કિલોગ્રામ વિસ્ફોટકો લઈ જઈ શકે છે. તેનો સૌથી મહત્વપૂર્ણ ફાયદો એ છે કે તે GPS વિના પણ વિઝ્યુઅલ નેવિગેશનનો ઉપયોગ કરીને દુશ્મન બંકરો અને લશ્કરી થાણાઓનો નાશ કરી શકે છે.

શેષનાગ-૧૫૦ ની અસલી તાકાત તેની ‘સ્વાર્મ એટેક’ ટેકનોલોજી છે, જેમાં ઘણા ડ્રોન એકસાથે ઝુંડમાં હુમલો કરે છે. જ્યારે આ ડ્રોન એકસાથે નીકળે છે, ત્યારે દુશ્મનની મોંઘામાં મોંઘી ડિફેન્સ સિસ્ટમ પણ મૂંઝવણમાં મુકાઈ જાય છે અને તેમને રોકવા અશક્ય બની જાય છે. તેમાં ખાસ ‘મધર કોડ’ એલ્ગોરિધમ એન્જિનનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જે તેને અત્યંત બુદ્ધિશાળી અને નેટવર્ક સક્ષમ બનાવે છે. આ સિસ્ટમ લઘુત્તમ માનવીય હસ્તક્ષેપ સાથે ટાર્ગેટને ઓળખવા અને તેને ખતમ કરવા માટે ડિઝાઈન કરવામાં આવી છે. ઈરાનના શાહેદ ડ્રોનની જેમ જ તેને ઘણું કિફાયતી (સસ્તું) રાખવામાં આવ્યું છે જેથી ઓછા ખર્ચે દુશ્મનના મોટા અને મોંઘા લક્ષ્યોને સરળતાથી નિશાન બનાવી શકાય. દુનિયાભરમાં અત્યારે ઈરાની શાહેદ અને અમેરિકી લ્યુકસ ડ્રોનની ચર્ચા થઈ રહી છે, પરંતુ ભારતનું શેષનાગ-૧૫૦ પોતાની અલગ ઓળખ ધરાવે છે. અમેરિકન લ્યુકસ ડ્રોન સ્ટારલિંક સેટેલાઈટ પર નિર્ભર છે, જ્યારે ભારતનું શેષનાગ વિઝ્યુઅલ નેવિગેશન સિસ્ટમનો ઉપયોગ કરશે, જેના કારણે તેને જામ કરવું અશક્ય હશે. ઈરાનના શાહેદ ડ્રોનની રેન્જ ભલે વધારે હોય, પરંતુ શેષનાગ-૧૫૦ ચોકસાઈ અને સ્વાર્મ ટેકનોલોજીની બાબતમાં ઘણું આગળ છે. આ ડ્રોનની રેન્જ ૧,૦૦૦ કિલોમીટર છે અને તે કોઈપણ વાહન કે લશ્કરી માળખાને નષ્ટ કરવામાં સક્ષમ છે. ભારતે લાંબા અંતરના ડ્રોન યુદ્ધ માટે પોતાની તૈયારી દર્શાવી છે. ભારતની આ તૈયારી ઓપરેશન સિંદૂર જેવા અનુભવોનું પરિણામ છે, જ્યાં પાકિસ્તાને ભારતીય સરહદો પર સસ્તા ડ્રોન તૈનાત કર્યા હતા. તેના જવાબમાં ભારતે વોલ્યૂમને બદલે પ્રિસિઝન (ચોકસાઈ) પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. શેષનાગ-૧૫૦ આ જ વ્યૂહરચનાનો ભાગ છે જે દુશ્મનના હાઈ-વેલ્યુ ટાર્ગેટ્સ પર અચૂક પ્રહાર કરશે. આવનારા સમયમાં યુદ્ધો મિસાઈલોને બદલે આવા ‘સસ્તા હત્યારાઓ’થી જીતાશે અને ભારતે આ દિશામાં આત્મનિર્ભર બનીને એક મોટું ગેમ-ચેન્જર પગલું ભર્યું છે. બેંગલુરુની પ્રયોગશાળાઓમાંથી નીકળેલું આ ‘સાઈલન્ટ કિલર’ ભવિષ્યના યુદ્ધોમાં ભારતની સૈન્ય શક્તિને નવી ઊંચાઈ પર લઈ જશે અને તે પડોશી દુશ્મનો માટે મૃત્યુઘંટ સાબિત થશે.

# કેનેડામાં ફેમસ યુટ્યુબર નેન્સી ગ્રેવાલની હત્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)
**કેનેડા, તા.૦૫**

કેનેડાના લા સેલ વિસ્તારમાં પંજાબી મૂળની પ્રખ્યાત યુટ્યુબર નેન્સી ગ્રેવાલની હત્યા કરી દેવાઈ છે. નેન્સી ગ્રેવાલ કેનેડાના પૂર્વ વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડો અને ખાલિસ્તાની તત્વોની કટ્ટર ટીકાકાર તરીકે જાણીતા હતા. મંગળવારે રાત્રે બનેલી આ ઘટનામાં હુમલાખોરોએ તેમને ચપ્પુના ઘા ઝીંકી લોહીલુહાણ કરી દીધા હતા. જેના કારણે હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું.

નેન્સી ગ્રેવાલ સોશિયલ મીડિયા પર પોતાની નીડર અને તીખી ટિપ્પણીઓ માટે જાણીતા હતા. ખાસ કરીને ભારત અને કેનેડા વચ્ચેના તણાવ દરમિયાન તેમણે ખાલિસ્તાનીઓ અને જસ્ટિન ટ્રૂડોની નીતિઓની ખુલ્લેઆમ નિંદા કરી હતી. તેઓ ખાલિસ્તાની આતંકી ગુરપતવંત સિંહ વિરુદ્ધ પણ અવાજ ઉઠાવતા હતા. તેમની આ મુખરતાને કારણે તેમની હત્યા પાછળ ખાલિસ્તાની તત્વોનો હાથ હોવાની પ્રબળ શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

કેનેડા પોલીસના જણાવ્યા અનુસાર મંગળવારે રાત્રે અંદાજે ૯:૩૦ વાગ્યે નેન્સી ગ્રેવાલ ગંભીર હાલતમાં મળી આવ્યા હતા. તેમને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, પરંતુ વધુ પડતું લોહી વહી જવાને કારણે તેમનું મોત નિપજ્યું હતું. હાલ પોલીસે નેન્સીના ઘરની આસપાસના વિસ્તારમાં ઘેરાબંધી કરી છે અને સીસીટીવી ફૂટેજ તેમજ ફોરેન્સિક પુરાવા એકત્રિત કરવાની કામગીરી હાથ ધરી છે.

નેન્સી ગ્રેવાલનો ઉછેર હરિયાણાના સિરસામાં થયો હતો. સિરસાની સતલુજ પબ્લિક સ્કૂલમાંથી અભ્યાસ કર્યા બાદ તેઓ કેનેડામાં સ્થાયી થયા હતા. કેનેડામાં ખાલિસ્તાનનો વિરોધ કરનારા લોકો માટે તેઓ એક મજબૂત અવાજ બની ગયા હતા. વારંવાર મળતી ધમકીઓ છતાં તેઓ ક્યારેય ઝૂક્યા નહોતા.

લા સેલ વિસ્તારમાં બે અઠવાડિયામાં આ બીજી હત્યાની ઘટના છે, જેના કારણે સ્થાનિક રહેવાસીઓમાં ભયનો માહોલ છે. કેનેડામાં લાંબા સમયથી સક્રિય ખાલિસ્તાની તત્વોને કારણે ભારત સાથેના સંબંધોમાં પણ તિરાડ પડી હતી. જોકે, જસ્ટિન ટ્રૂડોની સત્તા ગયા બાદ નવી સરકાર આ મામલે કેવું વલણ અપનાવે છે તે જોવું રહ્યું. હાલમાં પોલીસે કોઈની ધરપકડ કરી નથી, પરંતુ તપાસ તેજ કરી દેવામાં આવી છે.

# ઈરાનના વિદેશ મંત્રીએ આપી ધમકી : અમેરિકાએ પછતાવું પડશે, ચેતવણી વગર યુદ્ધ જહાજ પર કર્યો હુમલો

(સંપૂર્ણ સમાચાર સેવા)
**તહેરાન, તા.૦૫**

અમેરિકન પરમાણુ સબમરીનના હુમલામાં ઈરાન યુદ્ધ જહાજ IRIS Denaને હિંદ મહાસાગરમાં ડુબાડી દેવાની ઘટનાને લઈને ઈરાનના વિદેશ મંત્રીએ આકરી પ્રતિક્રિયા આપી છે. ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાગચીએ ગુરુવારે ચેતવણી આપી કે ઈરાનના યુદ્ધ જહાજ હુમલા માટે અમેરિકાએ પછતાવું પડશે. ઈરાનના વિદેશ મંત્રીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટમાં લખતા કહ્યું કે, “અમેરિકાએ ઈરાનના કિનારાથી ૨,૦૦૦ માઈલ દૂર સમુદ્રમાં એક જઘન્ય અપરાધ કર્યો છે. ઈરાનના વિદેશ મંત્રી સૈયદ અબ્બાસ અરાગચીએ કહ્યું કે, ભારતીય નૌકાદળના મહેમાન તરીકે આવેલું IRIS Dena લગભગ ૧૩૦ નાવિકોને લઈને જઈ રહ્યું હતું. ફ્રિગેટ ડેના પર આંતરરાષ્ટ્રીય જળવિસ્તારમાં કોઈ ચેતવણી વિના હુમલો કરવામાં આવ્યો હતો.”

ઈરાની વિદેશ મંત્રીએ ચેતવણી આપતા કહ્યું કે, “અમેરિકાને આ પ્રકારનો દાખલો બેસાડવા માટે પછતાવું પડશે”, અને અમેરિકા પર ઈરાનની ધરતીથી દૂર કોઈપણ પ્રકારની પૂર્વસૂચના વગર હુમલો કરવાનો આરોપ લગાવ્યો. અમેરિકન સબમરીને હિન્દ મહાસાગરમાં એક ટૉર્પીડો હુમલામાં ઈરાની યુદ્ધ જહાજને ડૂબાડી દીધું હતું. શ્રીલંકાના દક્ષિણ કિનારા પાસે આંતરરાષ્ટ્રીય જળસીમામાં આ ઘટના ઘટી હતી. નોંધનીય છે કે, બીજા વિશ્વયુદ્ધ પછી ટૉર્પીડો દ્વારા કોઈ દુશ્મનના જહાજને ડૂબાડવાની આ પહેલી ઘટના હતી. યુદ્ધ જહાજ ભારતમાં સંયુક્ત નૌસેના અભ્યાસમાંથી પરત ફરી રહ્યું હતું. ફ્રિગેટ કેટેગરીનું આ યુદ્ધ જહાજ આઈરિસ ડેના ૧૮થી ૨૫ ફેબ્રુઆરી સુધી બંગાળની ખાડીમાં યોજાયેલા મિલાન ઈન્ટરનેશનલ ફ્લીટ રિવ્યૂમાં ભાગ લઈને પરત ફરી રહ્યું હતું. આ જહાજ આંધ્ર પ્રદેશના વિશાખાપટ્ટનમથી પોતાના દેશ પરત ફરી રહ્યું હતું અને આંતરરાષ્ટ્રીય જળસીમામાં તેના પર હુમલો કરવામાં આવ્યો હતો. મીડિયાના અલગ અલગ અહેવાલો અનુસાર અમેરિકન હુમલામાં જહાજ પર સવાર આશરે ૮૦ લોકોના મોત થયા છે. શ્રીલંકન નૌસેનાએ અત્યાર સુધીમાં યુદ્ધ જહાજમાંથી ૩૨ લોકોને બચાવ્યાં છે.




### સાઉથની જ્યોતિકા સનીની હિરોઈન હશે

# સની દેઓલે વધુ એક નવી થ્રીલર ફિલ્મ એન્થની સાઈન કરી




**‘ગદર ટુ’ અને ‘બોર્ડર ટુ’ સહિતની ફિલ્મો દ્વારા સની દેઓલ ફરી ચર્ચામાં છે આ વયે પણ તેને એક પછી એક પ્રોજેક્ટ મળી રહ્યા છે**

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

બોર્ડર ૨ ની સફળતા પછી, અભિનેતા સની દેઓલની કારકિર્દી નવી ઊંચાઈએ પહોંચી છે. આ વર્ષે, સની દેઓલની ઘણી સૌથી અપેક્ષિત ફિલ્મો મોટા પડદા પર રિલીઝ થવાની તૈયારીમાં છે. દરમિયાન, નિર્માતાઓએ સનીની નવી ફિલ્મ, એન્થોનીની સત્તાવાર જાહેરાત કરી છે.




એક્શન હીરો તરીકે, સની દેઓલ હિન્દી સિનેમાના શ્રેષ્ઠ અભિનેતાઓમાંના એક છે. દાયકાઓથી, સની દેઓલ મોટા પડદા પર તેના અઢી પાઉન્ડ વજનવાળા હાથની તાકાત દર્શાવતા જોવા મળે છે. તેમની આગામી ફિલ્મોની યાદી ઘણી લાંબી છે, અને હવે એન્થોનીનો પણ તેમાં સમાવેશ કરવામાં આવ્યો છે. નિર્માતાઓએ સોમવારે આ ફિલ્મની સત્તાવાર જાહેરાત કરી. સાઉથ સિનેમાની અનુભવી અભિનેત્રી જ્યોતિકા એન્થોનીમાં સની દેઓલ સાથે મુખ્ય ભૂમિકા ભજવતી જોવા મળશે. તે ફરહાન અખ્તર અને રિતેશ સિધવાનીના એક્સેલ એન્ટરટેઈનમેન્ટ બેનર હેઠળ બનાવવામાં આવી રહી છે.

બાલાજી ગણેશ ચેન્નાઈ સ્થિત ફિલ્મ નિર્માતા છે જેમણે પ્રખ્યાત દિગ્દર્શક એ.આર. મુરુગદાસ સાથે સહ-દિગ્દર્શક તરીકે વ્યાપકપણે કામ કર્યું છે. તેને વાર્તા કહેવા, દિગ્દર્શન અને મોટા પાયે ફિલ્મ નિર્માણનો બહોળો અનુભવ છે, અને આ સસ્પેન્સ થ્રિલર ફિલ્મ સાથે તે દિગ્દર્શક તરીકે પદાર્પણ કરી રહ્યો છે. આ ફિલ્મ એક્સેલ એન્ટરટેઈનમેન્ટ પ્રોડક્શન દ્વારા બનાવવામાં આવી છે, જે રિતેશ સિધવાની, ફરહાન અખ્તર અને એ.આર. મુરુગદાસ દ્વારા નિર્મિત છે. સહ-નિર્માતાઓ કાસિમ જગમગિયા, વિશાલ રામચંદ્રની, આદિત્ય જોશી, સુનીલ જૈન અને યુસુફ શેખ છે.

સની દેઓલની આગામી ફિલ્મ એન્થોનીનું શૂટિંગ તેની જાહેરાત પહેલાં જ શરૂ થઈ ગયું છે. અહેવાલો અનુસાર, ફિલ્મનું પહેલું શેડ્યૂલ ૨૭ ફેબ્રુઆરીએ શરૂ થયું હતું. એવું માનવામાં આવે છે કે આ ફિલ્મ આગામી વર્ષોમાં મોટા પડદા પર આવશે.

### Gen-Z એક્ટર્સનો કોઈને

## ખોટા સાબિત કરવા માટે જોખમ લેવાનો ઈરાદો નથી હોતો : શનાયા કપૂર

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

શનાયા કપૂરે ‘આંખોં કી ગુસ્તાખિયાં’ સાથે ગયા વર્ષે એક્ટિંગમાં ડેબ્યુ કર્યું છે. જેમાં તેણે વિક્રાંત મેસી સાથે કામ કર્યું હતું. તેની તાજેતરની રિલીઝ ‘તું યા મેં’માં તે આદર્શ ગૌરવ સાથે જોડાઈ હતી અને જેમાં બંનેની હાઈટ મુદ્દે ઘણી ચર્ચા થઈ હતી. જ્યારે તેની પહેલી ફિલ્મમાં તેણે વિક્રાંત મેસ્સી સાથે કામ કર્યું હતું, જેમાં તેની સાથે વિક્રાંત મેસ્સી હતો, ત્યારે તેમની વચ્ચેના ઉમરના તફાવત વિશે પણ ઘણી ચર્ચા હતી.

શનાયાની બંને ફિલ્મના આ કાસ્ટિંગ બોલિવૂડનાં પરંપરાગત માપદંડોથી થોડાં અલગ છે, શનાયા સહમત પણ છે કે તેની પેઢીના કલાકારો પૂર્વગ્રહિત ધારણાઓ અને નિયમોને પડકારવાનો આનંદ માણી રહ્યા છે. શનાયા કહે છે, “આ કોઈને ખોટાં સાબિત કરવાની વાત નથી. હું મારી જાત વિશે કહી શકું છું અને મારા માટે, જોખમ લેવામાં મારો ઉત્સાહ વધે છે. જો તમે કંઈ વાંચો અને તમને લાગે કે ‘આ તો હું કરી ચૂકી છું, ચાલો ફરી એ જ કરીએ’, તો મને ખબર નથી કે એ મારા માટે કેટલું ઉત્સાહજનક હશે. હું સીન જોઈને વિચારવાનું પસંદ કરું છું કે, ‘હે ભગવાન, શું હું આ કરી શકીશ કે નહીં? હું આ કેવી રીતે કરી શકું? હું તેમાં સત્ય કેવી રીતે શોધું?’ આ જ વસ્તુઓ મને વ્યક્તિગત રીતે ઉત્સાહિત કરે છે અને એ જ જગ્યાએ તમે આશા રાખો છો કે જાદુ સર્જાશે અને જ્યારે તમે કંઈ નવું કરવાનો પ્રયત્ન કરો અને એક જ વસ્તુ કરતા ન રહો ત્યારે એ નાનો ચમકારો દેખાય છે.” જોકે જોખમો ઘણી વાર બોક્સ ઑફિસ પર પરિણામ આપી શકતા નથી, શનાયા આશાવાદી છે કારણ કે છેલ્લા મહિનાઓમાં ધુરંધર (૨૦૨૫) અને બોર્ડર ૨ બોક્સ ઑફિસ પર પ્રભાવ પાડવામાં સફળ રહી છે. તે કહે છે, “હાલનો સમય તમામ કલાકારો અને સર્જકો માટે પણ ખૂબ જ ઉત્સાહજનક છે. દર્શકો ફરીથી થિયેટર્સમાં આવી રહ્યા છે અને એ ખૂબ જ ઉત્સાહજનક લાગણી છે. થોડા સમય માટે દર્શકોએ આવવાનું બંધ કરી દીધું હતું. પરંતુ હવે આંતરરાષ્ટ્રીય ફિલ્મો માટે પણ લોકો મોટી સંખ્યામાં જઈ રહ્યા છે, જેમ કે માર્ટી સુપ્રીમ જેવી ફિલ્મ માટે પણ લોકો આવે છે, એ પણ ઉત્સાહજનક છે. દર્શક તરીકે મેં થોડા સમય માટે આ મજા મિસ કરી હતી. તો, અભિનેત્રી તરીકે આ વધુ ઉત્સાહજનક અને વધુ પ્રેરણાદાયક છે.”

# વિજય દેવરકોન્ડા અને રશ્મિકાનું સરકારી શાળાના ૪૪ વિદ્યાર્થીઓને સ્કોલરશિપનું વચન



(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

વિજય દેવરકોંડા અને રશ્મિકા મંદાનાએ પોતાના અભિનયથી તો છેલ્લા એક દાયકામાં ઘણા લોકોના દિલ જીત્યાં હતાં. પરંતુ હવે લગ્ન પછીની તેમની તેમના પ્રશંસકો પર પ્રેમ અને લાગણી વરાસવવાની રીતથી તેમણે ફિલ્મથી પણ વધુ લોકોનાં દિલ જીતી લીધાં છે.

વિજય અને રશ્મિકાએ તેમને મળેલા પ્રેમ અને પ્રાર્થનાઓ બદલ દેશવ્યાપી અન્નદાન મહોત્સવ શરૂ કર્યો છે, જેમાં દેશભરનાં લોકોને ટ્રક ભરીને વિવિધ શહેરોમાં મીઠાઈઓ મોકલી છે અને દેશના ઘણા મંદિરોમાં દાન મોકલ્યું છે. હવે તેમણે જાહેર કર્યું છે કે તેઓ તેમનાં ગામની સરકારી શાળાઓના ૪૪ વિદ્યાર્થીઓ માટે સ્કોલરશિપ રૂપે વિદ્યા દાન કરશે. એટલું જ નહીં વિજય અને રશ્મિકાએ તેમનાં લગ્નના દિવસો દરમિયાન પાપરાઝી માટે બપોરના અને સાંજના ભોજનની પણ વ્યવસ્થા કરી હતી.

આ અંગેના અહેવાલો અનુસાર તેલંગણાના નાગરકર્નુલ જિલ્લામાં વિજયના દેવરકોંડા ચેરિટેબલ ટ્રસ્ટ વતી વિજય અને રશ્મિકાએ ૪૪ સરકારી શાળાઓના ધોરણ ૯ અને ૧૦ના વિદ્યાર્થીઓ માટે શિક્ષણનો બધો જ ખર્ચ ઉઠાવવાની જાહેરાત કરી છે.

હૈદ્રાબાદના એક કાર્યક્રમનો તેમનો વીડિયો વાયરલ થયો છે, ડેમાં મંચ પર વિજય, રશ્મિકા અને વિજયના માતા માધવી દેવરકોંડા, ગામના લોકોને સંબોધ કરી રહ્યા છે. આ સિવાય તેમના ગૃહ પ્રવેશ અને સત્યનારાયણ પૂજા વિધિની તસવીરો પણ વાયરલ થઈ હતી. આ સાથે જ રશ્મિકાએ મંગળવારે પોતાના ઈન્સ્ટાગ્રામ પર તેમના ગ્રાન્ડ સંગીતની તસવીરો અને શોર્ટ વીડિયો પણ શેર કર્યા હતાં. જે પણ ખુબ વાયરલ થયા છે. હવે વિજય અને રશ્મિકા હૈદ્રાબાદમાં તેમનું એક ગ્રાન્ડ રિસેપ્શન રાખવાના હોવાના પણ અહેવાલો છે.

### વર્ષ ૨૦૧૨માં ફિલ્મ ‘અગ્નિપથ’માં ચિકની ચમેલી ગીત હતું

# ‘ચિકની ચમેલી’ જેવા ગીત તો નહીં ગાઉં: શ્રેયા ઘોસાલ

**શ્રેયાનું માનવું છે કે કલાકાર તરીકે આપણી સામાજિક જવાબદારી પણ હોય છે અને ગીતોના બોલ મર્યાદામાં હોવા જોઈએ**

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

પોતાના મધુર અવાજથી કરોડો લોકોના દિલ જીતનાર બોલીવુડ સિંગર શ્રેયા ઘોષાલ અત્યારે તેના એક જૂના સુપરહિટ ગીત ‘ચિકની ચમેલી’ને કારણે ચર્ચામાં છે. વર્ષ ૨૦૧૨માં ફિલ્મ ‘અગ્નિપથ’ માટે ગાયેલું આ ગીત બ્લોકબસ્ટર સાબિત થયું હતું, પરંતુ હવે શ્રેયાએ ભવિષ્યમાં આવા ‘આઈટમ સોંગ્સ’ કે દ્વિઅર્થી શબ્દો ધરાવતા ગીતો ન ગાવાનો નિર્ણય કર્યો છે. શ્રેયાનું માનવું છે કે, કલાકાર તરીકે આપણી સામાજિક જવાબદારી પણ હોય છે અને ગીતોના બોલ મર્યાદામાં હોવા જોઈએ.

એક પોડકાસ્ટમાં વાત કરતા શ્રેયાએ ખુલાસો કર્યો કે ‘ચિકની ચમેલી’ની સફળતા બાદ તેની પાસે આવા અનેક ગીતોની લાઈન લાગી હતી. જોકે, ઘણા ગીતોના શબ્દો એટલા અશ્લીલ અને મહિલાઓને એક વસ્તુ તરીકે રજૂ કરનારા હતા કે તેણે આ બધા ગીતો ગાવાની ના પાડી હતી. શ્રેયાએ જણાવ્યું કે, “મને અમુક એવી લાઈનો ગાવા માટે કહેવામાં આવ્યું હતું જે સાંભળીને જ મને શરમ આવી ગઈ હતી. પોતાના જૂના ગીતો વિશે વાત કરતા શ્રેયાએ સ્વીકાર્યું કે જ્યારે તેણે ‘ચિકની ચમેલી’ રેકોર્ડ કર્યું ત્યારે તે એટલી પરિપક્વ નહોતી કે દરેક શબ્દનો ઊંડો અર્થ સમજી શકે. જોકે તે આજે પણ કોન્સર્ટમાં આ ગીત પર પરફોર્મ કરે છે કારણ કે તે તેનું કામ છે, પરંતુ હવે ઉંમર અને અનુભવ સાથે તેને સમજાયું છે કે ગીતોની પસંદગીમાં સાવધાની રાખવી જરૂરી છે. શ્રેયાએ જણાવ્યું કે, ઘણીવાર સ્ટેજ પર આવા ગીતો ગાતી વખતે તે પોતાની આંખો બંધ કરી લે છે, કારણ કે તે ગીતને નકારી શકતી નથી પણ તેના શબ્દોથી અન્કમ્ફર્ટેબલ જરૂર અનુભવે છે. શ્રેયા ઘોષાલ આ મુદ્દે વાત કરતા ભાવુક થઈ ગઈ હતી. તેણે જણાવ્યું કે, જ્યારે ૫-૬ વર્ષની નાની બાળકીઓ તેની પાસે આવીને કહે છે કે તેમને ‘ચિકની ચમેલી’ ગીત ખૂબ ગમે છે અને તેઓ તે ગાવા માંગે છે, ત્યારે તેને ખૂબ જ શરમ અનુભવાય છે. શ્રેયાના મતે “તે બાળકોને તે શબ્દોનો અર્થ પણ ખબર નથી હોતી. સેન્સુઅલ હોવું અને કોઈને વસ્તુ સમજવી એ વચ્ચે ખૂબ પાતળી ભેદ રેખા છે.” એક જવાબદાર કલાકાર તરીકે શ્રેયા હવે એવા ગીતો ગાવા માંગે છે જે પરિવાર સાથે બેસીને સાંભળી શકાય.

# વલસાડ સરદાર હાઈટ્સની વધુ એકવાર લિફ્ટ ફ્રી કોલ થઈ: બે બાળકી ફસાઈ બે દિવસમાં ઘટેલી ત્રીજી ઘટના



**અચાનક લિફ્ટ નિયંત્રણ ગુમાવતા બે બાળકી ફસાઈ ગઈ : ગતરોજ લીફ્ટ નીચે પટકાતા વૃદ્ધ બાલ બાલ બચેલા, રહીશો લાલઘૂમ**

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૦૫**

વલસાડના પોશ વિસ્તાર તિથલ રોડ ઉપર આવેલી સરદાર હાઈટ્સની એક ઈમારતમાં આજે ગુરુવાર વધુ એકવાર લિફ્ટ ફ્રીકોલ થતા બે બાળકી ફસાઈ હતી. બે દિવસમાં લિફ્ટ અનિયંત્રિત થવાની આજે ત્રીજી ઘટના ઘટી હતી.

સરદાર હાઈટ્સ પોશ સોસાયટી છે તેથી સ્થાનિક રહીશો અહીંની બિલ્ડીંગ્સની લીફ્ટનો ઉપયોગ જવા આવવા કરે છે. તે પ્રમાણે આજે બે માસુમ બાળકીઓ લિફ્ટમાં ચઢી અને અધવચ્ચે લીફ્ટ બંધ થઈ જતા બાળકોઓ ગભરાઈને બુમાબુમ કરી દીધી હતી. વારંવાર લિફ્ટના મામલા વધી જતા રહીશો આગ બબુલા થઈ ગયા હતા. જોકે બાળકીઓને સલામત રીતે બહાર કાઢી લેવાઈ હતી. પરંતુ લીફ્ટ સંભાળતી મેઈન્ટેનન્સ કરતી કંપની સામે લોકોમાં ફરી રોષ ફેલાયો હતો.

ગતરોજ એક વૃદ્ધ લિફ્ટ ફ્રી કોલ થઈ જતા વૃદ્ધ નીચે પટકાતા હતા. તેથી હવે લિફ્ટની સુરક્ષા સામે સરદાર હાઈટ્સ સોસાયટીમાં મામલો ઉગ્ર બની ચૂક્યો છે. ગતરોજ પણ લિફ્ટ સીલ કરી ટેક્નીકલ ખામીઓ તપાસાઈ હતી. તેમ છતાં બીજા જ દિવસે બાળકીઓ ફસાયાની બનેલી ઘટનાએ રહીશોમાં વધુ એકવાર લિફ્ટ સંચાલન સામે રોષ ભભૂકી ઉઠ્યો છે.

# વાપી રાજસ્થાન પ્રગતિ મંડળના સ્નેહ મિલન સમારોહમાં લોકકલાનો રંગ છવાયો




**રાજસ્થાની લોક કલાકારોની રાજસ્થાની લોકગીતો અને ફાગણના ગીતોની પ્રસ્તુતીએ શ્રોતાને મંત્રમુગ્ધ કર્યા**

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૦૫**

રાજસ્થાન પ્રગતિ મંડળ દમણ-વાપી-સેલવાસમાં વસેલા રાજસ્થાની સમાજ સંગઠન રાજસ્થાન પ્રગતિ મંડળ દ્વારા બુધવારે સાંજે સર્વ સમાજ હોલી મિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

વાપી ચણોદ સ્થિત રાજસ્થાન ભવનની લોનમાં આયોજીત સમારોહ મુખ્ય અતિથિ વાપી વિભાગ ભવિષ્ય નિધી આયુક્ત શ્રી પ્રવિણ ગઢવાસ, વિશિષ્ટ અતિથિ શ્રી ઉમારામ ચૌધરી, અધ્યક્ષ શ્રી રાજેશ દુગ્ગડ અને પદાધિકારીઓએ દીપ પ્રાગટ્ય કર્યુ હતું. રાજસ્થાન રાનોલીથી આવેલા મારવાડી મ્યુઝીક ગૃપના લોક કલાકારો શ્રી મુકેશ ભાટ અને સાથીઓએ લોકગીતોની શાનદાર પ્રસ્તુતી કરી હતી. સ્થાનિક કલાકાર શ્રી સુનિલ શર્મા, શ્રી અમિત શર્માના નેતૃત્વમાં બાલ કલાકારોએ ચંગ વગાડીને લોકગીતો થકી દર્શકોનું મનમોહી લીધા હતા. મુખ્ય અતિથિ શ્રી પ્રવિણ ગઢવાલે જણાવ્યું હતું કે અહી આવતા અમને લાગી રહ્યુ છે કે અમે રાજસ્થાનમાં હોળી મનાવી રહ્યા છીએ. પ્રગતિ મંડળ સર્વ સમાજને સાથે રાખીને સંસ્કૃતિનું રક્ષણ કરે છે તે પ્રશંસનીય છે.

મંડળના અધ્યક્ષ શ્રી રાજેશ દુગ્ગડે સ્વાગત પ્રવચન કરી સર્વને શુભકામના પાઠવી હતી. મંડળની પ્રવૃત્તિમાં વધારે ભાગ લેવાની અપીલ કરી હતી. મંચ સંચાલક બી.કે.દાયમાએ પુરો કાર્યક્રમ રાજસ્થાની ભાષામાં કરી શ્રોતાઓને માયડ ભાખાના મહત્વથી અવગત કરાવ્યા હતા. લોકોએ તાલીઓ સાથે દાદ આપી હતી.

# વલસાડ શ્રી ચારણ ગઢવી સેવા સમાજ ટ્રસ્ટ પ્રમુખ-ઉપપ્રમુખની વરણી કરાઈ



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૦૫**

વલસાડ શ્રી ચારણ ગઢવી સેવા સમાજ ટ્રસ્ટ પ્રમુખ ઉપપ્રમુખની વરણી કરવામાં આવી હતી.

તા.૦૧/૦૩/૨૦૨૬ રવિવારે શ્રી ચારણ ગઢવી સેવા સમાજ ટ્રસ્ટની એક ટ્રસ્ટી મંડળની મીટિંગ તા. ૦૧/૦૩/૨૦૨૬ રવિવારે વલસાડ જુજવા મેહુલ બલુભાઈ ગઢવીની ઓફીસમાં મળેલ હતી.આ મીટિંગમાં હાજર ટ્રસ્ટી મંડળમાંથી પ્રમુખ અને ઉપપ્રમુખની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

પ્રમુખ શ્રી મુરજીભાઈ આશારીયાભાઈ ગઢવી(વાપી), ઉપપ્રમુખ શ્રી જોગદાનભાઈ ગઢવી, સેલવાસ આ નિમણૂક સર્વાનુમત્તે કરવામાં આવી છે. આ સાથે સમાજની ખુબ પ્રગતિ થાય તેવી આશા સાથે તમામ ટીમ હોદ્દેદારોને ખુબ ખુબ શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

# સલવાવના આંગણે ભક્તિનો ત્રિવેણી સંગમ: બજરંગદાસ બાપા અને શિવ-રામ પરિવારનો ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રારંભાયો







**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૦૫**

વલસાડ જિલ્લાના ઔદ્યોગિક હબ વાપી નજીક આવેલા સલવાવની પવિત્ર ધરા પર આજથી એક અદ્વિતીય અને ઐતિહાસિક ધાર્મિક મહોત્સવનો મંગલ પ્રારંભ થયો છે. પરમ પૂજ્ય સંત શિરોમણી શ્રી બજરંગદાસ બાપા, મર્યાદા પુરુષોત્તમ શ્રી રામ પરિવાર તથા દેવાધિદેવ મહાદેવના શિવ પરિવારની મૂર્તિઓના ત્રિદિવસીય ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને લઈને સમગ્ર પંથકમાં ભક્તિમય માહોલ છવાયો છે. તા.૬ માર્ચથી ૮ માર્ચ ૨૦૨૬ દરમિયાન યોજાનારા આ મહોત્સવ પૂર્વે આજે નીકળેલી ભવ્ય શોભાયાત્રામાં માનવ મહેરામણ ઉમટી પડ્યું હતું.

**ભવ્ય શોભાયાત્રા અને કળશ યાત્રાથી ગુંજી ઉઠ્યું વાપી:** મહોત્સવના શ્રીગણેશ રૂપે આજે સલવાવ સ્થિત 'હાથી બાપાસીતારામ આશ્રમ' ખાતેથી એક વિશાળ અને ભવ્ય શોભાયાત્રા તેમજ કળશ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. શરણાઈના સૂર અને 'બાપા સીતારામ'ના જયઘોષ સાથે નીકળેલી આ યાત્રા વાપી, બલીઠા અને સલવાવના વિવિધ માર્ગો પર ફરી હતી. માર્ગમાં ઠેર-ઠેર શ્રદ્ધાળુઓ દ્વારા પુષ્પવર્ષા સાથે યાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આકરી ગરમીમાં પણ ભક્તોનો ઉત્સાહ ઓછો નહોતો જણાયો, જેને ધ્યાને રાખી સેવાભાવી સંસ્થાઓ અને સ્થાનિકો દ્વારા ઠેર-ઠેર ઠંડી છાશ, પાણી અને વડાપાઉં જેવા નાસ્તાની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

**ત્રણ દિવસીય કાર્યક્રમોની ભવ્ય રૂપરેખા :** શાસ્ત્રોક્ત વિધિ મુજબ આ મહોત્સવ આગામી ત્રણ દિવસ સુધી વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોથી ધમધમશે.

**૬ માર્ચ (શુક્રવાર):** મહોત્સવના પ્રથમ દિવસે સવારથી જ પંચાંગ કર્મ અને યજ્ઞ મંડપ પ્રવેશની વિધિઓ આચાર્ય શ્રી કમલેશભાઈ સુરેશચંદ્ર ભટ્ટના માર્ગદર્શન હેઠળ શરૂ થશે. રાત્રે ૯:૩૦ કલાકે ભવ્ય 'લોક ડાયરો' યોજાશે, જેમાં સુપ્રસિદ્ધ કલાકારો હરેશદાન સુરૂ અને જીતુભાઈ ગઢવી પોતાની ગાયકીથી ભક્તિની સરવાણી વહાવશે.

**૭ માર્ચ (શનિવાર):** બીજા દિવસે જલયાત્રા અને દેવ વિમાનોના શિખર સ્થાપનની ગરિમાપૂર્ણ વિધિ સંપન્ન થશે. રાત્રિના સમયે સાંસ્કૃતિક કાર્યક્રમ અંતર્ગત મેરામણભાઈ આહિર ગ્રુપ (માંડવા) દ્વારા 'શ્રી કૃષ્ણ લીલા' અને મનોરંજક 'કાનગોપી'ના કાર્યક્રમો રજૂ કરવામાં આવશે.

**૮ માર્ચ (રવિવાર):** મહોત્સવના અંતિમ અને મુખ્ય દિવસે સવારે ૧૧:૦૦ થી ૧૨:૩૨ના વિજય મુહૂર્તમાં નૂતન મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા વિધિ સંપન્ન થશે. મહોત્સવની પૂર્ણાહુતિ રાત્રે ગોવિંદ ગઢવી અને વિજય ગઢવીની જોડી દ્વારા પ્રસ્તુત 'સંતવાણી'ના કાર્યક્રમથી થશે.

**રાજકીય અને સામાજિક માંધાતાઓની ઉપસ્થિતિ :** આ ધાર્મિક અવસરની શોભા વધારવા માટે ગુજરાત સરકારના નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે. તેમની સાથે વલસાડ-ડાંગના સાંસદ શ્રી ધવલભાઈ પટેલ, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી યુવરાજસિંહ જાડેજા, ધારાસભ્ય શ્રી જીતુભાઈ ચૌધરી સહિત અનેક રાજકીય, સામાજિક અગ્રણીઓ અને વિવિધ મઠ-મંદિરોના સાધુ-સંતો આશીર્વચન પાઠવવા પધારશે.

**માલધારી સમાજ દ્વારા મહાપ્રસાદની વ્યવસ્થા :** સલવાવના આ આંગણે પધારનારા હજારો ભક્તો માટે વ્યવસ્થાપન સમિતિ દ્વારા અભૂતપૂર્વ આયોજન કરવામાં આવ્યું છે. મહોત્સવના ચારેય દિવસ દરમિયાન સમગ્ર માલધારી સમાજ તરફથી મહાપ્રસાદની સેવા પૂરી પાડવામાં આવશે. મૂર્તિઓના દાતાશ્રીઓ અને ટ્રસ્ટી મંડળ દ્વારા ભક્તોને કોઈ અગવડ ન પડે તે માટે વિશાળ ડોમ, પાર્કિંગ અને પાણીની સુવિધાઓ સુનિશ્ચિત કરવામાં આવી છે. આયોજકો દ્વારા આ ધર્મલાભ લેવા માટે વાપી અને આસપાસના વિસ્તારના તમામ ભાવિકભક્તોને હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# વાપી બિહાર મિત્રમંડળ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પરંપરાગત લોકગીતો સાથે હોળી સમારોહ યોજાયો



**હોલિકા દહન, પ્રીતિ ભોજન સાથે કરાયેલા આયોજનમાં ઉત્તર ભારતીય બિહાર સમાજના ગણમાન્ય અગ્રણી ઉપસ્થિત રહ્યા**

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૦૫**

વાપીમાં કાર્યરત બિહાર મિત્ર મંડળ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા લોકગીતો સાથે પરંપરાગત હોળી ઉજવણી માટેનો સમારોહ યોજાયો હતો.

બિહાર મિત્ર મંડળ ચેરીટેબલ ટ્રસ્ટ વાપીમાં લોક સેવા અને ધાર્મિક પર્વ ઉત્સવોનું પ્રતિવર્ષ દરમિયાન આયોજન કરે છે. છઠ્ઠ પર્વ, સરસ્વતિ પૂજા, નવરાત્રિ, રક્તદાન કેમ્પ જેવી સામાજીક ધાર્મિક સેવાઓના આયોજન થકી સમાજ એકતા પુરી પાડી રહેલ છે. આ શૃંખલામાં હોળી પર્વની ઉજવણી હોલિકા દહન સાથે કરવામાં આવી હતી. આ પ્રસંગે પ્રીતિ ભોજન તથા લોકગીતો સંગીત કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં નામાકિત્ત ભજનીક ગાયકોએ બિહારી શૈલીના લોકગીતો ગાઈને લોકોને મંત્રમુગ્ધ કર્યા હતા. કાર્યક્રમમાં બિહાર સમાજના અનેક ગણમાન્ય અગ્રણી ઉપસ્થિત રહીને એકબીજાને રંગ લગાવીને હોળીની શુભકામના પાઠવી હતી. હોલી હૈ ના જયઘોષથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. પોતાની સાંસ્કૃતિક વિરાસત સામાજીક સૌહાર્દની ઝલક કાર્યક્રમમાં ઉભરી આવી હતી.


**CHANGE OF NAME**

RITABEN KISHOR PATEL to **RITABEN KISHORKUMAR PATEL**
**Add.:** 13/195, Main Road, Zapabar, Nani Daman-396210.

**CHANGE OF NAME**

**OLD NAME:** SARIFA MUSA
**NEW NAME: CATIJA MUSSA**
**ADDRESS:** H. NO.48-1, BHITWADI, MOTI DAMAN - 396220.

**CHANGE OF NAME**

**OLD NAME:** SABA
**NEW NAME: SABA MOHOODIN UMARMIA**
**ADDRESS:** 59, BHITWADI, NEAR COLLECTORATE, MOTI DAMAN, DAMAN, DAMAN, PIN: 396220, DAMAN AND DIU, INDIA.

**CHANGE OF NAME**

**OLD NAME:** SEJAL HETALKUMAR PATEL
**NEW NAME: SEJAL SOMABHAI PATEL**
**ADDRESS:** 34, Patel Falia, Bhimpore, Nani Daman - 396210.

**The Daman & Diu State Co-operative Bank Ltd.**

**ADVERTISEMENT**

The Daman & Diu State Cooperative Bank Ltd., in furtherance to directions of NABARD, invites applications on plain paper with complete Bio-data from desirous candidates for hiring one "COOPERATIVE INTERNS" for a period of one year only for Diu District, on the terms and conditions contained in NABARD's circular dated 15.03.2024

For details, please scan

Advt. no.2/2025-26
Published Date: 04.03.2026
Last Date of Form Submission: 24.03.2026

General Manager (HR/ADM), Head Office: H. No. 14/54, 1st Floor, Dilip Nagar, Nani Daman – 396210.
**E-mail:** adm@ddscbl.bank.in **Website:** https://ddscbl.bank.in

**સંઘ પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ પ્રશાસન**

જાહેર બાંધકામ વિભાગ – દીવ

**ટેન્ડર આમંત્રિત કરવાની સુચના**

દીવ જિલ્લામાં ખુકરી જહાજ P-49 ના સલામતીનાં પગલાં માટે પેઇન્ટિંગ, ડબલિંગ, પરચુરણ સમારકામ અને જાળવણી, વિશિષ્ટ સામગ્રી અને અન્ય સંલગ્ન વસ્તુઓની સપ્લાય કરવાની દરખાસ્ત (2nd Call).

For details please scan
https://ddtenders.gov.in
eepwd-diu-dd@nic.in
02875-252294

| | | |
|---|---|---|
| ટેન્ડર સુચના નં. તથા ઓળખ નં. | : | 37/2025-2026 (2026_DIUDT_4637_1) |
| પ્રી-બીડ મીટીંગ ની તારીખ | : | -- |
| ડાઉનલોડ ની છેલ્લી તારીખ | : | 11/03/2026 |
| ઓનલાઇન સબમીટ છેલ્લી તારીખ | : | 11/03/2026 |
| બીડ ખોલવાની તારીખ | : | 11/03/2026 |

**કાર્યપાલક અભિયંતા, લોક નિર્માણ વિભાગ, નિર્માણ વિભાગ-૨, દીવ.**

No. IP/DMN/2/5/2025-26/1212, Dated: 05/03/2026

**કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવનું યુટી એડમિનિસ્ટ્રેશન**

**દમણ નગરપાલિકા, દમણ**

**ટેન્ડરને આમંત્રિત કરવાની સૂચના**

[i] દમણ મ્યુનિસિપલ કાઉન્સિલ, દમણના વિવિધ સ્થળોએ સ્ટ્રીટ લાઈટ થાંભલાઓનો પુરવઠો અને વ્યાપક સંચાલન અને જાળવણી કરાર.

For details please scan
https://ddtenders.gov.in

| | |
|---|---|
| ટેન્ડર નં. | : 15/2025-26/DMC |
| ટેન્ડર આઈડી નં. | 2026_DAMAN_4642_1 |
| ડાઉનલોડની છેલ્લી તારીખ | : 11/03/2026 |
| હાર્ડ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખ | : 13/03/2026 |
| બિડ ખોલવાની તારીખ | : 13/03/2026 |

**મુખ્ય અધિકારી, દમણ નગરપાલિકા, દમણ.**

No. IP/DMN/2/5/2025-26/1211, Dated: 05/03/2026

**કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ**

**જાહેર બાંધકામ વિભાગ - દમણ**

**ટેન્ડરને આમંત્રિત કરવાની સૂચના**

સરકારી કોલેજ દમણનું આંતરિક અને ફર્નિચરનું કામ.

For details please scan
https://ddtenders.gov.in

| | |
|---|---|
| ટેન્ડર આઈડી નં. | : 2026_DAMAN_4636_1 |
| પ્રીબીડ મીટિંગ તારીખ | : --- |
| ડાઉનલોડની છેલ્લી તારીખ | : 25/03/2026 |
| હાર્ડ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખ | : 25/03/2026 |
| બિડ ખોલવાની તારીખ | : 25/03/2026 |

**કાર્યપાલક અભિયંતા, લો.નિ.વિ.-૧, દમણ**

No. IP/DMN/2/5/2025-26/1207, Dated: 03/03/2026

**કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ**

**જાહેર બાંધકામ વિભાગ - દમણ**

**ટેન્ડરને આમંત્રિત કરવાની સૂચના**

દમણની નર્સિંગ કોલેજ માટે MEP, ELV, FFTG અને સોલાર સિસ્ટમ સાથે હોસ્ટેલ બિલ્ડીંગનું બાંધકામ.

For details please scan
https://ddtenders.gov.in

| | |
|---|---|
| ટેન્ડર આઈડી નં. | : 2026_DAMAN_4638_1 |
| પ્રીબીડ મીટિંગ તારીખ | : 16/03/2026 |
| ડાઉનલોડની છેલ્લી તારીખ | : 27/03/2026 |
| હાર્ડ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખ | : 27/03/2026 |
| બિડ ખોલવાની તારીખ | : 27/03/2026 |

**કાર્યપાલક અભિયંતા, લો.નિ.વિ.-૧, દમણ**

No. IP/DMN/2/5/2025-26/1208, Dated: 03/03/2026

**કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવનું યુટી એડમિનિસ્ટ્રેશન**

**દમણ નગરપાલિકા, દમણ**

**ટેન્ડરને આમંત્રિત કરવાની સૂચના**

[i] દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવના કેન્દ્ર શાસિત પ્રદેશો માટે સ્વચ્છ ભારત મિશન (SBM 2.0) શહેરો હેઠળ ક્ષમતા નિર્માણ, કૌશલ્ય વિકાસ અને જ્ઞાન વ્યવસ્થાપન (CB, SD અને KM) માટેની સેવાઓ માટે કન્સલ્ટન્સી ફર્મની પસંદગી.

For details please scan
https://ddtenders.gov.in

| | |
|---|---|
| ટેન્ડર નં. | : 14/2025-26/DMC |
| ટેન્ડર આઈડી નં. | 2026_DAMAN_4640_1 |
| ડાઉનલોડની છેલ્લી તારીખ | : 11/03/2026 |
| હાર્ડ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખ | : 13/03/2026 |
| બિડ ખોલવાની તારીખ | : 13/03/2026 |

**મુખ્ય અધિકારી, દમણ નગરપાલિકા, દમણ.**

No. IP/DMN/2/5/2025-26/1209, Dated: 03/03/2026

**U. T. ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

**DIU MUNICIPAL COUNCIL - DIU**
**NOTICE INVITING TENDER**

1. Construction of CC Road from Diu circle to STP upto NH-251 at Gndhipara and on surrounding area of Jethibai Bus terminal Building at Diu (2nd Call).

www.diu.gov.in
dmc-diu-dd@nic.in
02875-252126

| | |
|---|---|
| Tender No. | : DMC/DIU/CONST/2025-2026/1274 |
| Start date id submission | : 03/03/2026 till 11.00 Hrs |
| Last date for physical submission | : 18/03/2026 at 14:30 Hrs |
| Bid opening date | : 18/03/2026 at 16:00 Hrs |

Chief Officer, Diu Municipal Council, Diu

No. IP/DMN/2/5/2025-26/1210, Dated: 03/03/2026

વર્તમાન પ્રવાહ — વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક


Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

# ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનનો જામેલો ચૂંટણી જંગ

## ઉમેદવારી પત્રક રજૂ કરવાના આજના અંતિમ દિવસે રજૂ થયેલા ૩૪ દાવેદારી પત્રકથી ખરાખરીના જંગનું બનેલું વાતાવરણ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સરીગામ, તા.૦૫**

આગામી ૨૭મી માટે યોજનારી ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન (UIA)ની વર્ષ ૨૦૨૬-૨૦૨૮ની ટર્મ માટેની ચૂંટણીને લઈને ઉદ્યોગ જગતમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ઉમેદવારી પત્રક રજૂ કરવાના અંતિમ દિવસે કુલ ૩૪ દાવેદારી રજૂ થતા ચૂંટણી જંગ અત્યંત રસપ્રદ અને રસાકસીભર્યો રહેવાના સંકેતો મળી રહ્યા છે.

ઈલેક્શન કમિટી દ્વારા જાહેર કરવામાં આવેલા પરિપત્ર મુજબ ચૂંટણી પ્રક્રિયામાં ફોર્મની ચકાસણી ૮ માર્ચ, ઉમેદવારી ખેંચવાની તારીખ ૧૫ માર્ચ છે જે જોતા ૧૫મી માર્ચ પછી જ ચૂંટણી જંગનું ચિત્ર સ્પષ્ટ થશે.

ચૂંટણી મેદાનમાં રજૂ થયેલી દાવેદારી પત્રક મુજબ : ૧ બાંઠિયા નરેશભાઈ (સીટીઝન અમ્બ્રેલા), ૨. ભટ્ટ કેયુરભાઇ (બાલાર્ક ઈલેક્ટ્રિકલ્સ), ૩. ભરવાડ ભગવાનભાઈ (અમર કન્સ્ટ્રક્શન), ૪. ચંદન ચિરાગભાઈ (ચંદન સ્ટીલ લિમિટેડ), ૫. ચૌરસિયા રત્નેશ્વર (ક્લીનફ્લો કુલિંગ ટાવર પ્રા.લિ.), ૬. ગાંધી મયુર(સામિત રાઈટિંગ એડ્સ પ્રા.લિ.), ૭.ગુપ્તા અશોક (સંતો એન્જિનિયરિંગ કો.પ્રા. લિ.), ૮. હિંમતરામકા અનુપ(માસ્ટરપેક ઈન્ડસ્ટ્રીઝ), ૯. હિરણી નીતિન (નીતિન એ. હિરણી), ૧૦.જૈન નિલેશ (કે. કે, સિલ્ક મિલ્સ લિમિટેડ), ૧૧.જૈન પ્રવીણ (ચંદન સ્ટીલ લિમિટેડ), ૧૨. જૈન રમેશ (શ્રી હરિઓમ ડેવલપર્સ), ૧૩. જૈન સમ્યક (રાજમણી એન્ટરપ્રાઇઝ), ૧૪. કાપડિયા બીનલ(એસ. ક્લોથિંગ કો.પ્રા. લિ.), ૧૫. લાઢા બ્રિજગોપાલ (ભગવતી પ્લાસ્ટિક ઈન્ડસ્ટ્રીઝ), ૧૬. માંજ નવિન (નવિન ડી.માંજે), ૧૭. નાયક ધર્મેશ (હનુમાન એન્ટરપ્રાઈઝ), ૧૮. પઢિયાર દિનેશ (ગ્રાઈન્ડ બેક),૧૯.પંચાલ કેતન(કિલુ ફેબ્રિકેટર્સ), ૨૦.પંચાલ કિરીટ (કિરીટ એમ. પંચાલ), ૨૧.પંચાલ વિપુલ (પંચાલ પ્લાસ્ટિક મશીનરી પ્રા. લિ.),૨૨ પુઠાવાલા નિરજ (નિરજ હસમુખ પુથાવાલા), ૨૩. રાવ શેષાગિરી (ઓમ કેમ એન્જિનિયર્સ), ૨૪. શાહ આશિષકુમાર (આશિષ હસમુખલાલ શાહ), ૨૫. શાહ ધીરેન્દ્ર(ડીએચવી ફિટિંગ પ્રા. લિ.), ૨૬. શાહ મેહુલ (સુપરકીનો ઈક્વિપમેન્ટ્સ પ્રા. લિ.), ૨૭.શાહ વિવેક (શુભલક્ષ્મી મેટલ્સ એન્ડ ટ્યુબ્સ પ્રા. લિ.), ૨૮. શેખ મૂસા (ફ્રિજીડેર રેફ્રિજરેશન), ૨૯. સોનપાલ મિહિર (ઈનોવેટિક એન્જિનિયરિંગ), ૩૦. થામન પ્રશાંત (સરક્લિપ્સ ટેક્નોલોજીસ પ્રા.લિ.), ૩૧.વર્મા છોટુલાલ પવન પ્લાસ્ટિક, ૩૨.વર્મા પ્રકાશ (લક્ષ્મી ટેક્સ પ્લાસ્ટ ઈન્ડસ્ટ્રીઝ), ૩૩. વિજાન શ્યામ (અક્ષર ઈન્ડસ્ટ્રીઝ), ૩૪. વોહરા તાહેર(પંજતન ઈન્ડસ્ટ્રીઝ)નો સમાવેશ થાય છે.

સમગ્ર ચૂંટણી પ્રક્રિયા ચેરમેન શ્રી સુખવિંદર સિંઘ ચાવલા અને સભ્યો શ્રી દિલીપ એસ. સોહોની તથા શ્રી દિવસ દિવાકરણની દેખરેખ હેઠળ યોજાઈ રહી છે. ૧૫મી માર્ચના રોજ ફોર્મ ખેંચવાની મુદ્દત પૂર્ણ થયા બાદ જ અંતિમ ચિત્ર સ્પષ્ટ થશે કે કેટલા ઉમેદવારો વચ્ચે સીધી સ્પર્ધા થશે.

# વાપીમાં કરોડોના ખર્ચે બની રહેલા બ્રિજની કામગીરીનું મંત્રી કનુભાઈ દેસાઈએ કર્યું નિરીક્ષણ: અધિકારીઓને આપી મહત્વની સૂચના





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા. ૦૫**

પારડી વિધાનસભાના ધારાસભ્ય અને ગુજરાત રાજ્યના નાણાં તેમજ શહેરી વિકાસ કેબિનેટ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ દ્વારા આજે વાપીમાં ચાલી રહેલા વિવિધ વિકાસકાયાનું સ્થળ પર જઈને નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. વાપી શહેરની ટ્રાફિક સમસ્યાના નિરાકરણ માટે મહત્વકાંક્ષી ગણાતા બ્રિજ પ્રોજેક્ટ્સની કામગીરી વહેલી તકે પૂર્ણ થાય તે માટે મંત્રીશ્રીએ સક્રિયતા દાખવી હતી.

**મુખ્ય સ્થળોનું નિરીક્ષણ:** મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ નીચે મુજબના સ્થળોએ ચાલી રહેલી કામગીરીની ઝીણવટભરી તપાસ કરી હતી, ઝંડાચોક અંડર પાસ, દમણ-સેલવાસ રોડ પર બની રહેલા બ્રિજની કામગીરીની પ્રગતિ તપાસી, વાપી જી.આઈ.ડી.સી. જે-ટાઈપ અહીં બની રહેલા બ્રિજની કામગીરીનું પણ નિરીક્ષણ કર્યુ અને ટેક્નીકલ પાસાઓની જાણકારી મેળવી

**અધિકારીઓને કડક સૂચના:** નિરીક્ષણ દરમિયાન નાણામંત્રીશ્રીએ હાજર રહેલા આર એન્ડ બી (માર્ગ અને મકાન વિભાગ)ના અધિકારીઓને સૂચના આપી હતી કે, લોકોની સુવિધા માટે આ પ્રોજેક્ટ્સ અત્યંત મહત્વના છે, તેથી કામગીરી ઝડપથી પૂર્ણ કરવા માટે જરૂરી સૂચનો કર્યા હતા. વાપીમાં ટ્રાફિકની ગૂંચ ઉકેલવા માટે આ બ્રિજનું નિર્માણ ખૂબ જ જરૂરી છે. કેબિનેટ મંત્રીશ્રીની રૂબરૂ મુલાકાત બાદ હવે આ છ કામગીરીમાં વેગ આવશે અને નજીકના ભવિષ્યમાં વાપીના નાગરિકોને ટ્રાફિકમાંથી મુક્તિ મળશે તેવી આશા જાગી છે.

આ તબક્કે વલસાડ જિલ્લા ભાજપ, ઉપપ્રમુખ શ્રી સતિષભાઈ પટેલ, વાપી શહેર ભાજપ પ્રમુખ શ્રી મનિષભાઈ દેસાઈ, વાપી મહાનગરપાલિકા કમિશનર શ્રી યોગેશભાઈ ચૌધરી, માર્ગ અને મકાન વિભાગીય કચેરી કાર્યપાલક ઈજનેરશ્રી જતીનભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

# અપંગતા એ પૂર્ણવિરામ નહીં, અલ્પવિરામ છેઃ બે ભયાનક અકસ્માતોને હરાવનાર નરબંકાની ગાથા

**પ્રથમ અકસ્માતમાંથી સાજા થયા બાદ ૧૯૭૫માં તેઓ એક પ્લેન ક્રેશનો શિકાર બન્યા. આ અકસ્માતમાં તેમની કરોડરજ્જુમાં ઈજા થઈ અને તેઓ કમરથી નીચે લકવાગ્રસ્ત થઈ ગયા. તેઓ કાયમ માટે વ્હિલચેર પર આવી ગયા. આટલી પીડા છતાં, મિશેલે ક્યારેય હાર ન માની. તેમણે સાબિત કર્યું કે અપંગતા શરીરમાં હોય છે, મનમાં નહીં. વ્હિલચેર પર હોવા છતાં, તેઓ કોલોરાડોના એક શહેરના મેયર તરીકે ચૂંટાયા હતા**

ફ્રાંસના લૂઈ બ્રેઈલ નામના બાળકે નાની વયે અકસ્માતમાં આંખો ગુમાવી દીધી. અંધકારમય જીવનને ઉજાળવા તેણે ફક્ત પંદર વર્ષની નાની વયે સ્પર્શ આધારિત એક લિપિ વિકસાવી. આ લિપિમાં ખાસ ખીલી વડે પ્રત્યેક અક્ષર માટે કાગળ પર વિવિધ ભાતમાં બિંદુઓ ઉપસાવવામાં આવે છે. જેનો આંગળીના ટેરવાથી સ્પર્શ કરવાથી અક્ષરો ઓળખવામાં આવે છે. તે કિશોરના સન્માનમાં આ લિપિ ‘બ્રેઈલ’ તરીકે વિશ્વભરમાં ઓળખાઈ. વિશ્વભરના દૃષ્ટિબાધિત લોકો માટે આ લિપિ સ્વતંત્રતા, શિક્ષણ અને જ્ઞાનનો અધિકાર આપે છે.

આત્મવિશ્વાસ અને આત્મનિર્ભરતા બક્ષતી બ્રેઈલ માત્ર લિપિ નથી - તે લાખો લોકો માટે ‘‘પ્રકાશ’’ સમાન છે.

જ્યારે લૂઈ બ્રેઈલે આ લિપિનું સર્જન કર્યું હશે, ત્યારે તેને પણ ખબર નહીં હોય કે આ લિપિ ટેરવાથી નહીં પરંતુ હોઠ અને જીભથી વાંચી શકે તેવા નરબંકા પાકશે. આ વાત છે ડબલ્યુ. મિશેલની, કે જેણે બ્રેઈલ લિપિમાં લખેલી બાઈબલ જીભે વાંચેલી!

● ● ● ● ●

વાત છે સાન ફ્રાન્સિસ્કોમાં ૮, ઑક્ટોબર ૧૯૪૩ના રોજ જન્મેલા ડબલ્યુ. મિશેલ (W. Mitchell)ની.

સામાન્ય મધ્યવર્ગીય પરિવારમાં જન્મેલા મિશેલ બાળપણથી જ ઊર્જાવાન, આત્મવિશ્વાસી અને સાહસિક સ્વભાવના હતા. કૉલેજ દરમ્યાન જ તેમનો નેતૃત્વનો ગુણ ઉપસી આવેલો. એમાં વળી United States Marine Corps માં મેરિન તરીકે સેવા આપતા તેમણે શિસ્ત, દૃઢતા અને જવાબદારી શીખી. આ ગુણો તેમના જીવનના સંઘર્ષમાં ખૂબ ઉપયોગી નીવડ્યા.

સૈન્ય સેવા પછી સાન ફ્રાન્સિસ્કોમાં સ્થાયી થયેલા મિશેલનું જીવન સફળતાપૂર્વક

## સિક્કાની ત્રીજી બાજુ



- સ્વામી ચિન્મયદાસ

આગળ વધી રહ્યું હતું.

પરંતુ તેમના જીવનના બે અકસ્માતોએ તેમની દિશા બદલી નાંખી અને એ જ ઘટનાઓ અનેકની પ્રેરણાનો સ્રોત બની ચૂકી.

૧૯૭૧માં એક વાર તેઓ પોતાની મોટરસાઈકલ લઈને જઈ રહ્યા હતા ત્યારે એક ટ્રક સાથે તેમનો ભયાનક અકસ્માત થયો. બળતણની ટાંકી ફાટવાને કારણે તેમનું ૬૫% શરીર ગંભીર રીતે દાઝી ગયું. તેમના હાથની કાર્યક્ષમતા લગભગ નષ્ટ થઈ ગઈ. તેમનો ચહેરો સંપૂર્ણપણે બદલાઈ ગયો. દૃષ્ટિ નબળી પડી ગઈ. ચહેરાની સંવેદના પણ ઘટી ગઈ.

સારવાર દરમ્યાન હોસ્પિટલમાં તેઓને બાઈબલ વાંચવાની અદમ્ય ઈચ્છા થઈ. પરંતુ નબળી દૃષ્ટિને કારણે તે શક્ય હતું નહીં. તેથી તેમણે બ્રેઈલ લિપિનો સહારો લેવા વિચાર્યું પરંતુ તે માટે તેમની પાસે આંગળીઓ નોહતી.

તેમણે એવું સાંભળ્યું હતું કે કેટલાંક લોકો હોઠ વડે પણ બ્રેઈલ વાંચતા તેથી હોઠ વડે પણ વાંચવા પ્રયાસ કર્યો! પરંતુ હોઠમાં સંવેદના ઓછી હોવાથી તેમણે જીભના ટેરવાનો ઉપયોગ કરી બ્રેઈલ વાંચવાનું શીખ્યું.

જ્યારે આંગળીઓ સાથ ન આપે, હોઠ સંવેદના ગુમાવે - ત્યારે પણ મન હાર માને નહીં. જીભના ટેરવાથી અક્ષરો શોધતો એ મનુષ્ય હકીકતમાં શબ્દ નહીં, પણ આશા વાંચી રહ્યો હતો.

તેમણે વિશ્વને બતાવ્યું કે, ‘અદમ્ય ઈચ્છાની પરિપૂર્તિ માટે શારીરિક પ્રતિકૂળતા પણ અવરોધી શકતી નથી.’

પ્રથમ અકસ્માતમાંથી સાજા થયા બાદ ૧૯૭૫માં તેઓ એક પ્લેન ક્રેશનો શિકાર બન્યા. આ અકસ્માતમાં તેમની કરોડરજ્જુમાં ઈજા થઈ અને તેઓ કમરથી નીચે લકવાગ્રસ્ત થઈ ગયા. તેઓ કાયમ માટે વ્હિલચેર પર આવી ગયા.

આટલી પીડા છતાં, મિશેલે ક્યારેય હાર ન માની. તેમણે સાબિત કર્યું કે અપંગતા શરીરમાં હોય છે, મનમાં નહીં. વ્હિલચેર પર હોવા છતાં, તેઓ કોલોરાડોના એક શહેરના મેયર તરીકે ચૂંટાયા હતા.

આજે તેઓ વિશ્વના શ્રેષ્ઠ ‘મોટિવેશનલ સ્પીકર’ માંથી એક છે. તેમનું પુસ્તક ‘‘It’s Not What Happens to You, It’s What You Do About It’’ ખૂબ જ લોકપ્રિય છે.

તેઓ કહે છે: ‘‘મારા જીવનમાં ૧૦૦૦ વસ્તુઓ એવી હતી જે હું અકસ્માત પહેલા કરી શકતો હતો, હવે કદાચ હું તેમાંથી ૯૦૦ નથી કરી શકતો. પણ હું બાકીની ૧૦૦ વસ્તુઓ પર ધ્યાન આપું છું. જે હું હજી પણ કરી શકું છું.’’

તેઓનો જીવનમંત્ર છે:

‘‘તમે શું ગુમાવ્યું છે, તેના બદલે તમારી પાસે શું બચ્યું છે?’’

જો આ વિચારને મધ્યબિંદુમાં રાખી વ્યક્તિ જીવે તો તેઓ માટે મુશ્કેલીના પહાડો ધોરીમાર્ગ જેવાં સરળ બની જાય!

જો મન મક્કમ હોય તો અપંગતા ક્યારેય જીવનની પૂર્ણવિરામ નથી – તે માત્ર અલ્પવિરામ છે.

જીવન આપણને ક્યાં અટકાવે છે તે મહત્વનું નથી – આપણે ક્યાંથી ફરી શરૂ કરીએ તે મહત્વનું છે.

# વાપી છરવાડામાં આસ્થા સાથે ચેડા: હોલીકા દહન બાદ મોડી રાત્રે ત્રણ વિધર્મી કિશોરોએ શૌચક્રિયા કરતા સ્થિતિ વણસી

## લોકોમાં આક્રોશ ફાટ્યો, ટોળે ટોળા વળી ગયા, પોલીસ આવી ત્રણ કિશોરોને પોલીસ સ્ટેશનમાં લઈ ગઈ, સમાજના આગેવાનોની દરમિયાનગીરી બાદ મામલો થાળે પાડ્યો




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૫**

વાપીમાં હોળી દહનની પૂજા-અર્ચના ચોમેર શાંતિપૂર્ણ અને આસ્થા ઉલ્લાસભર્યા વાતાવરણમાં હોળી દહન સંપન્ન થયું હતું. પરંતુ છરવાડા ગામમાં શાંતિને ડહોળતો મલીતો ચંપાયો હતો. ત્રણ વિધર્મી કિશોરો મોડી રાત્રે હોલીકા દહન સ્થળ ઉપર પહોંચીને શૌચક્રિયા કરી આસ્થા સાથે ચેડા કરવાનું કુકર્મ કર્યુ હતું. ઘટનાની જાણ થતાં સેંકડોના ટોળા ઉમટી આવ્યા લોકોનો ગુસ્સો આસમાને પહોંચ્યો હતો. ઘટનાની જાણ થતાં ઉચ્ચ પોલીસ અધિકારીઓના કાફલો ઘટના સ્થળે દોડી આવી મામલો સંભાળી લીધો હતો.

કટ્ટરવાદ અને મદરેસા શિક્ષણની એન્ટ્રી વાપીમાં થઈ ચૂકી છે. તે છરવાડાની ઘટનાએ સાબિત કરી દીધું છે. છરવાડામાં વિધર્મી કિશોરો કરેલી ધૃતકારી ચેષ્ટાની જાણ બાદ હિંદુ સંગઠનના કાર્યકરો પણ દોડી આવ્યા હતા. સમગ્ર ઘટના સી.સી.ટી.વી. કેમેરામાં કેદ થઈ ગઈ હતી. પોલીસે ત્રણેય કિશોરોની અટક કરી છે. પોલીસ સ્ટેશને લઈ ગઈ હતી. સમાજના આગેવાનોની દરમિયાનગીરી બાદ મામલો થાળે પાડ્યો હતો. પરંતુ વાપી માટે આ ઘટના લાલબત્તી સમાન બની છે. સમાજની શાંતિને ડળોળવા માટે આંતરિક પ્રયાસ શરૂ થઈ ચૂક્યો છે. જો આવી ઘટના મસ્જીદ કે દરગાહ ઉપર ઘટી હોત તો નેશનલ ઈશ્યુ બની જાત એટલી બધી કટ્ટરતા આંતરીક રીતે છવાયેલી ઘટનાએ સાબિત કરી દીધી છે.

# વાપી જીઆઈડીસી કાર શો રૂમમાં પાર્ક કરેલી હ્યુન્ડાઇ ક્રેટા કાર સાતિર ચોર રાત્રે ફિલ્મી ઢબે ચોરી કરી ફરાર




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૫**

વાપી જીઆઈડીસી વિસ્તારમાં એક હોસ્પિટલ નજીક આવેલ કાર શો રૂમમાં પાર્ક કરેલી કાર અજાણ્યો સાતિર ચોર રાત્રિના સમયમાં કારનું લોક તોડી ફિલ્મી સ્ટાઈલથી કાર ચાલુ કરી ચોરી ફરાર થઈ ગયો હતો. અવાજથી જાગી ગયેલો વોચમેન બુમો પાડતો રહ્યો પરંતુ ચોર અંધારામાં કાર ચોરી રફુચક્કર થઈ ઘયો હતો.

વાપી જીઆઈડીસીમાં એક હોસ્પિટલ પાસે જુની નવી કારોનું વેચાણ કરતા એક શો રૂમમાં ઉદવાડા પ્રજ્ઞેશસિંહ સોલંકીએ પોતાની કાર વેચાણ કરવા માટે આપી હતી. હુન્ડાઈ ક્રેટા કાર જીજે ૧૨ સીજી ૮૦૬૬ પાર્ક કરેલી પડી હતી તે દરમિયાન રાત્રિના ૩ થી ૪ વાગ્યાના સુમારે એક સાતિર ચોર આવેલો અને કારનો દરવાજો તોડી ડુપ્લિકેટ ચાવીથી કાર ચાલું કરી ફિલ્મી ઢબે કાર ચોરી ભાગી છૂટ્યો હતો. કાર ચાલુ થવાનો અવાજ આવતા વોચમેન અને તેની પત્ની જાગી ગયા હતા. દોડતા આવી ચોરને પકડવાની કોશિશ કરી હતી પરંતુ સફળ રહ્યો નહોતો. કાર માલિક પ્રજ્ઞેશસિંહ સોલંકીએ જીઆઈડીસી પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે સીસીટીવી ફૂટેજમાં કેદ થયેલી ઘટનાના ફૂટેજ મેળવી વધુ આગળની તપાસ હાથ ધરી છે.

# વલસાડ જિલ્લા ભાજપના નવનિયુક્ત પ્રભારી વિનયભાઈ શુક્લાનો ભવ્ય અભિવાદન સમારોહ યોજાયો




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૫**

વલસાડના ઐતિહાસિક અને આસ્થાના કેન્દ્ર સમાન શ્રી ભીડભંજન મહાદેવ મંદિર ખાતે વિશેષ અભિવાદન સત્કાર સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. વલસાડ જિલ્લા ભાજપ સંગઠનના નવનિયુક્ત પ્રભારી શ્રી વિનયભાઈ શુક્લાનાની નિયુક્તિ પર બ્રહ્મ સમાજ તેમજ ભીડભંજન મહાદેવ મંદિર ટ્રસ્ટ દ્વારા આ ગરિમાપૂર્ણ કાર્યક્રમ યોજાયો હતો,.

કાર્યક્રમની શરૂઆતમાં નવનિયુક્ત પ્રભારી શ્રી વિનયભાઈ શુક્લાએ શ્રી ભીડભંજન મહાદેવના શરણે શીશ ઝુકાવ્યું હતું. તેમણે શાસ્ત્રોક્ત વિધિ મુજબ મહાદેવની પૂજા, અર્ચના અને અભિષેક કરી જિલ્લાની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી. પ્રસિદ્ધ કથાકાર પૂજ્ય શ્રી પ્રફુલભાઈ શુક્લ, શ્રી શિવજી મહારાજના અધ્યક્ષ સ્થાને આ સમગ્ર સત્કાર વિધિ સંપન્ન થઈ હતી.

આ પ્રસંગે પ્રદેશ મંત્રી શ્રીમતી સોનલબેન સોલંકી અને વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી હેમંતભાઈ કંસારા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે શ્રી વિનયભાઈનું સ્વાગત કરી તેમને નવી જવાબદારી બદલ શુભેચ્છાઓ પાઠવી હતી.

અભિવાદનનો સ્વીકાર કરતા શ્રી વિનયભાઈ શુક્લાએ સૌનો આભાર માન્યો હતો અને આગામી સમયમાં સંગઠનને વધુ વેગવંતુ બનાવવા માટે કાર્યકર્તાઓને માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભાજપના કાર્યકર્તાઓ અને બ્રહ્મ સમાજના અગ્રણીઓ હાજર રહી નવનિયુક્ત પ્રભારીને આવકાર્યા હતા

આ તબક્કે જિલ્લા ભાજપ મહામંત્રીશ્રીઓ શ્રી કમલેશભાઈ પટેલ, શ્રી ગણેશભાઈ બીરારી, શ્રી નિખિલભાઈ ચોકસી, નગરસેવકો અને વિવિધ મોરચાના પ્રમુખ-મહામંત્રીઓ, શ્રીબ્રહ્મ સમાજના આગેવાનો, ભીડભંજન મંદિરના ટ્રસ્ટીગણ તથા સાધુ-સંતો ઉપસ્થિત રહ્યા હતા.

# વાપી છીરી રાતા ખાડીમાં નહાવા પડેલો ૨૨ વર્ષીય યુવાનનું મોત : જીઆઈડીસી ફાયર ટીમે રેસ્ક્યુ ઓપરેશન કર્યું

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૫**

વાપી નજીક આવેલા છીરી રાતા ખાડીમાં નહાવા પડેલ યુવાનનું ડૂબી જતા મોત થયું હતું. ઘટનાની જાણ બાદ જીઆઈડીસી ફાયર બ્રિગેડના જવાનોએ તાબડતોબ રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યુ હતું. પરંતુ યુવાન બચી શક્યો નહતો. મૃત હાલતમાં બહાર કઢાયો હતો. ઘટના સ્થળે પહોંચેલી પોલીસે મૃતક યુવાનની ઓળખ સઘન પૂછપરછ અને



પુરાવા આધારે કરી હતી. મૃત ૨૨ વર્ષિય યુવાન અતુલ વિનોદભાઈ સોની રહે. ટાંકી ફળિયા સન એવન્યુ વાપી ટાઉન તરીકે કરી હતી. ઘટનાની જાણ બાદ પરિવારજનોમાં ભારે આક્રંદ ફેલાઈ જવા પામ્યું હતું. બે ત્રણ દિવસની સતત રજા હોવાથી બાળકો કિશોરો ખાડી કે નદીમાં નહાવા મસ્તી કરવા પહોંચતા હોય છે. પરંતુ ક્યારેક કાળનો કોળીયો બની જાય તેનું નક્કી નથી એવું આ ઘટનાએ પુરવાર કર્યુ છે.

# નાણામંત્રી કનુભાઈ દેસાઈના નેતૃત્વ હેઠળ પર્યટકો માટે નવું નજરાણું, ઉમરસાડી દરિયાકિનારે આકર્ષક ‘પેડેસ્ટલ બ્રિજ’ તૈયાર

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**

**વાપી, તા.૦૫:** વલસાડ જિલ્લાના પ્રવાસન ક્ષેત્રે વધુ એક છોગું ઉમેરાયું છે.પારડી તાલુકાના ઉમરસાડી દરિયાકિનારે નયનરમ્ય પેડેસ્ટલ બ્રિજનું નિર્માણ કાર્ય પૂર્ણતાના આરે છે. આ બ્રિજ આગામી દિવસોમાં સ્થાનિકો અને પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનવા જઈ રહ્યો છે

બે વર્ષ પૂર્વે રાજ્યના નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ કલેક્ટરને રજૂઆત કરી પ્રવાસનને વેગ આપવા માટે આ બ્રિજની દરખાસ્ત મૂકી હતી. જેને મંજૂરી મળ્યા બાદ વલસાડ માર્ગ અને મકાન વિભાગના સીધા નિરીક્ષણ હેઠળ કામગીરી શરૂ કરવામાં આવી હતી.

સીધુ જોડાણ આ બ્રિજ ગ્રામતળ અને દરિયાકિનારાને સીધો જોડે છે, જેથી પ્રવાસીઓને અવરજવરમાં સરળતા રહેશે.

રવિવારે નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ સહપરિવાર આ બ્રિજની મુલાકાત લઈ કામગીરીનું ઝીણવટભર્યુ નિરીક્ષણ કર્યુ હતું. બ્રિજને હજુ વધુ આકર્ષક બનાવવા માટે સુશોભનની કામગીરી કરવામાં આવશે. આ બ્રિજ વલસાડ જિલ્લા માટે એક ઉમદા પર્યટન સ્થળ સાબિત થશે. બાકી રહેલી કામગીરી પૂર્ણ થયા બાદ ટૂંક સમયમાં જ તેને જનતા માટે ખુલ્લો મુકાશે એવું સ્થાનિક તંત્ર દ્વારા જણાવવામાં આવ્યું હતું.

બ્રિજ હજુ સત્તાવાર રીતે ખુલ્લો મુકાયો નથી, છતાં તેની ભવ્યતા જોઈને અત્યારથી જ સહેલાણીઓ અને સ્થાનિક ગ્રામજનોએ મુલાકાત લેવાનું શરૂ કરી દીધુ છે. લોકોનું માનવું છે કે, આ બ્રિજ બનવાથી ઉમરસાડી બીચની રોનક બદલાઈ જશે અને રોજગારીની નવી તકો પણ ઊભી થશે.

